પ્રકરણ-૩

ગુજરાતની પાળિયા સૃષ્ટિ

પ્રકરણ-૩
ગુજરાતની પાળિયા સૃષ્ટિ

ગુજરાતની પાળિયા સૃષ્ટિ લોકસંસ્કૃતિના પ્રતીકરૂપ છે. સમગ્ર ગુજરાતમાં પાળિયા સ્થાપત્ય જોવા મળે છે. આ પાળિયાઓ તેના ભૂતકાળને પોતાનામાં સમાવીને અડીખમ ઊભા છે. ગુજરાતમાં પ્રાપ્ત પાળિયાઓમાં રણચંગા, પાળિયા, ખાંભી, લાટ, શૂરાપૂરા, સૂરધન, કમળપૂજા અને સતીના પાળિયા તેમજ આદિવાસી વિસ્તારના લાકડા અને પથ્થરોના બનાવેલ વિશિષ્ટ પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા પ્રથા પ્રાચીનકાળથી અસ્તિત્વ ધરાવે છે. એક સમયે જનસમાજમાં પાળિયા પ્રથાનો ખૂબ પ્રભાવ જણાતો હતો.

ગુજરાતમાં ખાંભી અને પાળિયા જે એક વિશિષ્ટ અર્થમાં લેવાય છે તે રીતે રાજસ્થાન અને ગુજરાતમાં કામ થયેલું જણાય છે. અન્ય વિસ્તારો કરતા આ બે રાજ્યોમાં પાળિયાની વીરપૂજાની પ્રથાનો વિકાસ વધારે થયેલો જણાય છે. આદિવાસીઓના પાળિયા વિસ્તાર પ્રમાણે અલગ-અલગ નામોથી ઓળખાય છે. પંચમહાલના ભીલોમાં ગટલા અને ચીર, દક્ષિણ ગુજરાતના વસાવાઓમાં ખાંભા, બનાસકાંઠા અને સાબરકાંઠાના ગરાસિયાઓમાં રિહમ, ગરાસિયા સ્ત્રીના પાળિયા સોકલી અને પુરુષના પાળિયા અગથા તરીકે ઓળખાય છે. તો ડાંગમાં મૃતાત્માની સ્મૃતિને ચિરંતન રાખવા માટે વીરગળની પ્રથા જોવા મળે છે. આ વીરગળને પોતાના પૂર્વજો ગણી તેમની ભાવથી પૂજા કરવામાં આવે છે. આ વીરગળની પૂજા ડાંગના મૂળ વતની રાજવંશીય ભીલોમાં ખાસ જોવા મળે છે. જેને વીરગતિના સ્મારક તરીકે આદિવાસીઓ ઓળખાવે છે. સુરત જિલ્લાના ચૌધરી અને ગામીતોના પાળિયા વેત્રા, વડોદરા વિસ્તારના રાઠવા અને નાયકાઓના પાળિયા ખત્રી અને ચૌધરી ગામીતોના ખત્રુ તરીકે ઓળખાય છે. અકસ્માતે મૃત્યુ પામેલ, ખૂન થયેલ અથવા પુરોહિત કે ગામનો મુખી મૃત્યુ પામે તો તેમની ખત્રી ઊભી કરવામાં આવતી હતી. ગુજરાતમાં મધ્યકાલીન સમયમાં સૌથી વિશેષ વિપુલ પ્રમાણમાં પાળિયા પ્રથા પ્રચલિત થયેલ જણાય છે. આ વીરગતિ પામેલા યોદ્ધાને લગતા પાળિયામાં મોટેભાગે ઘોડેસવાર યૌદ્ધાની આકૃતિ કંડારી હોય છે. સતીના પાળિયાઓ પણ ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં સતીપ્રથા સાતમી-આઠમી સદીમાં સારા પ્રમાણમાં પ્રચલિત હોવાનું સંભવ છે.[૧] તેનો વ્યાપ રાજવી અને ઉચ્ચ કુટુંબોમાં વધારે જોવા મળે છે.

દેશ, પ્રદેશ, પ્રાંત અને એનાયે પેટા વિભાગોના રીત-રિવાજ અને ત્યાં ઉપલબ્ધ કુદરતી સાધનો પર આ પ્રથાનું વત્તુ-ઓછું પ્રચલન અને એમાંયે વિવિધતા દેખાય છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત અને એમાંયે દરિયાકિનારાના પ્રદેશોમાં, જ્યાં કુદરતી પથ્થરની શિલાઓ મળતી નથી ત્યાં આવી શિલાઓ લાવીને આવા સ્મારક બનાવવા મુશ્કેલ હોય છે. તેથી આવા પ્રદેશમાં

આવા પાળિયા જ્વલ્લેજ જોવામાં આવે છે. આથી ઉલટું કચ્છ અને સૌરાષ્ટ્રમાં જ્યાં શિલાઓ ઉપલબ્ધ હોય છે, ત્યાં આવા પાળિયા વધારે જોવા મળે છે. આમાં પણ આ પ્રથા વેપારી કે વણિક વર્ગમાં એટલી પ્રચલિત નથી જેટલી લડાયક કોમો કાઠી, કોળીમાં પ્રચલિત હતી. કચ્છ સૌરાષ્ટ્રમાં સૌથી જૂના પાળિયા મળી આવે છે. ઉપરાંત પોળોના જંગલ વિસ્તારોમાં પણ જૂના પાળિયાઓ પ્રાપ્ત થયા છે. આમ, ઉત્તર ગુજરાત પણ પાળિયાની પ્રાચીનતા ધરાવે છે. મધ્ય ગુજરાતમાં પાળિયાના સ્થાને પાટીદાર જ્ઞાતિમાં તુલસીક્યારો તૈયાર કરાવવાનો રિવાજ હતો. જે તત્ત્વજ્ઞાન પાળિયા રચવામાં છે, તે જ તત્ત્વજ્ઞાન આ તુલસીક્યારો બનાવવામાં રહેલ છે. જે જ્ઞાતિઓમાંથી શાસકો પેદા થયા તેઓમાં પાળિયા ઊભા કરવા કે તુલસીક્યારો બંધાવવાનો, પાળિયારૂપે વીરપુરુષની સ્મૃતિ જાળવવાનો વિચાર સવિશેષ જોવામાં આવે છે.

આ પાળિયા સ્મારકો સમગ્ર ભારતમાં વત્તા-ઓછા તેમજ વિવિધરૂપે દેખાય છે. રાજપૂત યુગના પ્રભાવે આ સ્મારકો વધારે સંખ્યામાં સ્થપાયા છે. પૂર્વ ભારતમાં પાળિયા ભાગ્યે જ જોવા મળે છે. રાજસ્થાન, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, મધ્યપ્રદેશ અને દક્ષિણમાં ખાસ કરીને કર્ણાટકમાં પાળિયા ઘણા લાંબાગાળાથી સ્થપાતા આવ્યા છે. સૌરાષ્ટ્રમાં અગિયારમી સદીના પાળિયાઓ સંગ્રહસ્થાનોમાં જોવા મળે છે. ધૂમલીમાં બારમી સદીના પાળિયાઓ પ્રાપ્ત થયા છે. ઓગણીસમી સદીમાં પાળિયાની સંખ્યામાં વધારો થયેલો જણાય છે. આ પાળિયાઓ મોટેભાગે પોતાના પિતૃઓની સ્મૃતિમાં સૂરધનના સ્વરૂપમાં જ છે. આજે પણ આ પ્રથા છે. નવા પાળિયા નિર્માણ પામે છે અને જૂનાનો નાશ થઈ રહ્યો છે. તેની કોઈ સંભાળ લેતું નથી, આથી તેનો ઇતિહાસ પણ નાશ પામી રહ્યો છે. ગુજરાતમાં આ પાળિયાઓ મોટાભાગના વિસ્તારોમાં જીર્ણ અવસ્થામાં, કોઈક જગ્યાએ ભગ્ન સ્થિતિમાં તો નવા સૂરધનના કે તુલસીક્યારાના સ્મારકો સારી હાલતમાં જોવા મળે છે. આમાં પણ કચ્છ અને સૌરાષ્ટ્ર પાળિયાની બહુલતા ધરાવતા પ્રદેશો છે.

પ્રસ્તુત પ્રકરણમાં પ્રદેશના વિભાગો આલેખનની અનુકૂળતાને ધ્યાનમાં રાખી પાડવામાં આવ્યા છે. અલગ દૃષ્ટિ અને સ્થિતિએ આ વિભાગોમાં ફેરફાર હોવા સંભવ છે.

૩.૧ સૌરાષ્ટ્રના પાળિયા :

સૌરાષ્ટ્રના દરિયાકિનારાના પ્રદેશોમાં સમગ્ર સૌરાષ્ટ્રના ગામો અને તેના પાદરે પાળિયાઓ જોવા મળે છે. ગામને સીમાડે કે શેઢે, ગામના તરભેટે, નદી ઝરણાને કાંઠે અને ધાર ઉપર જ્યાં જુઓ ત્યાં આપણને પાળિયા દૃષ્ટિગોચર થાય છે. આ સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગરના વિસ્તારોમાં પાળિયાઓ જોવા મળે છે. પ્રાચીન અને તત્કાલીન ખાંભીઓની બહુલતાને કારણે આ વિસ્તારને પાળિયાભૂમિ કહી શકાય એટલા પ્રમાણમાં પાળિયાઓ આવેલા છે.

૩.૧.૧ આરંભડાના પાળિયા :

દ્વારકા પાસેના આરંભડામાં જે પાળિયા આવેલા છે તેમાં વહાણની કોતરણી જોવા મળે છે. આનું કારણ એ છે કે અહીંના રહેવાસીઓ ખાસ કરીને વાઘેર વહાણવટી હતા. સાગરી હલ્લામાં એમનામાંથી જે મૃત્યુ પામ્યા હશે તેમની યાદગીરીમાં આ પાળિયા ઊભા કરવામાં આવ્યા હશે. આ પાળિયામાં વહાણના ભાગ એની બનાવટ અને વહાણ ઉપર ફરતો ધ્વજ સુંદર લાગે છે.[૨] અહીંના સંવત ૧૬૨૪ (ઈ.સ. ૧૫૬૮)ના આઠ પાળિયામાં જુદા જુદા સૈનિકોના મૃત્યુ નોંધાયા છે. એ સમયે ગુજરાતમાં છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાનું અને હાલારમાં જામ વિભાજીનું રાજ્ય હતું.[૩] અહીંના અન્ય ખલાસીઓના પાળિયામાં ઘોડા અને અસવારનું શિલ્પ કંડારાયેલ જોવા મળે છે. આ આરંભડા ઓખામંડળમાં આવેલ છે. વિ.સં. ૧૪૬૭ના કીર્તિસ્તંભ લેખ કે ખાંભી લેખ મળી આવ્યો છે. આઠ પંક્તિના આ લખાણની ઉપર શૂરવીરોની હિલચાલ સાથેની વહાણની આકૃતિ કંડારેલી છે. તેની ઉપર પાળિયાની ટોચના ભાગે ઉપસાવેલા ચોરસની અંદર વર્તુળની બે આકૃતિઓ છે, જે સૂર્ય ચંદ્રની હોવાનું સંભવે છે. નૌકાસૈનિકોની યાદમાં આ ખાંભી ઊભી કરાઈ છે.[૪] આ ખાંભી પરના લેખની ભાષા ગુજરાતી છે. લેખની લિપિ પણ ગુજરાતીના અસલી સ્વરૂપવાળી છે. આ લેખમાં સંવત ૧૪૬૭ના (ઈ.સ. ૧૪૧૧) શ્રાવણ વદ ૩ ને વાર બુધ એટલું ઉકેલી શકાય છે.[૫]

૩.૧.૨ ઓસાના પાળિયા :

ઓસામાંથી વિ.સં. ૧૪૩૫ (ઈ.સ. ૧૩૭૮)ના વર્ષનો પાળિયો એક દેરીમાં આવેલો છે. પાળિયાનો અભિલિખિત ભાગ ૧' ૪'' લાંબો અને ૯'' ઊંચો છે. એ જૂનાગઢમાં થાણાદાર મહામલિક મુહમ્મદ સદ્દીકના અને મહારાણા જયસિંહના પુત્ર રાવલ મહિપાલ દેવના શાસનનો નિર્દેશ કરે છે. તેમાં નોંધ છે કે, ઓસા ગામની ગાયોનું રક્ષણ કરતા વિ.સં. ૧૪૩૫ના પોષ સુદ બીજને ગુરુવારે કાઠીઓ સાથે થયેલા યુદ્ધમાં રાવલ કાહ્નનો પુત્ર વણલ મૃત્યુ પામ્યો. આ અભિલેખનું મહત્ત્વ એ છે કે, સ્થાનિક ચુડાસમા રાજાની પહેલા જૂનાગઢના મુસલમાન થાણાનું નામ આપે છે. આપણે જાણીએ છીએ કે દિલ્હીના બાદશાહ મુહમ્મદ તુઘલકે હિ.સં. ૭૬૦ (ઈ.સ. ૧૩૫૦)માં જૂનાગઢ તાબે કર્યું હતું, ને ત્યાંના રાવને ખંડણી આપવા ફરજ પાડી હતી. એમ જણાય છે કે, એણે ગુજરાતના નાઝિમની નીચે સોરઠનો વહીવટ કરવા જૂનાગઢમાં નિયમિત થાણાદાર મૂક્યો હતો. અભિલેખના સમયે બાદશાહ ફિરોઝ તુઘલકે નીમેલો ગુજરાતનો નાઝિમ ફરહત ઊલૂ મુલ્ક રાસ્તિ હતો.[૬] પાળિયામાં બીજો નોંધપાત્ર ઉલ્લેખ કાઠીઓનો મળે છે. ગૌરક્ષા અર્થે પ્રાણ આપ્યાનો ઉલ્લેખ પણ નોંધપાત્ર બાબત છે.

૩.૧.૩ કેશોદ વિસ્તારના પાળિયા :

કેશોદ પાસે કણેરી ગામના નીલકંઠ મહાદેવના પ્રાંગણમાં એક જ પથ્થરમાં બેલાડ પદાતિનો પાળિયો આવેલ છે. કેશોદના ગાંગેચાના ગંગનાથ મંદિરના પ્રાંગણમાં બે ગોવર્ધનના ખાંભા છે.[૭] કેશોદના કેવદ્રામાં મૂળુભા રાઠોડની ખાંભી ગામની પૂર્વ દિશાએ આવેલી છે, જેની સાથે રાયજાદાઓની કથા સંકળાયેલ છે. અહીં કાકાભીની ખાંભી આવેલી છે. તેમનું મૃત્યુ ઈ.સ. ૧૮૬૫માં થયું હતું. ત્યારબાદ કેવદ્રાના ગઢમાં કાકાજીનો પાળિયો સં. ૧૮૮૯માં મૂકવામાં આવ્યો. આ પાળિયો સુરક્ષિત છે. એક જ વ્યક્તિના બે પાળિયા હોઈ શકે તેની સાબિતી કાકાભીના આ પાળિયાથી મળે છે. કાકાભી કાઠીઓના હાથે મરાયા હતા. કેશોદના સોંદરડામાં રાયજાદા અમરસંઘજીનો કમળ પૂજાનો પાળિયો આવેલો છે. શિવમંદિરમાં નાનકડી દેરીમાં તેમની ખાંભી આવેલી છે.[૮]

કેશોદના બાલગામ પાસે ટીલોરીને કાંઠે દાદુતૂર્કનો પાળિયો આવેલો છે. તેની માથે દેરી છે. કેશોદના ચિગરિયાના પાદરમાં ઝાઝરવાળાના માથાનો પાળિયો અને સિલોદરામાં ધડની ખાંભી આવેલ છે. કેશોદના રાણીગપરા પાસે મુસ્લિમભાઈ અને તેની પાછળ સતી થયેલ રબારી બેનની કબરો આવેલ છે. જેને ત્રાંગડશાનો ટેકરો કહેવામાં આવે છે.[૯] કેશોદની આજુબાજુ મેર, કાઠી, આહિર, મૈયા રાજપૂત, હાટી, કોળી વગેરે પ્રજાના અનેક પાળિયાઓ જોવા મળે છે. કરેણીના પાદરમાં ગીગો મૈયો, મેગળને કાંઠે માળેશ્વરની રક્ષા ખાતર ખપી ગયેલા પીઠા હાટી તથા જીવા કારડિયાના પાળિયા છે. ગામની રક્ષા ખાતર વીરગતિને વરેલા હાટીના પાળિયા માળિયા, ચંદવાણા, રૂદલપુરના પાદરમાં આવેલા છે. કેશોદ નજીક લાઠોદરમાં ઈ.સ. ૧૨૬૭ના વર્ષનો ઠક્કર પ્લવંગનો પાળિયો નોંધાયો છે.[૧૦]

૩.૧.૪ કોડીનાર વિસ્તારના પાળિયા :

કોડીનાર પાસે નાનીફાફણી નામનું ગામ છે. અહીં કાંધમરોડ નામના સ્થળ પાસે ત્રણ મોટા પાળિયાઓની નોંધ મળે છે. આ પાળિયાઓમાં ઘોડાને બદલે ઊંટ પર સવારી કરતા લડવૈયા કોતરવામાં આવ્યા છે. રમત-ગમત નિમિત્તે રાજીખુશીથી મેળાવડામાં પોતાનો પ્રાણત્યાગ કર્યો હોય તેવો પાળિયો કોડીનાર તાલુકાના આદપોકર ગામે છે. જેમાં વિસળના દીકરા રાજે કાન્હડદેવના મેળાવડામાં પ્રાણત્યાગ કર્યાની નોંધ મળે છે.[૧૧]

કોડીનાર તાલુકાના રોણાજ ગામે સતીમાં અને ગાયનો પાળિયો પૂજાય છે. તેની પાછળ દંતકથા છે. વર્ષો પહેલાં અહીં એક ચારણ કુટુંબ રહેતું હતું. એમને એક ગાય હતી. ગાય બહુ સારી પણ વિયાણે વરસ દોઢ વરસ વીતી ગયેલું. એમાં ચારણ્ય દોહવા બેઠી ને ગાય ચટકભટક કર્યા કરે. ચારણથી કહેવાઈ ગયું કે તને સાવજ ફાડી ખાય ? ઊભી રહે ને, બનવાકાળે બીજે દિવસે ગાયને ચરવા મોકલી ને એને સાચેસાચ સાવજે મારી નાખી. ચારણ આઈને થયું કે

પોતાના મોઢામાંથી શરાપ નીકળી ગયો, એના આઘાતમાં આ ચારણઆઈનો પ્રાણ છૂટી ગયો. રોણાજમાં ગાય અને આઈનો પાળિયો પૂજાય છે.[૧૨] કોડીનાર નજીકના આણંદપુરની ઉત્તર દિશામાં તોસણના ટીંબાની હનુમાનની મૂર્તિ પાસેના વિક્રમ સંવત ૧૪૮૧ના સંસ્કૃત બાલબોધ લિપિના પાળિયા લેખમાં સોલંકી નાગાજણ ગામની રક્ષા કરતા મરાયો એવી નોંધ પ્રાપ્ત થાય છે.[૧૩]

૩.૧.૫ ધૂમલીના પાળિયા :

ધૂમલી પાસેના કંસારીના દેરા નજીકના એક કીર્તિસ્તંભની નોંધ મળે છે. વિ.સં. ૧૩૪૭ (ઈ.સ. ૧૨૯૦)ના આ લેખમાં રાણશ્રી ભાણ જેઠવાના રાજ્યમાં રાજ શ્રીસમર તથા રાજ ભારમલ વગેરે લડાઈમાં મરાયા એવી નોંધ છે.[૧૪] આ સોનકંસારીના દેરા પાસેના એક વિરલ પાળિયામાં કૂદતા અશ્વ ઉપર રાજકુંવર, અશ્વના પગમાં નાગ અને બાજુના પાળિયામાં પાખરવાળા અશ્વ પર રાજરમણી છે. રમણીવાળો અશ્વ દક્ષિણ મુખે છે. ચૌદમી સદી પૂર્વના આ પાળિયા હાલામણ સોનના માનવામાં આવે છે.[૧૫] નોંધવા જેવું છે કે, ધૂમલી ખાતે થયેલા કોઈ જંગના નિશાન તરીકે વિ.સં. ૧૩૧૮ (ઈ.સ. ૧૨૬૨)ના ચૌદ પાળિયા વાંચી શકાયા છે. વાંચન મોટાભાગનું અસ્પષ્ટ છે. સં. ૧૩૧૮ના ફાગણ સુદિ ૧૫ને મંગળવારે ગ્રહણને દિવસે મરાયેલાના એ પાળિયા છે. જેમાંનો એક પાળિયો વાઘેલા રાજ્યના પ્રતિનિધિ સામંતનો નિર્દેશ કરે છે. એ સમયે ધૂમલીના જેઠવાઓ ઉપર સાર્વભૌમ સત્તા ગુજરાત પાટણના વાઘેલાઓની હતી. એ વિશે આજે બેમત નથી. અર્જુનદેવ વાઘેલાનો આ પ્રતિનિધિ હતો. પાળિયામાં સામંતસિંહનો નિર્દેશ હોઈ કદાચ સામંતસિંહ અને રાણા વચ્ચેના કોઈ વિગ્રહને કારણે થયેલાં મરણોના આ પાળિયા નિર્દેશ કરતા હોય. બાકી અર્જુનદેવની સત્તા હોય, સિંધના નગર સમૈથી ઉન્નડ અને બામણિયોજી છેક સૌરાષ્ટ્રમાં ધૂમલીનો નાશ કરી જાય એ શક્ય નથી. હકીકતે એ સમયે ધૂમલીનો નાશ થયો નથી.[૧૬]

ધૂમલીમાં રામપોળ દરવાજા બહાર ઘણા પાળિયાઓ છે. આ પાળિયાઓમાંથી ઘણા પડી ગયેલા અને કેટલાંક ભાંગી ગયેલા છે. શૈલેસર તળાવ તરફ જવાના મુખ્ય રસ્તા વચ્ચે આ પાળિયા આવેલા હોવાથી લોકો અને ઢોર તેમના પર પગ મૂકીને જતા. હવે આ બધા પાળિયાઓ વ્યવસ્થિત પ્લેટફોર્મ પર સ્થાપિત કરવામાં આવ્યા છે.

કર્નલ ટોડે ઈ.સ. ૧૮૨૨માં ધૂમલીની મુલાકાત વખતે તેમણે પાંચ જેટલા પાળિયાના લખાણો ઉકેલી નોંધ્યા હતા. જેમાં (૧) સંવત ૧૧૧૨ કાર્તિક માસની ૧૩..... ભરુગ, (૨) સંવત ૧૧૧૨ પોષ માસની ૭... ધાલોત, (૩) સંવત ૧૧૧૮ ફાગણ સુદિ ૧૫ સોમવાર મહારાજ હરિસિંહ જેઠવા (૪) સંવત ૧૧૧૯ કાર્તિક માસની ૬ વીર... જેઠવા અને (૫) ....વિકટ, ઉમરા અને વેણજી જેઠી એ લખાણ ટોડે વાંચેલા. જોકે હાલ આ પાળિયા પ્રાપ્ત નથી. હાલ અહીં ૪૯ પાળિયાઓ

આવેલા છે. આ બધા પાળિયાઓ યોદ્ધાઓના છે. એમાં પાંચ સ્વરૂપ દેખાય છે. (૧) ઢાલ તલવાર સાથે ઊભેલા પદાતિ (૨) ઢાલ તલવાર સાથે ઘોડેસ્વાર (૩) તીર કામઠાથી લડતા પદાતિ (૪) ધનુષ્ય બાણ સાથે ઘોડેસ્વાર (૫) પાખર નાખેલા ઘોડા પર છત્ર ધારણ કરીને બેઠેલા યોદ્ધા. અહીંના મોટા ભાગના પાળિયા પર લખાણ છે, પરંતુ લખાણ અથવા અક્ષરો ખવાઈ ગયા છે.[૧૭]

સ્ત્રીએ જ્યાં ચૂડલી ભાંગી હોય તે સ્થળ અને જ્યાં સતી થઈ હોય તે સ્થળ એમ બંને સ્થળે ફાળા કે હાથ મૂકાય છે. મેહઉજળીમાંની ઉજળીનું ફળું ધૂમલી પાસે મોખાણની સીમમાં છે. તો ઉજળી સતી થઈ તેનું સ્થાન પોતાના પિયર કાઝવદરીમાં પોરબંદર પાસે છે. સોનકંસારીના ઝઘડામાં બ્રાહ્મણો મરાણા તેના પાળિયા ધૂમલીમાં છે. ગોવર્ધનની ખાંભીઓ પણ ધૂમલી આસપાસ જોવા મળે છે. ધૂમલીમાંના કેટલાંક પાળિયા વિ.સં. ૧૩૧૮ (ઈ.સ. ૧૨૬૨)ના ફાગણ સુદ પૂનમને મંગળવારનો દિવસ ધરાવે છે. સંભવ છે કે હોળીના દિવસોમાં કોઈ લડાઈ થઈ હોય.

૩.૧.૬ ચોટીલા વિસ્તારના પાળિયા :

ચોટીલાના એક ખેતરમાં ચારણ કરણા ગોલની સમાધિની ડેરી અને ખાંભી છે. આ ચારણની ભેંસો ચોટીલાના ટીલાત દરબાર દેવાયત ખાચરના માણસો, કાઠીઓ ચોરી લાવેલ અને દરબારે ચારણને ભેંસો પાછી ન દીધી એટલે કરણા ગોલ ચારણે ડગલો પહેરી ત્રાગું કરેલું. ત્યારથી ચોટીલામાં ચારણો રહેતા નથી. દેવાયત ખાચરનો વંશ રહ્યો નથી. ચોટીલાના નવાગામની સીમમાં એક ધાર ઉપર વીકાની છતરડી આવેલી છે. પાળિયા, છતરડી જીર્ણ થયેલા છે. દંતકથા છે કે આ ડેરી વીકા રાયજાદા કે સરવૈયા વીકા રા'માંડલિકના કાકા જે બહારવટે હતા તેની હશે.[૧૮]

ચોટીલા પાસેના રેશમિયામાં આઈ વેજીની ખાંભી આવેલ છે. જેની સાથે રેશમિયાંની કથા સંકળાયેલ છે. નજીકના ભેડાધારમાં પદાતિનો પાળિયો છે. જેના અક્ષરો ખવાઈ ગયા છે. ચોટીલામાં ઘણા પાળિયાઓ છે, જેમાં કાળા ખાચરના મોટા પુત્ર સામંત ખાચરે ચોટીલા, સેજકપુર, શાહપુર જીત્યા હતા. સામંત ખાચરના પુત્ર નાગ ખાચરે જગશિયા પરમારનું માથું વાઢી લીધું. સંવત ૧૬૨૨ (ઈ.સ. ૧૫૬૬)માં ચોટીલામાં પોતાની ગાદી સ્થાપી અને ચામુંડા માતાજીને પોતાના કુળદેવી સ્થાપ્યા. આ જગશિયા પરમાર સાથેની કૂટનીતિ ભરેલી લડાઈમાં તે નાગ ખાચર અને બીજા પચાસ કાઠીઓને મારી નાખ્યા તેમના પાળિયા ચોટીલામાં હતા. જોકે સમય જતા પેઢી દર પેઢી પાળિયાઓની ઓળખ ભૂલાતી ગઈ છે. આજે નાગ ખાચરનો પાળિયો ઓળખાતો નથી.[૧૯] ચોટીલામાં ગઢના દરવાજે પરમારોની ખાંભીઓ હતી. પણ આજે તે ખાંભીઓ જમીનમાં દટાઈ ગઈ છે. ફક્ત ખાંભીઓનો ટોચનો ભાગ દેખાય છે.

રેશમિયાંની નજીક ભેડાધાર ઉપર રોમન શૈલીના પાળિયા ઊભા છે. રોમન શૈલીના ગણાતા ચાર પાળિયાઓ ઘણે અંશે પદાતિ પાળા સૈનિકના, કોઈ પાળા વીરના છે. તીરકામઠાને બદલે રણમાં વેરી ઉપર ઘા વીંઝતા ઢાલ તલવારવાળા જણાય છે. આ પાળિયા ૯ થી ૧૨મી સદી સુધીના હોઈ શકે છે. જયમલ્લ પરમાર આ પાળિયાઓને ઈ.સ. ૧૦૦૦ આસપાસના ગણાવે છે.

૩.૧.૭ જસદણના પાળિયા :

જસદણ નજીકના ગઢમાં ઈ.સ. ૨૦૫ની સાલનો પાળિયો છે. તેના લેખમાં રાજકર્તા માટે મહાક્ષત્રપ, રાજા, સ્વામી વગેરે બિરુદો વપરાયેલા જોવા મળે છે. પાળિયા માટે આમાં શિલાયષ્ટિ શબ્દપ્રયોગ મળે છે. તેના પરથી લાગે છે કે તત્કાલીન સમાજમાં શિલા કે લાંબા પથ્થરોની લષ્ટિ કે યષ્ટિઓ, પથ્થની મોટી લાટ ઊભી કરવાનો રિવાજ પ્રચલિત હોવા તરફ અંગુલિનિર્દેશ કરે છે.[૨૦] કચ્છનો લાખો કુલાણી કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્ર અને રાજસ્થાન સુધી સત્તા ધરાવતો સુપ્રસિદ્ધ રાજવી થઈ ગયો. પાટણના મૂળરાજ સોલંકીને પણ તેણે કેટલીકવાર હરાવ્યો હતો, પરંતુ અંતે સૌરાષ્ટ્રના આટકોટ પાસે થયેલા યુદ્ધમાં તે કામ આવ્યો એવી લોકમાન્યતા છે. તે લાખા કુલાણીનો પાળિયો આટકોટમાં છે અને લોકો અત્યારે પણ દર વર્ષે એને કાળી ચૌદસના દિવસે કસુંબો ચડાવે છે. ડાયરો ભરાય છે. આ પાળિયો પોતાની સંજ્ઞા ગુમાવી બેઠો છે. તેની નજીકમાં લાખા કુલાણીના ભાણેજ રાખાઈશની ખાંભી પણ છે. સાથે કપૂરો મેઘવાળના પાળિયાઓ આવેલા છે.

વીકો ખાચર અમદાવાદ સુબાની ઢાલે ગયો ત્યારે જસદણ માથે જસા ખુમાણે ચડાઈ કરી અને ભારે ધીંગાણું થયું. જેમાં જસમત કુંભાર કામ આવી ગયો. એનો પાળિયો આજે જસદણના દરવાજે જસમત બાપાનો પાળિયો નામે જોવા મળે છે. જસદણનું તોરણ બાંધનાર જસમત તેમજ એના બે મિત્રો કાળુ અને પીરુ પણ શહીદ થયેલાં જેમની દરગાહો ગઢમાં છે. જસમતના વંશજો આજે પણ દર વર્ષે રાજકોટ ગોંડલથી આવે છે. તેઓ જસદણનું પાણી પીતા નથી. કારણ કે જે ધરતી પર પોતાના વડવાનું બલિદાન અપાયું હોય તે ધરતીનું પાણી અગ્રાહ્ય ગણવામાં આવે છે એવી માન્યતા પ્રચલિત છે. વીકા ખાચરને પોતાના મિત્ર જસમતના અવસાનથી દુઃખ થાય છે અને એનો પાળિયો માંડે છે.[૨૧]

૩.૧.૮ જામનગરના પાળિયા :

જામનગર, નવાનગરની ગાદી માટે રણમલજીની રાણીની વહારે ધાનાર સૂબેદાર કુત્બુદ્દીનની ફોજ સાથે શેખપાટ પાસે યુદ્ધ થયું. તેમાં રણમલજીનો ભાઈ રાયસિંહજી મરાયો તેનો દિવસ ૧૬-૨-૧૬૬૩ ત્યાંના બે પાળિયા લેખોમાં નોંધાયો છે.[૨૨] ભૂચરમોરીનું યુદ્ધ સંવત ૧૬૪૭માં થયેલું, જ્યારે એ યુદ્ધમાં કામ આવી ગયેલ નાથાજી સૂત રાસોજીનો પાળિયો જામનગરના મોડા

ગામમાં સંવત ૧૭૯૭માં મંડાણો.[૩૩] આમ, ઘણા વર્ષો પછી પણ પાળિયાઓ મંડાતા હોય છે. જામનગર ખરેડીમાં લોમા ખુમાણની ખાંભી અને ડેરી આવેલા છે. જામનગર પાસેના હડિયાણામાં એક સાથે ચાર સતીઓના પાળિયા છે. જેમાં સતીના કોણી સુધીના હાથ દર્શાવવામાં આવ્યા છે. જામનગરના બાણુગરમાં એક બ્રાહ્મણ કન્યા પોતાના ભાવિ પતિ પાછળ સતી થઈ તેનો પાળિયો આવેલો છે. જામનગરના હાલારમાં ખીમરા અને લોડણની દેરી અને ખાંભીઓ છે. ત્યાં માનતાઓ આવે છે. અહીં ભાદરવી અમાસે મેળો ભરાય છે.

જામનગરમાં રાણાનું રાજ્ય હતું. આ જામનગરના નાગેશ્વરના મંદિર પાસે જેઠવાઓની ઘણી ખાંભીઓ હતી. શહેરનું પરું વસવાથી ખોદાઈને વીંખાઈ ગઈ છે. છતાં જેઠવાઓની ઘણી ખાંભીઓ મોજૂદ છે. રાણાના રાજ્યના અવશેષ તરીકે નાગેશ્વર મહાદેવના મંદિર પાછળ જૂનું વિશાળ મંદિર જેઠવાઓની કુળદેવી વીસોત માતાનું હાલ જોવા મળે છે. જે રાણાના રાજ્ય વખતનું છે. વીર પુરુષ અશ્વ પર અને સાથે એક સતીનો જમણો હાથ એવો વીરયુગલનો પાળિયો જામનગરના નાગનામાં છે. હાલારમાં કોઈ કોઈ સ્થળે ઢોલિયા ઘાટની કબર પાસે સતીના હાથનો પાળિયો જોવા મળે છે. મુસ્લિમ રિવાજ પાળનાર વીર અને સતીધર્મ પાળનાર રમણીના આ સ્મારક છે. આજે પણ જામનગરમાં પાળિયાઓ જોવા મળે છે. જેમાં ઘણી છતરડીઓ અને દેરીનો પણ સમાવેશ થાય છે.

૩.૧.૯ જૂનાગઢના પાળિયા :

જૂનાગઢ સંગ્રહાલયમાં સુરક્ષિત પાંચ શિલાલેખો ૧૯૬૪ સુધી અપ્રસિદ્ધ હતા. હરિશંકર શાસ્ત્રીએ સૌ પ્રથમ વખત આ લેખો પ્રસિદ્ધ કર્યા. પ્રથમ, જેનું પ્રાપ્તિસ્થાન જ્ઞાત નથી એવો છ પંક્તિનો એક લેખ વિક્રમ સંવતના વર્ષ ૧૨૩૦ (ઈ.સ. ૧૧૭૪)નો છે. સોલંકી રાજસત્તા સમયનો આ પાળિયાલેખ બે કારણસર અનન્ય છે. એક તો એ કે આ રાજવંશના પાળિયાલેખ બહુ સચવાયા નથી. બીજું કારણ એ કે આ લેખ હાથ જોડેલી અને દ્વિભંગ મુદ્રામાં ઉભેલી પુરુષાકૃતિથી યુક્ત છે. એમ જણાય છે કે આ લેખ કુમારપાળના સમયનો છે.[૩૪]

જૂનાગઢ નજીકના પરબડીમાં પંડ્યા હરગોવનની પુત્રી પુરબાઈ સાથે પરમાણંદ જોષી પરણેલા. આ પરમાણંદ જોષી નાંદરખીમાં મરાયા ત્યારે તેના સમાચાર પરબડી મળતાં પુરબાઈને સત ચડ્યું અને તેઓ પરબડીમાં સતી થયા. તેમણે ગામને દરવાજે થાપા ચોડેલા તે હજુ જાળવી રખાયા છે. પુરબાઈ સતી થયા તેમનો પાળિયો છે. આ પાળિયામાં પંજાથી ખભા સુધીનો હાથ કોતરેલો છે. તેની નીચે લખાણમાં, પંડ્યા હરગોવનની પુત્રી પુરબાઈ તે પરમાણંદ જોષી..... સંવત ૧૭૩૭ (ઈ.સ. ૧૬૮૧) કારતક સુદી ૨ એટલું ઉકલે છે.[૩૫] આજે તેના પર સિંદૂર વગેરે હોવાથી લેખ સ્પષ્ટ જણાતો નથી.

જૂનાગઢ માણાવદરના વાઘેલાણામાંથી બે પાળિયાલેખ પ્રાપ્ત થયા છે. વાઘેલાણામાં કૂવા પાસે ખોડેલા બે પાળિયા પર લેખ કોતરેલા છે. આ બંને લેખ એક જ મિતિના છે. વિક્રમ સંવત ૧૪૭૧ (ઈ.સ. ૧૪૧૫)ના ભાદ્રપદ વદિ ૪ ને શનિવારના છે. લેખ રાજા મેલિગના રાજ્યકાલના છે. બંને લેખ ધામલીયા જ્ઞાતિના બે માણસોના વાઘેલાણામાં થયેલ મૃત્યુની નોંધ આપે છે.[૩૬] ધારાતીર્થે મરાણા તેમ કોતરાયેલ જણાય છે.

જૂનાગઢ દાતરાણામાં નાગબાઈનું મંદિર અને પાળિયો છે. જૂનાગઢના નવાબી મકબરા પણ રાજકુટુંબના અવસાન થયેલ સભ્યોના સ્મારક છે. જૂનાગઢ જિલ્લાના સોંદરડા ગામના રાજવી અમરસિંહે પોતાને કર્તવ્યપાલનમાં અસમર્થ જોઈ મહાદેવના મંદિરે જઈ ગળા ઉપર તલવાર ગોઠવી માથું શિવલિંગ ઉપર પડે તે રીતે કમળપૂજા કરી દેહત્યાગ કરેલો. જૂનાગઢના ગામ વાગોદડના દરબાર ફકીરવાલાએ પણ શિવલિંગ ઉપર પડે તે રીતે કમળપૂજા કરી દેહત્યાગ કરેલો. જૂનાગઢના લોઢવામાંથી પાળિયાલેખ પ્રાપ્ત થયો છે. એ વાજા રાજા રામદેવના રાજ્યકાલ દરમ્યાન વિ.સં. ૧૪૯૯ (ઈ.સ. ૧૪૪૨)માં લોઢવા ગામમાં વાજા યોદ્ધાનું મૃત્યુ થયું તેની નોંધ આપે છે. જૂનાગઢના અવાણિયામાંથી પણ પાળિયા અને પાળિયાલેખો પ્રાપ્ત થયા છે.

૩.૧.૧૦ દ્વારકાના પાળિયા :

દ્વારકા ઓખામંડળના પ્રદેશમાં મળતા પાળિયાઓ પૈકી જૂનામાં જૂના પાળિયા ક્ષત્રપકાળની યષ્ટિઓ ગણાય છે. દ્વારકામાં રેલ્વેના પાટા નજીક આવી બે યષ્ટિઓ જોવા મળે છે. મીઠાપુર પાસેના ભીમરાણા ગામના રણક્ષેત્રમાં ખાંભી આવેલી છે. એવું અનુમાન થાય છે કે દરિયાઈ બારી વાટે જૂનાકાળમાં આરબ લોકો વહાણ માર્ગે હલ્લો લઈ આવ્યા હશે. એ પરદેશી હલ્લાને હટાવવા જે યુદ્ધ ખેલાયું તેના સ્થળને બતાવતી આ ખાંભી હોઈ શકે. લગભગ ચાર ફૂટ ઊંચી ખાંભીની ટોચને દેવળના શિખરનો આકાર આપવામાં આવ્યો છે. ખાંભીમાં તલવાર અને ઢાલવાળો પદાતિ કોતરાયેલો છે. યોદ્ધાએ સાદુ ધોતિયું પહેર્યું છે. તેના શરીર પર સુશોભિત પછેડી પહેરેલી જણાય છે. કેડ પર ભેટ બાંધેલી છે. તેના પરના લેખના અક્ષરો બાળબોધ લિપિના છે.[૩૭] લિપિ પરથી અનુમાન કરી શકાય છે કે આ ખાંભી સાતમી સદી પછીની હશે.

વાઘેર સરદારોના સંવત ૧૬૬૧ (ઈ.સ. ૧૬૦૫)ના પાળિયા દ્વારકાના જ્ઞાન મંદિર પાસે જોવા મળે છે. અહીંના ભથાણા યુદ્ધક્ષેત્રમાં જસરાજનો પાળિયો આવેલ છે.[૩૮] દ્વારકામાંથી લોહાણા ઠક્કર બે પુરુષોના અને રાજગોર બ્રાહ્મણોના બે પાળિયાલેખ પ્રાપ્ત થયા છે. દ્વારકામાં ગોમતીના કાંઠે પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયાઓમાં મોટાભાગના જીર્ણ અવસ્થામાં છે. તેમના નીચે લેખો છે, જે ઘસાઈ ગયા છે. દ્વારકામાં ગુગળી ભાઈઓ અને એક સતીનો પાળિયો છે. તેમાં એકમાં ૧૮૫૭ વંચાય છે. એક અન્ય પાળિયામાં સાધુ પુરુષે પોતાનું બલિદાન આપ્યું

હોય તેમ જણાય છે. અહીંના પુરુષોત્તમ મહારાજના મંદિર તરીકે ઓળખાતા મંદિરમાં એક પ્રાચીન પાળિયો છે, જે સાક્ષી ગોપાળની પ્રતિમાની બેઠક નીચે છે. પાળિયામાં સૂર્ય-ચંદ્રની આકૃતિઓ નથી. વીર પુરુષ ઘોડા પર બેઠેલ જણાય છે. તેમાંનો લેખ આ પ્રમાણે છે.

श्री गणेशाय नमः । संवत ६८xx वर्तमाने
पोष मासे xxxx तिथौ श्री भृगुवासरे xxx
बोघा शार्दल xxxx ।

સાક્ષી ગોપાલના મંદિરના રક્ષણ માટે તેણે પ્રાણ આપ્યાનું લોકો જણાવે છે. નજીકમાં સંવત ૧૯૬૬નો પરંપરાગત પાળિયો આવેલો છે.[૨૯] સાક્ષી ગોપાલ મંદિર આગળ જતા પગથિયા પાસે સુંદર ચૌલુક્યકાલીન શિલ્પ ધરાવતી વિશાળ ૬ x ૬ ની ખુલ્લી છતરડી નીચે બે રાજગર બ્રાહ્મણોના પાળિયા છે. તેમાં પદાતિ ને સૂર્ય-ચંદ્રના પ્રતીક છે. પાળિયા પરના લેખમાં સંવત ૧૮૮૯ (ઈ.સ. ૧૮૩૩) અને રાજગર જેઠા એટલા શબ્દો એક પાળિયામાં વંચાય છે.[૩૦] દ્વારકામાં એક અન્ય છતરડીમાં વિશિષ્ટ પાળિયો છે. તે ખૂબ નાનો છે. તેમાં અશ્વારૂઢને દાઢીવાળો કોતરવામાં આવ્યો છે. ખૂબ મોટું માથું અને ટૂંકું શરીર એ આ શિલ્પની વિશિષ્ટતા છે. બંને હાથમાં હથિયાર છે. તેની પાઘડી, પોશાક વગેરે ઉપરથી તે ચારણ અગર ભાટનો પાળિયો હોવાનું માની શકાય. લેખમાં સંવત ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) વંચાય છે. દ્વારકામાં એક છતરડીમાં માથોડું ઊંચો સતીનો પાળિયો છે. લોકોક્તિ પ્રમાણે આ લાજબાઈનો પાળિયો છે. અહીં દ્વારકાધીશના મંદિરના પગથિયા ચડતા આશરે પંદરથી વીસ પાળિયાઓ આવેલા છે, જે પરંપરાગત શિલ્પ ધરાવે છે. આ પાળિયા ગુગળી અને અબોટી બ્રાહ્મણોના માનવામાં આવે છે.[૩૧] દ્વારકામાં સતીના પાળિયાઓ પણ આવેલા છે. સતી ધોરી કાકીનો પાળિયો સોનીઓમાં પૂજાય છે. દ્વારકામાં સાદી છતરડીમાં બે પાળિયાઓ ઊભા છે. તે વાઘેરોના માનવામાં આવે છે. લોકવાયકા પ્રમાણે સમૈયા માણેકના પુત્ર મૂળુ માણેક બીજો અને તેના સાથીના આ પાળિયા છે. તેની પાસે સતીઓના નવ પાળિયાઓ આવેલા છે.

૩.૧.૧૧ નગીચાણાના પાળિયા :

જૂનાગઢના નગીચાણામાં ગામના પ્રવેશદ્વાર પાસે આવેલ મહાદેવના મંદિર નજીક વિક્રમ સંવત ૧૪૩૪ (ઈ.સ. ૧૩૭૭)ના બાલબોધ લિપિના પાળિયાલેખમાં રાજા જયસિંહદેવનું વિજય રાજ્ય હતું ત્યારે પટેલ સોમાનો દીકરો આહીર સાંગો ગામનું રક્ષણ કરતા મૃત્યુ પામ્યો તેવી નોંધ છે.[૩૨] અહીં ગોસાની દેરી પાસેના વિક્રમ સંવત ૧૪૮૯ (ઈ.સ. ૧૪૩૩)ના ગુજરાતી લિપિના પાળિયાલેખમાં પીઠીયા પટગુલનો પુત્ર સાબરશી મૃત્યુ પામ્યો તેની પાછળ તેની સ્ત્રી મહી સતી થઈ.[૩૩] તેવી નોંધ પ્રાપ્ત થાય છે. નગીચાણામાં ગોસલાની દેરી પાસે પૂર્વાભિમુખ પાંચ પાળિયા છે. એમાં અક્ષરો માથે બાંધેલી ચાલુ લીટીએ જૂની નાગરી લિપિમાં કોતરેલા છે. તેમાંના વિક્રમ સંવત ૧૫૪૦ (ઈ.સ. ૧૪૮૪)ના પાળિયાનો લેખ આ પ્રમાણે છે.

१. संवत १५४० विरर्षे मास चै-
२. त्र सुदि ६ छठि वार बुधे
३. पातसाहश्रीः मिहिमूंद
४. विजियराजे नगेचाणा-
५. ग्रमे पीठीआ मूंजा
६. सुत धसरा गायिनी
७. बाहरि मरण दीधूं [३४]

આ લેખ પરથી ગાયોના રક્ષણ માટે વહોરેલા મૃત્યુની માહિતી પ્રાપ્ત થાય છે. વિ.સં. ૧૪૮૯ના નગીચાણાના પાળિયામાં પીઠીઆનો ઉલ્લેખ છે. તે કદાચ અત્યારે પીઠવા તરીકે ઓળખાતી શાખા હોઈ શકે.

નગીચાણામાં ગોસાની દેરી પાસેના વિક્રમ સંવત ૧૫૯૦ (ઈ.સ. ૧૫૩૪)ના જૂની ગુજરાતી લિપિના પાળિયાલેખમાં પાદશાહશ્રી બહાદુરશાહના વિજય રાજ્યમાં પીઠીઆ વાસંગ સુત આણંદ સંગ્રામમાં મરાણાની નોંધ પ્રાપ્ત થાય છે. અહીંના વિક્રમ સંવત ૧૫૬૯ (ઈ.સ. ૧૫૧૩)ના પાળિયામાં બાદશાહશ્રી મદાફરશાહના રાજ્યમાં પીઠીઆ મુંજા સુત વાછા સંગ્રામમાં મરાણાની નોંધ છે. વિક્રમ સંવત ૧૫૪૭ (ઈ.સ. ૧૪૯૧)ના પાળિયામાં પીઠીઆ વાસંગ સુત સુચંદ્ર સંગ્રામમાં મરાણો એવી નોંધ છે.[૩૫] વિ.સં. ૧૫૫૯ (ઈ.સ. ૧૫૦૩)ના નગીચાણાના પાળિયામાં પીઠીઆ વાસંગ સુત અરશી સંગ્રામમાં મરાણાની નોંધ આપે છે. ગામના ચોરા પાસેના વિક્રમ સંવત ૧૭૫૮ (ઈ.સ. ૧૭૦૨)ના પાળિયામાં બાદશાહ ઔરંગઝેબના રાજ્યમાં પીઠીઆ વેજાણંદ સુત રણમલે સંગ્રામમાં શરીર પાડ્યું એવી નોંધ છે. વિક્રમ સંવત ૧૭૭૯ (ઈ.સ. ૧૭૨૩)ના પાળિયામાં પાદશાહશ્રી ફરકશાહના રાજ્યમાં કામળીઆ દેવાણંદ સુત દેવાત સંગ્રામમાં મરાણા[૩૬] એવી નોંધ પ્રાપ્ત થાય છે. નગીચાણાના પાદરમાં ગોરાંદેનો પાળિયો છે તેની પાછળ લાખણશીની કથા સંકળાયેલી છે.

૩.૧.૧૨ પોરબંદરના પાળિયા :

પોરબંદરમાં સુદામા મંદિરના પટાંગણમાં વિક્રમ સંવત ૧૬૩૦ (ઈ.સ. ૧૫૭૪)નો રાણા રામદેવજીનો પાળિયો આવેલો છે. તે રાણપુરમાં રહીને રાજ કરતા હતા. તેમના મામા નવાનગરના જામ સતાજીએ દગાથી તેમનો ઘાત કરેલો. રામદેવજીના મૃત્યુ સાથે જ રાણપુર ઉપર જામનું લશ્કર આવી પડ્યું અને યુવરાજ ભાણજી પોતાના કુટુંબ સાથે રાણપુર છોડી છાયા તરફ આવતો રહ્યો. આ રખડપટ્ટીમાં ભાણ મૃત્યુ પામતા તેની વિધવા રાણી કલાબાઈએ રાજમાતા તરીકે વહીવટ હાથમાં લીધો અને પોતાના ત્રણ પુત્રોમાંથી મોટા ખીમાજીને છાયાની ગાદીએ બેસાડ્યો. ખીમાજીએ ગાદીએ આવ્યા પછી પોતાના દાદાનો આ પાળિયો સ્થાપિત કર્યો

હતો.[૩૭] પોરબંદરના કલાગુરુ માલદેવભાઈના ફળિયામાં કેશવાબા રાણા ફોજદારનો કલાત્મક ખાંભો છે.

પોરબંદર આસપાસના વિસ્તારમાં વણજારા સમુદાયની બે સ્ત્રી સતીઓના પાળિયાની નોંધ મળે છે. પાળિયામાં સંપૂર્ણ આકૃતિ કોતરવામાં આવી છે. સ્ત્રીના માથા પર દૂધપાત્ર અને વલોણાની કોતરણી પણ કરાય છે. આ શિલ્પમાંથી તેમના સામાજિક દરજ્જાનો ખ્યાલ આવે છે.[૩૮] આમ, આ વિશિષ્ટ પ્રકારનો પાળિયો ગણાવી શકાય છે.

પોરબંદરના છાયામાં કમળપૂજાનો પાળિયો આવેલો છે. પોરબંદર પાસે કુછડી કાટેલામાં બેલાડ પાળિયા છે. એક જ પાળિયામાં બે અશ્વો અને તેના ઉપર બે અસવારો કંડારેલા છે. પોરબંદર પાસેના ઓડદરમાં દીપડો ખભે વળગ્યો હોય તેવો રબારીનો પાળિયો આવેલો છે. પોરબંદર નજીક કપડાં ધોવા જતા ડૂબીને મર્યો હોય તેવો ધોબીનો પાળિયો આવેલો છે. સામાન્ય રીતે પાળિયામાં એક ફલકમાં અંકન હોય છે. એમાં ચિત્રની જેમ પૃથ્વી અને સ્વર્ગ કે એવી બે જુદી વાત એક ફલકમાં બે ભાગ કરી દર્શાવી હોતી નથી. જ્યારે પોરબંદરના મેખડી ગામના એક પાળિયામાં ઉપર અને નીચે બે ફલક બનાવી ઉપરના ફલકમાં શિવલિંગની પૂજા કરતો વીર પુરુષ છે. કદાચ એની પાછળ પાળિયો કોતરનારે મૃત્યુ બાદ મૃતક યોદ્ધો શિવલોકમાં જઈ શિવની પૂજામાં લીન બન્યો એમ દર્શાવવાનો હેતુ હોય.[૩૯] પોરબંદરમાં એક સાધુએ પોતાના પ્રિય વાંદરાની ખાંભી ઊભી કરાવ્યાની નોંધ પ્રાપ્ત થાય છે.

પોરબંદરના વછોડામાં એક મકાનના ફળિયામાં કેટલાંક પથ્થરો પડ્યા છે. જેના પર સિંદૂર લાગેલો દેખાય છે. અંગ્રેજો સામે લડાઈ કરનાર મૂળુ માણેક અને એના ચાર સાથીદારો મરાયા હતા, તેનું છેલ્લું આશ્રયસ્થાન દલિત હરિજનનું ઘર હતું. ત્યાંથી તેઓ અંગ્રેજ સિપાહીઓ સાથે લડ્યા હતા.[૪૦] પોરબંદરના કાંટેલામાં પાળિયાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ પાળિયાઓમાં ઊંટ સવારોના પાળિયાની સંખ્યા વધારે છે. પોરબંદરના દરિયાકિનારા નજીક કોટિયા શાખાના એક બહાદુર ખારવાનો પાળિયો છે. જે વાસની આબરૂ માટે લડ્યો ને મરાયો. તેને આજે કોટિયા શાખાના ખારવાઓ માનભેર પૂજે છે. પોરબંદરના સુરતાનજીના ચોરા પાસે વિ.સં. ૧૨૪૫ (૧૩૮૯)ના ગદ્ધેખાંભીની નોંધ પ્રાપ્ત થાય છે. પોરબંદરના મીતિમાં ચારણ કન્યાઓ રોઝડા માટે સતી થયેલી તેના પાળિયાઓ અહીં છે. પોરબંદરના માળેશ્વરમાં શિવલિંગ અને ત્રિશૂળવાળો સાધુનો પાળિયો આવેલો છે. કોલીખડામાં કલાભગતની ડેરી અને મૂર્તિ આવેલા છે. પોરબંદરના ઓડદર પાસે નાગબંધ કોતરેલા વિશિષ્ટ પાળિયાઓ આવેલા છે. પોરબંદરથી પશ્ચિમ કંઠાર વિભાગમાં છેક મિયાણી સુધી દરેક ગામના પાદરે પાળિયાઓ જોવા મળે છે. તેની સાથે દંતકથાઓ સંકળાયેલી છે.

૩.૧.૧૩ કુલકાના પાળિયા :

જૂનાગઢના કુલકામાં વિક્રમ સંવત ૧૪૪૮ (ઈ.સ. ૧૩૯૨)નો મસાહની જાતના સાયાના દીકરા લાખાનો એક પાળિયો છે. તેણે કુલકા તળાવને કાંઠે એક મંદિર બંધાવ્યું હતું. પાળિયા પર 'વિજયી શિવગણના રાજ્યમાં ઊભો કર્યો' એમ નોંધાયું છે. આ શિવગણ તે ભુવાટીંબીના લેખનો શિવગણ તે એક જ હશે, તે સોમનાથનો કોઈ વાજા રાજા હશે. વળી ત્યાં એક સંવત ૧૪૭૫ (ઈ.સ. ૧૪૧૯)ની સાલનો બીજો પાળિયો છે. તેમાં લખ્યું છે કે પરમાર મરૂ હરિયાનો દીકરો પરમાર રાજ કશીઆ ગામના ઢોર તથા સ્ત્રીઓનું રક્ષણ કરતા મરણ પામ્યો હતો.[૪૧] કુલકાના વિક્રમ સંવત ૧૪૪૩ (ઈ.સ. ૧૩૮૬)ના પાળિયામાં રાજા શવગણના વિજય રાજ્ય દરમ્યાન પરમાર જ્ઞાતિના મસાહણી લખણના સુતના મૃત્યુની નોંધ છે. કુલકાના પાળિયાઓમાં પરમાર અને મસાહણી બંને અટકનો ઉલ્લેખ એક સાથે મળે છે. અહીંના વિ.સં. ૧૪૪૮ના પાળિયામાં અંતિમ પંક્તિઓમાં નોંધપાત્ર વિગત પ્રાપ્ત થાય છે. તેમાં પંક્તિ ૯ થી ૧૧ માં એક શ્લોક આ પ્રમાણે જણાય છે.

अशाश्वतानि (श) रीरानि विभवों नैव सारवित ।
नित्यं सन्यहतो मृत्यु कर्तव्यते धर्म संग्रहा ।
(x शरीराणि शाश्वतः (x) सन्निहतो धर्म संग्रह)[४२]

આ પંક્તિઓ તત્કાલીન રીત પ્રમાણે શ્લોકની જેમ લખવાને બદલે સીધો લખી નાખવામાં આવ્યો છે. શ્લોકમાં ભૂલો પણ થયેલી છે. મૃત્યુ હંમેશા નિકટ આવી રહ્યું છે માટે ધર્મસંગ્રહ કરવો એ બાબત ધાર્મિક દૃષ્ટિએ નોંધપાત્ર બને છે. તેના દ્વારા સમાજ પર ધર્મની અસર કેવી હશે તે સમજી શકાય છે.

૩.૧.૧૪ ભૂચરમોરીના પાળિયા :

જામનગરનું ભૂચરમોરી એ ભૂચરમોરીના યુદ્ધથી જાણીતું થયેલ સ્થળ છે. સંવત ૧૬૪૭ (ઈ.સ. ૧૫૯૧)ના શ્રાવણ વદ ૮ રવિવારે ધ્રોળ પાસેના ભૂચરમોરીના યુદ્ધમાં જામગનરના (નવાનગર) જામસતાજી લોમા ખુમાણ (ખેરડી) અને જૂનાગઢના દોલતખાન ઘોરીની સેના અને શહેનશાહ અકબરના મુગલ લશ્કર વચ્ચે યુદ્ધ થયું હતું. અમદાવાદના સુલતાન મુઝફ્ફર ત્રીજાને નવાનગરના જામસતાજી અને બીજા રાજવીઓએ આશ્રય આપતા મોગલ સેનાના સેનાપતિ અઝીઝકોકા, નવરંગખાન વગેરે શાહીચોરને પકડવા કાઠિયાવાડ દોડાદોડી કરતા હતા. કુંવર અજાજી યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા. વજીર જસા લાડક, નાગડા વજીર અને બીજા ઘણા વીરો મરાયા હતા. મુગલ સેનાના સૈનિકો પણ મરાયા હતા. અજાજી પાછળ તેની પત્ની સતી થઈ હતી. આ બંનેના પાળિયા ત્યાં ઊભા છે. વીરના પાળિયામાં ઘોડેસવારનું શિલ્પ છે. સતીના

પાળિયામાં હાથનું શિલ્પ છે. પાળિયા પર દેરી છે. દીવાલોમાં યુદ્ધનો દેખાવ લાલરંગે ચિતરાયેલો છે. રેખાચિત્રો યુદ્ધકથા રજૂ કરે છે. ઉપર કાળા આરસમાં આઠ લીટીનો લેખ છે. જેમાં સંવત ૧૬૪૮ વંચાય છે. હાલમાં અહીં શ્રાવણ વદ ૧૩, ૧૪ અને અમાસે મેળો ભરાય છે.[૪૩] અજાજીની દેરીની પાસે જમણી બાજુએ બીજા પાળિયાઓ આવેલા છે.

આ લડાઈમાં ભક્ત કવિ ચારણ ઈસરદાસજીનો સૌથી નાનો પુત્ર ગોપાળદાસ પણ વીરગતિ પામ્યા હતા. ભૂચરમોરીના પાળિયામાં બારહડ ગોપાળદાસનો પાળિયો વંચાય તેવી સ્થિતિમાં છે. આ પાળિયાની વાચના નીચે મુજબ કરવામાં આવી હતી.

૧. संवत १६४७

૨. वरषे सरा

૩. वण वद ८

૪. रव बारठ

૫. श्री गोपाः

૬. ना पाळी गो

૭. हेडीअ कु

૮. अर श्री अज

૯. सथ मराण

૧૦. षान श्री आज

૧૧. मषन नी टो

૧૨. ढ मराणा ग

૧૩. जधर १ मेया

૧૪. पालीअ टाक [૪૪]

ઉપર મુજબના પાળિયાના લખાણથી જાણી શકાય છે કે સંવત ૧૬૪૭ના શ્રાવણ વદી ૮ રવિવારે બારહઠ ગોપાલદાસ યુદ્ધમાં કુંવર અજાજી સાથે મરાયા હતા. ગેડીના કુંવર (વાઘેલા) પણ મરાયા હતા. ખાનશ્રી આઝમખાન સાથેના યુદ્ધમાં આ યોદ્ધાઓ વીરગતિ પામ્યા હતા, તેમ ગજધર મેયાએ પાળિયો કંડારીને લખાણ કોતર્યું છે. અહીંના પાળિયાઓ રણખાંભી પણ કહી શકાય. કેમ કે યુદ્ધના સ્થળ પર જ આ પાળિયાઓ માંડવામાં આવ્યા છે. જેસોજી, નાગડોજી, વેજોજી, મેરામણજી, ભાણજી દલના પાળિયાઓ ભૂચરમોરીમાં આવેલા છે. આઝમકોકાનો મકબરો પણ અહીં છે.

૩.૧.૧૫ મેસવાણાના પાળિયા :

જૂનાગઢના મેસવાણામાં દેરીની પાસે વિક્રમ સંવત ૧૪૪૪ (ઈ.સ. ૧૩૮૭)નો પાળિયો આવેલો છે. પાળિયામાં સૂર્ય અને ચંદ્રના પ્રતીકો છે. શિવલિંગની કોતરણી પણ કરવામાં આવી છે. આ પાળિયામાંનો લેખ મોકલસિંહ જે ચૂડાસમા વંશનો રાજા હોવો જોઈએ તેના રાજ્યમાં માગસરની અમાવસ્યાએ બુધવારના દિવસે યુદ્ધમાં ચાવડા યોદ્ધાનું મૃત્યુ થયું તેની નોંધ આપે છે. આ દિવસે સૂર્યગ્રહણ હતું.[૪૫] ગામ ભાગતા તે મરાયો તેમ લેખ પરથી જણાય છે. અહીંના એક બીજા પાળિયામાં લેખ પ્રાપ્ત થાય છે. જે નોંધે છે કે રાજા મેલિગના રાજ્યમાં જે ચૂડાસમા વંશનો હતો, તે સમયે વિક્રમ સંવત ૧૪૭૦ (ઈ.સ. ૧૪૧૪)ના અષાઢ વદિ ૭ ને સોમવારે મેસવાણામાં થયેલ સંગ્રામમાં ધણાણીઆ જ્ઞાતિના આહીર વીતા મૃત્યુ પામ્યા.[૪૬] ગામ ભાગતા પાળ સામે તે લડ્યો અને મરાયો તેવું લેખ પરથી જણાય આવે છે. આ પાળિયો ગામની પૂર્વ બાજુએ નોંધાયો છે.

મેસવાણાના વિક્રમ સંવત ૧૪૯૫ (ઈ.સ. ૧૪૩૯)ના પાળિયામાં મહિપાલદેવના રાજ્યકાલમાં ગામની ગાયો વાળી જનાર સામે ગાયોનું રક્ષણ કરવા જતા ધણાણીયા પૂંજાનું યુદ્ધમાં મૃત્યુ થયાની નોંધ છે. માઘ સુદ ૩ ને રવિવારનો એ દિવસ હતો. તેમાં જણાવેલ મહિપાલ એ જૂનાગઢના ચૂડાસમા વંશનો હતો.[૪૭] અહીંના જ ગામના પાદરમાં આવેલ પાળિયા પર સંવત ૧૪૮૮ (ઈ.સ. ૧૪૩૨)ના માગસર સુદ ૫ ને બુધવારના ગામની ગાયોનું રક્ષણ કરવા જતા ખવા નામનો આહીર મૃત્યુ પામ્યો. રાજા મહીપાલદેવના રાજ્યમાં આ ઘટના બની તેવી નોંધ પ્રાપ્ત થાય છે. અહીં એ બાબત નોંધપાત્ર બને છે કે વિક્રમ સંવત ૧૪૮૮ના અ વિક્રમ સંવત ૧૪૯૫ના આ ગામના બંને પાળિયામાં મૃત્યુ પામનાર ગોગ્રહે એટલે કે ગાયોને ચોરો પાસેથી છોડાવવા જતા મૃત્યુ પામી વિષ્ણુચરણે વાસ પામ્યાની નોંધ છે. આ બાબત પરથી તત્કાલીન સમાજની ભાવના અને માન્યતાનો ખ્યાલ આપે છે.

૩.૧.૧૬ વંથળીના પાળિયા :

જૂનાગઢના વંથળીમાં વિક્રમ સંવત ૧૪૦૮ (ઈ.સ. ૧૩૫૨)ના પાળિયાની નોંધ મળે છે. સૂત્રધાર ચાહડની દીકરી ભડમલા રાજશ્રી રાસીલની પાછળ સતી થઈ તેવો લેખ પાળિયામાં છે. અહીંના વિક્રમ સંવત ૧૪૦૯ (ઈ.સ. ૧૩૫૩)ના પાળિયામાં રાણશ્રી ચાવીંગદેવના રાજ્ય દરમ્યાન તુર્ક લશ્કર સામે લડતા વાછાનો દીકરો મેલો મરાણો તેવી નોંધ આપે છે. આ બંને લેખો સંસ્કૃત બાલબોધમાં છે.[૪૮] એક પાળિયો સતીની નોંધ આપે છે તે મહત્ત્વનું છે. વંથળીના વિક્રમ સંવત ૧૩૪૬ (ઈ.સ. ૧૨૮૯)ના એક પાળિયાના લેખમાં રણસ્તંભ શબ્દનો ઉલ્લેખ મળે છે. જે મૃત્યુને વરેલા વીરનો એના ભાઈએ રણસ્તંભ ઊભો કરાવ્યો એવો ઉલ્લેખ છે.

ગુજરાતના સુલતાન મહમદશાહ ૧ લાની ફોજે ચૂડાસમા રાજા મેલિગના સમયમાં વિક્રમ સંવત ૧૪૬૯ (ઈ.સ. ૧૪૧૩)માં વંથળી પર ચડાઈ કરી ત્યારે તેમાં મૃત્યુ પામેલા વીરોના વંથળીમાં આવેલા પાંચ પાળિયાઓ નોંધપાત્ર છે. આ બધા પાળિયાઓ એક જ દિવસે એટલે કે વિક્રમ સંવત ૧૪૬૯ના જયેષ્ઠ સુદ ૭ ને રવિવારના છે. એ વખતે રાજવી તરીકે મેલિગદેવનું રાજ્ય હતું. મેલિગદેવ એ મોકલસિંહના પુત્ર હતા. તે ચૂડાસમા વંશના હતા. તેમની રાજધાની વંથળી તથા જૂનાગઢ હતી. ઉપર્યુક્ત દિવસે મેલિગના અનેક સૈનિકો મુસ્લિમ સૈન્યના આક્રમણ સામે લડતા કામ આવ્યા હતા. આ પાળિયા પરના લેખો આ પ્રમાણે છે.

પ્રથમ પાળિયાલેખ અનુસાર ચૂણા સુત રાજ પાતાક જેઓ યાદવ વંશના હતા અને જેમની શાખા અવટંક બૂબા હતી તે મરાયો. પરંતુ બાળકો, વૃદ્ધો તેમજ વડીલો સહિત ૧૮ કુંવરો જૂનાગઢ સહિસલામત પહોંચી ગયા. બીજા પાળિયાલેખ અનુસાર બારડ જ્ઞાતિના નુઘણનો પુત્ર નૂભા મુસ્લિમો સામે લડતા મરાયો, તેની નોંધ આપે છે. ત્રીજા પાળિયાલેખમાં દાસા સાચા સુત વેલાયુલુના મૃત્યુની નોંધ આપે છે. ચોથા પાળિયાલેખ અનુસાર જાદવ મેરા સુત મેથા રણમાં સૂતો તે નોંધાયેલું છે. પાંચમા પાળિયામાં પઢીઆરીઆ ઝાટા સુત રાઉત થાપા વામનસ્થલી ભંગ થતા થયેલ યુદ્ધમાં કામ આવ્યો તેનો છે.[૪૯] આ લડાઈ વંથળીના ચૂડાસમા વંશના રાજવી મેલિગદેવ અને ગુજરાતના સુલતાન વચ્ચેની છે. તેમાં મેલિગદેવની હાર થતા વંથળી છોડી જૂનાગઢ નાસી જવું પડેલ હોય તેમ લાગે છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ પાળિયા મહત્ત્વની લડાઈનો અહેવાલ આપે છે. પાળિયામાં બારડ, યાદવ, પઢિયાર જેવી ક્ષત્રિય કોમોનો ઉલ્લેખ છે. પ્રાચીન નામોની દૃષ્ટિએ જોતા વંથળી માટે વામનપુર જૂનાગઢ માટે જીર્ણપ્રાકાર નામો આપેલ છે. પાળિયામાં વેલાયુલું નામ પણ અલગ પડતું છે. પાળિયા પરની સંસ્કૃત ભાષાની અસર તે નગરજનોના પાળિયા હોવાનું સૂચવે છે. ભાવનગર પ્રાચીન શોધ- સંગ્રહમાંના અને અહીં આપેલ પાંચ પાળિયાના લેખોમાંના એક બે ભળતા હોય તેમ પણ જણાય છે. જોકે ભાવનગર શોધસંગ્રહમાં સંવતનું વર્ષ અલગ દર્શાવવામાં આવ્યું છે. તે દૃષ્ટિએ અહીં લીધા છે. આ લેખો જૂનાગઢના મ્યુઝિયમમાં જળવાયા છે.

મિરાતે-સિકંદરી જણાવે છે કે અહમદશાહ ૧ લાએ ઈ.સ. ૧૪૧૪માં જૂનાગઢના રાજા માંડલિકને હરાવેલો, પરંતુ વંથળીના આ સમકાલીન પાળિયાલેખો પરથી માલુમ પડે છે કે, એ પહેલા વંથળી પર પાદશાહના સૈન્ય સામે મહારાણા મેલિગદેવના રાજ્યકાલ દરમ્યાન સંવત ૧૪૬૯માં યુદ્ધ થયું હતું. આમ, એ સમયે જૂનાગઢ વંથળીમાં રા'માંડલિક ૨ જો નહીં પણ તેનો ઉત્તરાધિકારી મેલિગદેવ રાજ્ય કરતો હતો. આમ, આ માહિતી પાળિયાલેખો પરથી તારવી શકાય છે.

૩.૧.૧૭ વઢવાણના પાળિયા :

વઢવાણના રાણકદેવીના સ્મારક નજીકમાં હાડીમાંનો પાળિયો આવેલો છે. ઈ.સ. ૧૭૩૯માં મૃત્યુ પામેલા અરજનસિંહ પાછળ એની રાણી હાડા, અમરસિંહની કુંવરી દેવકુંવરબા સંવત ૧૯૭૫ શકે ૧૬૬૧ ઈ.સ. ૧૭૩૯ શ્રાવણ વદ ૫ના દિવસે સતી થઈ. એ હાડીમાં તરીકે પૂજાય છે. જ્યારે વઢવાણ કે ચુડાના રાજકૂળનું કોઈના લગ્ન થાય ત્યારે વર-વહુ હાડી માતાની દેરીએ જઈ તેની પૂજા કરે છે. વિક્રમ સંવત ૧૮૪૪ (ઈ.સ. ૧૭૮૮)ના મહાવદ ૩ના દિવસે ગાયોના ધણને વાળી જતા શત્રુઓની પાછળ પડી ગાયોને બચાવવા ધીંગાણામાં મૃત્યુ પામેલ માનાભાઈના ચાર પુત્રોના પાળિયા પણ વઢવાણમાં છે. એમાં હઠીસિંહજી, મોડજી તથા સુજાજીના નામ વંચાય છે. ચોથું નામ વંચાતું નથી. આવા જ એક શૂરવીરનું સ્મારક વઢવાણના મહેલમાં છે. વઢવાણના સબળસિંહના કાકાનો પુત્ર બનેસિંહ બહુ બળવાન હતો. એ બનેસિંહજીને દરબારગઢમાં જ મારી નંખાયો. પછીથી તેને શૂરધન તરીકે સંવત ૧૯૩૮માં બેસાડવામાં આવ્યા.[૫૦]

સિદ્ધરાજ જયસિંહે રા'ખેંગાર સામે બદલો લેવા જૂનાગઢ ઉપર ચડાઈ કરી. વર્ષ સુધી ઉપરકોટનો ઘેરો રાખ્યો પણ સફળતા ન મળી. અંતે રા'ખેંગારના ભાણેજ દેશળ સોલંકી અને વિશળ સોલંકી ફૂટી જતા સિદ્ધરાજનું લશ્કર કિલ્લામાં પ્રવેશ્યું. રા'ખેંગારને મારી નાખવામાં આવ્યો. આ સમયે સિદ્ધરાજે બળજબરીથી રાણકદેવીને પોતાની સાથે લીધી અને પોતાની રાણી બનાવવા પાટણ લઈ જવા માંગતો હતો. પરંતુ રાણકદેવી રસ્તામાં વઢવાણ આગળ સતી થઈ. આ દંતકથા સાથે વઢવાણનું રાણકદેવી મંદિર જોડાયેલ છે. જે વઢવાણની ઉત્તરે ભોગાવો પાસે આવેલા બારીરોડ નજીક વિશાળ પ્રવેશદ્વાર સાથેનું રાણકદેવીનું સ્મારક છે.[૫૧] આ મંદિરમાં રાણકદેવીનો પાળિયો આવેલો છે. આ મંદિર ૧૦મા સૈકાનું હોવાનો લગભગ મત છે. પરંતુ ૧૨મી સદીમાં થઈ ગયેલ રાણકનામે કેવી રીતે ચડી ગયું તે જણાતું નથી. આ રાણક ઈ.સ. ૧૧૧૩ની આસપાસ સતી થઈ હોવાનું મનાય છે. રાણકદેવીના સતી સ્મારકની આસપાસ અન્ય સતીઓના સ્મારકો આવેલા છે. આ બધા સમાધિ મંદિર તરીકે ઓળખાય છે.

ઈડરના રાઠોડ રાજા વીરમદેવના કુટુંબી રાવદાસજીની દીકરી શામકુંવર સાથે રાજોજીના લગ્ન થયા હતા. આ બાઈ રાઠોડમાં કહેવાતા હતા. સંવત ૧૬૯૯માં (ઈ.સ. ૧૬૪૩) રાજોજી અવસાન પામ્યા ત્યારે તે સતી થયા. વઢવાણમાં હાડીમાની જગ્યામાં એક પાળિયો રાઠોડમાંનો કહેવાય છે. તેના ઉપર નીચેનો પાળિયાલેખ છે.

संवत १६९९ ना वर्षे शाके १५६५ ना वैशाक मासे शुकल पक्षे २ गुरुवार बाई श्री राठोडमा महाराण श्री राजाजी पछवाडे सती थयां छे.[५२]

આ પાળિયાલેખની ભાષા ગુજરાતી છે, જ્યારે લિપિ હિન્દી છે. પ્રજા માટે પોતાના પ્રાણ સમર્પિ દેનાર વાઘેલા રાજાના મંત્રી માધવના પુત્ર અને પુત્રવધુના સ્વૈચ્છિક બલિદાનની દંતકથા ધરાવતી માધાવાવ વઢવાણમાં આવેલી છે.[૫૩] આ માધાવાવમાં પુરુષ અને સ્ત્રીની મૂર્તિ નીચે જે લખાણ વાંચવામાં આવતું તે આજે નષ્ટ પામ્યું છે તેની નોંધ મળે છે. જેમાં સંવત ૧૩૫૦ના વર્ષનો ઉલ્લેખ છે.

વઢવાણની આ પાળિયાભૂમિમાં વઢવાણમાં રાજાજી અને તે પછીના થઈ ગયેલા રાજાઓની દેરીઓ આવેલી છે. રાણકદેવીના સ્મારક પાસે એક ત્રાગાનો પાળિયો પણ આવેલો છે. આમ, વઢવાણમાં સતીઓના પાળિયા પણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

૩.૧.૧૮ વાંકાનેરના પાળિયા :

વાંકાનેર અને એના ગામડાઓમાં અનેક પાળિયાઓ આજે પણ જોવા મળે છે. વાંકાનેર ગામમાં મસાણિયા હનુમાનવાળી શેરીના એક વંડામાં પાળિયાઓ આવેલા છે. એમાંનો અમરસિંહ વાંકાનેરના ઝાલા રાજ સરતાનજી ઉપર ચડી આવેલ. એમાં સરતાનજી ખપી ગયેલા તેનો પાળિયો છે. એ ધીંગાણામાંથી ઘાયલ થયેલ એક રજપૂત જુવાનને ઘોડો પાછો ઘેર લાવેલો માંએ એ જુવાનને જાકારો દીધો કે સરતાનજી રણમાં પોઢ્યા ત્યારે તું કેમ જીવતો પાછો આવ્યો. આ ઘાયલ જુવાન ફરી પાછો ફર્યો ને હળવદના વિજયી પાળ માથે ત્રાટકીને પછી રણમાં વેતરાઈ ગયો એનો પાળિયો પણ અહીં હોવા સંભવ છે.

વાંકાનેરના દરબારગઢ સામેની હવેલીમાં દાખલ થતા ખડકીના બારણા પાસે જ એક બ્રાહ્મણનો પાળિયો હતો. રાજ તરફથી હાલાકી થતા ગળે ક્રોસ નાખીને એણે ત્રાગુ કરેલું. વાંકાનેર ગામમાં જ છૂટા-છવાયા પાળિયા દબાઈને પડેલા છે. વાંકાનેરના પાદરમાં અને ધોળેશ્વર ડુંગરની ધકમાં પાળિયાની હારમાળા પડી છે. ત્યાંથી બે માઈલ દૂર રાતીદેવળી ગામે ગરાસિયાના દીકરીને પરાણે ઉપાડી જવા આવેલ પાળ સામે ગામને પાદર પડાવ નાંખીને પડેલા વણઝારાની આખી પોઠ્ય હાથ લાગ્યું એ સાધન લઈ પાળની સામે થયેલ અને ખપી ગયેલ. એમાં કૌક હરિજનો પણ કામ આવી ગયેલ. એ બધાના પાળિયા આજે પણ ત્યાં ઊભા છે. વાંકાનેરના ખોરવા ગામે સુપ્રસિદ્ધ અરસીવાળાની ખાંભી છે. અહીંના જડેશ્વર મહાદેવની જગ્યામાં પણ ઘણા પાળિયા આવેલા હતા.[૫૪]

કુદરતી મોતે મૃત્યુ પામેલા પતિ પાછળ પણ સ્ત્રીઓ સતી થતી. આવો પાળિયો વાંકાનેરમાં નોંધાયો છે. વિક્રમ સંવત ૧૬૭૯ (ઈ.સ. ૧૬૨૩)માં રાયસંઘજીના કુંવર સરતાનજી મૃત્યુ પામતા પ્રાણવંતી સતી થઈ હતી. કમળપૂજાના પાળિયામાં કોઈ એક વ્યક્તિ અથવા બે વ્યક્તિ હારોહાર પોતાના હાથથી જ તલવાર વડે મસ્તક ઉતારી દેતી કોતરાયેલી હોય છે. આ પાળિયા શિવલિંગ આગળ કમળપૂજા ખાધી હોય તેના સ્મારક છે. આવા પાળિયા વાંકાનેર જડેશ્વર મંદિરના પ્રાંગણમાં જોવા મળે છે.[૫૫] આ પાળિયો રાવળ જામનો હોવાની વાયકા છે.

રાતીદેવડીમાં અઢાર વણઝારાના પાળિયા સાથે ભંગીના પાળિયાઓ પણ છે. વાંકાનેરના તીથવામાં ભરવાડ અને બોકડાના પાળિયા આવેલા છે. વાંકાનેરના મહીકામાં ગામ રક્ષણ માટે બે ભંગી જુવાનો વીરગતિ પામ્યા તેના ચગા આવેલ છે.[૫૬] વાંકાનેરના પંચાશિયા ગામના પાદરમાં એક ઢોલી ભંગીની ખાંભી છે. મિંયાણાના ધાડાં સામે એ સૌ પહેલાં જ શહીદ થયેલો એવી વાયકા છે.

૩.૧.૧૯ સોમનાથના પાળિયા :

મહમૂદ બેગડાએ જૂનગાઢની જીત કરી પછી સોમનાથ પર આક્રમણ કર્યું. મહમૂદના આક્રમણ પ્રસંગે હમીરજી લાઠીયા નામના વીર યુવાને તથા તેના સાથી વેગડા ભીલે સોમનાથની સખાતે પોતાના પ્રાણ આપ્યા તેવી એક વાર્તા પણ લોકસાહિત્યમાં ઘણી પ્રસિદ્ધિ પામી છે. સોમનાથમાં આ બંને વીરોના પાળિયા બતાવવામાં આવે છે.[૫૭] સોમનાથના આ ધર્મયુદ્ધમાં હમીરજી ગોહિલ તથા વેગડો ભીલ મૃત્યુ પામ્યા પછી એ બંને વીરોના પાળિયાની પ્રતિષ્ઠા પ્રભાસ પાટણમાં કરવામાં આવી હતી. સોમનાથના મંદિરની પૂર્વમાં હનુમાનજીની દેરી પાસે બીજી એક દેરી છે. તેમાં હમીરજી ગોહિલનો પાળિયો છે. નાનો ઝાંપો અથવા ત્રિવેણી દરવાજાની બહાર ગામના ગોંદરામાં આવેલી ભાટિયાની ધર્મશાળાના પ્રવેશદ્વારની સામે સહેજ દૂર વેગડા ભીલના પાળિયાવાળી દહેરી હતી. જે છેલ્લા વર્ષોમાં સર્વથા નષ્ટ થઈ ગઈ છે. શ્રી હરિશંકર નોંધે છે કે, હમીરજી ગોહિલના પાળિયામાં બાલબોધ લિપિનો લેખ કોતરવામાં આવ્યો હતો. પરંતુ ક્ષારવાળી હવા લાગવાના કારણે એ લેખના અક્ષરો ઘસાઈ જવા પામ્યા છે. પ્રાયઃ ઈ.સ. ૧૯૩૭ના વર્ષમાં મારા મિત્રશ્રી કેશવરામ શાસ્ત્રીએ અને મેં એ લેખના જે છૂટક અક્ષરો બચ્યા હતા તેને ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાં संवत १३४२ અને हमीरजी એટલા જ અક્ષરો અમે વાંચી શક્યા હતા.[૫૮] આ હમીરજીના સમય અંગે પણ મતમતાંતરો રહેલા છે. તેની સાથે કથા સંકળાયેલી છે.

૧૯૫૩માં પ્રભાસ પાટણના મુખ્ય દરવાજાની અંદરના ભાગમાં ખોદકામ કરતા વિક્રમ સંવત ૧૪૫૧ (ઈ.સ. ૧૩૯૪)નો એક પાળિયાલેખ હાથ લાગ્યો હતો. જેનું સંપાદન હરિશંકર પ્ર. શાસ્ત્રીએ કર્યું હતું. સંસ્કૃત અને ગુજરાતી એમ બે ભાષામાં અને નવ પંક્તિઓમાં લખાયેલા આ લેખનો હેતુ ગોદાનનો છે. પરંતુ સોમનાથ ભગવાનના દર્શનાર્થે આવેલા અને ત્યારે કોઈ સંઘર્ષમાં વીરગતિને પામેલા રાજપૂત પરમાર દુહુની[૫૯] સ્મૃતિમાં પ્રભાસના વાજાવંશના રાજા શિવરાજના સમયમાં મરનારની ઇચ્છાનુસાર આ પાળિયો સ્મારક તરીકે ઊભો કરાવ્યો હતો. સંવત ૧૪૬૨ની શ્રાવણ સુદ ૮ નો સોમનાથ પાટણનો એક પાળિયો પણ નોંધપાત્ર છે. આ પાળિયાલેખની શરૂઆતમાં भिस्मिल्लाह रहमान रहीम થી થાય છે. તે વાંચતા જ મુસ્લિમ

સંસ્કૃતિનો ખ્યાલ આવી જાય છે. આ સમગ્ર લેખ સંસ્કૃત ભાષામાં છે. ઉપરાંત લેખમાં વોરા જ્ઞાતિનો ઉલ્લેખ કરેલો છે. પાળિયાલેખમાં જણાવ્યા પ્રમાણે પાટણમાં સિગનાથના પુત્ર બ્રહ્મદાસના રાજ્યમાં દફરખાનના પુત્ર હેબયતખાન મલિક બદરુદ્દીનના પુત્ર માલિક સાલે અને મલિક શેખના પુત્ર સેરાએ મોટા સૈન્ય સાથે સોમનાથ પાટણ ઉપર હલ્લો કર્યો ત્યારે બ્રહ્મદાસ તરફથી આક્રમણકાર તુર્કોની સાથે લડતા વોરા મહમદનો પુત્ર ફરીદ મરાયો. અહીં લેખમાં **श्री पाने शिमनाथ** એમ સ્પષ્ટ છે. પરંતુ હકીકતમાં તે શિવનાથ હોઈ શકે. આ માહિતીના આધારે તે સાબિત થઈ શકે કે ઈ.સ. ૧૪૦૫માં મુસ્લિમ સૈન્યે સોમનાથ પાટણ ઉપર ચડાઈ કરેલી.[૬૦]

સોમનાથ પર ઉલૂઘખાને ચડી આવી ધ્વંસ કર્યો. એ સમયના જંગમાં માંગરોળથી આવેલા પીર સૈયદ હસન માર્યા ગયા અને એમના માનમાં પાછળથી દરગાહ થઈ જે પીર મગરોલીશાહની દરગાહ તરીકે જાણીતી થઈ.[૬૧] વિક્રમ સંવત ૧૩૫૫ (ઈ.સ. ૧૨૯૯)માં એક યુદ્ધ તુર્કો સાથે થયાનું સોમનાથ પાટણના જ એક પાળિયામાં નોંધાયું છે. જેમાં સોમનાથ ને બારણે વાજા માલના પુત્ર... હ વાજા પદમલ ભાઈ દેપાલસિંહ યુદ્ધ કરતા બેઉ મરાયા છે.[૬૨] એવી નોંધ પ્રાપ્ત થાય છે. આ યુદ્ધ ઉલુઘખાનના સૈન્ય સાથેનું હોવાનો મત પણ છે.

પ્રભાસ પાટણના પરશુરામ ક્ષેત્રમાં સાધુનો પાળિયો છે. જેમાં સાધુ અને શિવલિંગની કોતરણી જોવા મળે છે. પ્રભાસ પાટણની બાજુના મંડોરના જૂના ટીંબા ઉપર વચ્ચે પતિ અને તેની બંને બાજુ સતીની મુખ્ય આકૃતિ જેવડા જ સતીના બે હાથ દર્શાવી બીજા ભવમાઈ પતિનું કલ્યાણ કરતી સતીત્વની ભાવના દર્શાવવામાં આવી છે. આને આઈના સ્મારક તરીકે ઓળખવામાં આવે છે. આ ટીંબા પર અન્ય પાળિયા પણ આવેલા છે.

૩.૧.૨૦ હળવદના પાળિયા :

હળવદને પાદર શૂરાઓ અને સતીઓના જોડાજોડ જનક્ષત્રિય શૂરા અને સતીઓની ખાંભીઓ સંખ્યામાં પણ ઓછી નહીં ઉતરે એ એની ગવાહી છે. એક કથા વશરામ રાઠોડની છે. સગા સાગવટે બાપ દીકરો હળવદથી દહીસર જવા નીકળ્યા. રસ્તામાં ભૂલા પડીને ટંકારાની કાંટયમાં નીકળ્યા ત્યાં કકળતા માણસોની ચીસો સાંભળી કાંટય આડે જોયું તો આઠ દસ લૂંટારા વણઝારાને મારી મારીને માલ લૂંટે. વશરામ રાઠોડ અને એના દીકરા કરસને આડેથી ધીંગાણું નોતર્યું. બાપ દીકરો બંને હથિયારધારી હતા. તેમણે સાત જેટલા લૂંટારાઓને મારી નાખ્યા. તેમાં વશરામ પણ મરાયો. આ દંતકથા સાથે સંકળાયેલ વશરામની ખાંભી ટંકારાના મેઘપરની સીમમાં છે. તેની બીજી ખાંભી હળવદ સ્ટેશન નજીક છે. એના ઉપર સંવત ૧૮૮૪ના (ઈ.સ. ૧૮૨૮) ફાગણ સુદ ત્રીજની નોંધ છે.[૬૩]

એક સમયનું રાજધાનીનું શહેર હળવદ ધીમે ધીમે પાળિયા નગરી બની રહ્યું. આજે હળવદની સ્મશાનભૂમિમાં પાંચેક સો જેટલા પાળિયા હળવદના ભગ્ન ગૌરવની સાક્ષીરૂપે ઊભા છે.[૬૪] તેમાં સતીઓના પાળિયા અને દેરીઓ અતિ મહત્ત્વના છે. બોમ્બે ગેઝેટીયરના કાઠિયાવાડ પરના ૮મા ગ્રંથમાં હળવદના ઉત્તરપૂર્વ દિશાના પાદરમાં આવેલી દહેરીઓ માટે લખ્યું છે :

'There are also a wonderful number of sati memorial stones and temples.'

હળવદમાં આજે પણ સતીઓના અસંખ્ય પાળિયાઓ જોવા મળે છે. લોકોક્તિ છે કે ધ્રાંગધ્રા રાજ્યના કેટલાંક ઝાલા રાજાઓની સાથે ગરાસ અંગે હળવદના બ્રાહ્મણોને તકરાર થઈ હતી. તે વખતે વિક્રમ સંવત ૧૫૪૪ પહેલાંના જે પાળિયાઓ સતીઓના તથા શૂરાપૂરાના હતા તેમને રાજ્યે તાભણ નદીના ઊંડા કેદાર ધરામાં પધરાવી દીધા અને કેટલાંક પાળિયાના શિલાલેખોમાં ટાંકણાથી સાલ ઇત્યાદિના ફેરફાર કરાવી નાખ્યા. છતાં પણ કોતરણીનો આલેખ ઇત્યાદિને ખ્યાલમાં રાખીને ઝીણવટથી જોઈએ તો રાજની નજરમાંથી બચી ગયેલ દટાયેલા પુરાણા પાળિયા જોવા મળે છે. આવા જૂના પાળિયાઓની સાલો મળી આવે, કોતરાયેલ શબ્દો અને વાક્યો સુવાચ્ય બને તો સતી થવાનો ચાલ હળવદમાં કેટલો જૂનો છે તે નક્કી કરી શકાય.[૬૫]

ઝાલાવાડની ધરતી પરનું પહેલું ઝીલારાણનું પાટનગર કંકાવટી હતું. કંકાવટીની પશ્ચિમ દિશાએ માતરીવાવ તરફ જતા તળાવકાંઠે સતીના પાળિયા છે. તે સતીઓ રાજકુળ અને રજપૂત કુળની છે, તેમ તેના પરના શિલાલેખ વાંચતા જણાય છે. સંવત ૧૫૪૪માં કંકાવટીથી ઝાલાકુળની રાજધાની હળવદમાં ગઈ. આજે હળવદમાં રાજેશ્વરના ભવાની ભૂતેશ્વરમાં રાજપૂતો તેમ જ રજપૂત સ્ત્રીઓના પાળિયા છે.[૬૬] આ પાળિયા ભૂમિમાં અરજણજીનો સોળમી સદીનો પાળિયો, ઔદિચ્ય સતીના પાળિયા તથા અઢારમી સદીના ચૌહાણ, ચુડાસમા, ગોહિલ, પરમાર, સોલંકી, વાઘેલા કોઠારીના પાળિયા જેમાં એ અટકો વાંચવા મળે છે. આમાં જનશાળીના પાળિયા પણ છે.

હળવદમાં આ મોચી સતીઓનું સ્થળ શ્રી જનક્ષત્રિય સતી શૂરા સ્મારકભૂમિના નામે ઓળખાય છે. આ સ્થળ હળવદ રેલ્વે સ્ટેશન નજીક આવેલું છે. શ્રી હર્ષદ ત્રિવેદીએ તે સ્મારકભૂમિમાં નેવુ પાળિયા હોવાનું બતાવ્યું છે. તેમાં સતીઓની દસ બાર દહેરીઓ છે. હળવદના આ દરેક પાળિયા પર સતી થવાના સંવત, માસ, તિથિ, વાર, નામ અને અટક કંડારેલ છે. આ પાળિયાઓમાં કેટલાંક પર સંવત ૧૮૨૫ અને ત્યાર પછીની સાલ મળે છે. આવા પાળિયા પર મોચી શબ્દ કોતરેલ છે. જનશાળી શબ્દ હથિયાર ઘડનાર કોમ માટે ઇતિહાસમાં વપરાયાનું જાણમાં છે. આ પાળિયાઓમાંથી જનશાળી, જનક્ષત્રિય એવા ઉલ્લેખો મળે છે.[૬૭] આ સ્મારકભૂમિમાં કુંવારા સતીમાંનો પાળિયો બતાવવામાં આવે છે, તે પાળિયાની પાછળ ઘટના

પડેલ છે. જેમાં તેના ભાવિ પતિનું અવસાન થતાં તે સતી થઈ હતી. તેનું નામ હળવદના મોચીઓ જમનાબાઈ આપે છે. પણ પાળિયામાં તેમનું નામ ધનાદે છે.[૬૮]

યુદ્ધમાં વીરગતિ પામેલ પતિ પાછળ સતી થયેલી સ્ત્રીનો પાળિયો હળવદના માથકમાં છે. વિક્રમ સંવત ૧૬૬૭ ચંદ્રસિંહના રાજ્યમાં કુંવર ભોજરાજ યુદ્ધમાં વીરગતિ પામતા તેમની સ્ત્રી વહાલબા સતી થયાની નોંધ વાળો પાળિયો છે.[૬૯] હળવદના પાંડાતીરથના માર્ગે સોનારકાની ધાર પર એકવીસ પાળિયાઓ આવેલા છે. જેની પાછળ અઢીસો-ત્રણસો વર્ષ પૂર્વે સોનીઓની સમૂહજાનને બહારવટિયાઓએ આંતરીને લૂંટી તેમાં અગિયાર મીંઢળબંધા અને દસ યુવાનો મરાયા. તેના પાળિયાઓ આજે પણ એ ધાર પર આવેલા છે. આના ઉપરથી તે ધારનું નામ સોનારકાની ધાર પડ્યું છે.[૭૦] આમ, હળવદની આ સ્મારકભૂમિમાં અનેક પાળિયાઓ આવેલા છે. પાળિયામાં શિલ્પની ખાસ વિશેષતા નથી. પરંપરાગત ચૂડીદાર હાથ ખાંભીઓમાં કોતરાયેલા જોવા મળે છે. સૂર્ય અને ચંદ્રના પ્રતીકો છે. આ ખાંભીઓ સાદી કોતરણીવાળી છે. તેમાં વપરાયેલ પથ્થર હળવદ, ધ્રાંગધ્રાની ખાણનો કણીદાર લાલપીળો પથ્થર છે. હળવદના રાજેશ્વર ભવાની ભૂતેશ્વરની સ્મારકભૂમિ પણ પાળિયાની દૃષ્ટિએ સમૃદ્ધ છે. અહીં ઝાલા રાજાઓની છતરડીઓ અને દહેરીઓ આવેલી છે. આ સ્થળે ઔદિચ્ય અને શ્રીમાળી બ્રાહ્મણ, વાણિયા, કંસારા, સલાટ, નંદવાણા અને રજપૂત સ્ત્રીઓના પાળિયા આવેલા છે. આ પાળિયાઓમાં કોતરણીનું વૈવિધ્ય મળે છે. કલાત્મક નજાકત જોવા મળે છે. રેખાઓમાં સ્વરૂપ, રૂપ અને લાવણ્ય છે. જોકે સિંદૂર ચડાવીને આ ખાંભીઓને વિરૂપ કરવામાં આવી છે.

૩.૧.૨૧ સૌરાષ્ટ્રના અન્ય પાળિયાઓ :

આ સિવાય પણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક સ્થળોએ પાળિયાઓ આવેલા છે. ઘેડ વિસ્તારના માધવપુર નજીકના મોચામાં આશ્રમ નજીક સો કરતા પણ વધારે પાળિયાઓ ઊભા છે. તેમાં ઊંટસવાર અને અશ્વસવારના પાળિયાઓ છે. સતીઓના પાળિયા પણ ખરા. આ બધા પાળિયા રેતિયાળ ભૂખરા પથ્થરના છે. મોટા ભાગના પાળિયાના શિખરનો ભાગ ત્રિકોણની ટોચ જેવો છે. બધામાં પરંપરાગત શિલ્પ જોવા મળે છે.

બરડાના મોઢવાડામાં દુદા ધ્રાંગડનો પાળિયો અને ખાંભી આવેલા છે. ગામના પાદરમાં પાળિયાઓ જોવા મળે છે. દુદાની પત્ની રૂપી અને તેની બહેનોની ખાંભીઓ આવેલી છે. આ દુદા ધ્રાંગડના પાળિયા સાથે દંતકથા સંકળાયેલી છે.[૭૧] ઈ.સ. ૧૮૮૩ના જાન્યુઆરી માસની ૨૮મી તારીખે મેંદરડા પાસે આવેલા કનડા ડુંગર ઉપર રીસામણે બેઠેલા મહીયાઓ ઉપર જૂનાગઢ રાજ્યના પોલીસદળે તથા અનિયમિત શીબંદીએ આક્રમણ કરીને ૮૧ મહીયાઓનો સંહાર કર્યો, તે અતિકરૂણ પ્રસંગની કથા લોકજીભે વહેતી રહી છે. આ સંહારમાં મરાયેલા મહીયાઓની ખાંભીઓ કનડા ડુંગર પર આવેલી છે.[૭૨] તેમાં એક ભાઈ અને તેની બેનની ખાંભીઓ પણ છે. છાયામાં

પૂર્ણ રીતે સજાવટયુક્ત બરડાઈ બ્રાહ્મણનો અશ્વારૂઢ શૂરાપૂરાનો પાળિયો આવેલો છે. ઉપર સુંદર કોતરણી છે. અશ્વારૂઢના હાથમાં ધનુષ રહેલું છે. શિલ્પ સ્પષ્ટ દેખાય છે.

અમરેલીના વતની એવા હૃદયરામ કુંવરજી મહેતાના ચાર પુત્રો હતા. તેઓ ધંધા માટે જૂનાગઢમાં વસેલા, તેમનો મોટો પુત્ર આત્મારામ જૂનાગઢમાં મૃત્યુ પામતા તેમની પત્ની કમરબાઈ સંવત ૧૮૫૦માં લાઠીને પાદર સતી થઈ હતી. તેમનો પાળિયો લાઠીથી ચાંવડ લાવવામાં આવેલો અને તેની પૂજાવિધિ કરવામાં આવે છે.[૭૩] દેદો કૂટવાની પ્રથા સાથે સંકળાયેલ દેદા આહીરની ખાંભી લાઠીના પાદરમાં આવેલી છે. આ દેદો મુસ્લિમ લશ્કર સામે લડતા મરાયો. તેનું મસ્તક કપાયા પછી ધડ લડ્યું એવી દંતકથા છે.[૭૪] લિલિયાના અંટાળિયામાં વિ.સં. ૧૬૫૦ શાકે ૧૫૧૬, ઈ.સ. ૧૫૯૪ની સાલનો એક સતીનો પાળિયો છે. તેના ઉપર લેખ છે કે, સામંતજીની સ્ત્રી બાઈ જતનાએ ચૈત્ર સુદ ૭ને રોજ પોતાનો આત્મા રઘુનાથજીને અર્પણ કર્યો. એ સામંતજી ખેરડીના લોમા ખુમાણના બાપનો કાકો થતો. એ પાળિયો મંદિરના કૂવા ઉપર ઊભો કરેલો છે. એના ઉપર લોકો કપડા ધુવે છે. તેથી લેખ ઘસાઈ જવા આવ્યો છે. અહીં ખુમાણોના બીજા કેટલાંક પાળિયા છે.[૭૫] ચિત્રાસરમાં પ્રસિદ્ધ ઉગાવાળાનો પાળિયો આવેલો છે. આ પાળિયા પાછળ દંતકથા છે. જૂનાગઢના રા'ક્વાંટના કેદમાં પકડાવાની વાતની ખબર થતા ઉગાવાળાએ એક મોટી બળવાન ફોજ સજ્જ કરી શિયાળબેટ આગળ આવી પહોંચ્યો. યુક્તિથી ગામમાં ઘુસી ત્યાંના રક્ષકો મારી નાખ્યા ને વિરમદેવને પણ મારી નાખ્યો. પછી રા'ક્વાંટને છોડાવવા માટે તે પાંજરા આગળ ગયો, પણ તેનામાં એટલી બધી અધીરાઈ આવી ગઈ કે પાંજરાને લાત મારી ઉઘાડી નાખતા તેનો પગ રા'ક્વાટને લાગ્યો. રા'ક્વાટ આથી ઘણો ક્રોધે ભરાયો. મનમાં વેર રાખી વંથળી પાછા આવી લશ્કર લઈ ઉગાવાળા સામે ચડ્યો ને તેને ચિત્રાસર આગળ હરાવી મારી નાખ્યો.[૭૬] ઉગાવાળાનો પાળિયો હજુએ ઉનાના ચિત્રાસરમાં દર્શાવવામાં આવે છે. તેની ખાંભી સાથે તેના બેનની કથા પણ સંકળાયેલ છે. અમરેલીના લાલવદરમાં દીપડા સાથે બાથ ભીડનાર બ્રાહ્મણનો ચગો આવેલો છે. બાબરાના ઈંગોરાળામાં નવ બ્રાહ્મણોએ ત્રાગા કરીને પ્રાણ ત્યાગ કર્યાના પાળિયા રામજી મંદિર પાસે ઊભા છે.

સુરેન્દ્રનગરના સેજકપુરમાં મંદિર બહાર સત્તર અઢાર પાળિયાઓ છે. જેમાં એકમાં સંવત ૧૫૨૮ (ઈ.સ. ૧૪૭૨) વંચાય છે. કદાચ આ પાળિયાઓ કોઈ આક્રમણખોરો મંદિર તોડવા આવ્યા હોય અને મંદિરનું રક્ષણ કરતા કામ આવ્યા હોય તેના હોવાની ધારણા છે. બધા જ પાળિયાઓ હાથમાં ઢાલ અને તલવારવાળા છે.[૭૭] આ બધા પાળિયાઓ પદાતિના છે. સંવત ૧૮૦૬ (ઈ.સ. ૧૭૫૦)ની કોઈ ઘટના સાથે સંકળાયેલ કાનિયા ઝાંપડાનો પાળિયો સુદામડામાં આવેલો છે. કાઠી દરબારોની ખાંભી સાથે તે પૂજાય છે. સુદામડામાં એક અન્ય પાળિયો છે, તેના પર આ પ્રમાણે

લેખ છે. સંવત ૧૯૮૭ (ઈ.સ. ૧૯૩૧) આસો વદ ૯ ને ૨..... ખવડ ચોમ માણભાઈ સુદામડા ધાંધલપુર રવિવાર મરણ થયા છે.[૭૮] સુદામડામાંથી પ્રાપ્ત અન્ય એક પાળિયાલેખમાં સંવત ૨૦૪૩ (ઈ.સ. ૧૯૮૭) ભાદરવા ૧૪ ને મંગળવાર લખપશીરામ સુરોલખમશી કળોતરા સુદામડા ગામે તેમનો પાળિયો ઊભો કરવામાં આવ્યો. સુદામડામાં હાલના સમયના પાળિયાઓ પણ આવેલા છે.

ધ્રાંગધ્રાના કૂવામાં વિ.સં. ૧૬૮૭ (ઈ.સ. ૧૬૩૧)નો પાળિયો આવેલો છે. તેમાં આ પ્રમાણે લેખ છે.

संवत १६८७ वर्षे जेठ वद ११ दने झाला श्री लाषाजी सूत सूराजी सूत गोपालजी सूत भीमजी गायिनी वाहारे स्वरग थिआ

સંવત ૧૬૮૭ વર્ષે જેઠ વદ ૧૧ દિને ઝાલા શ્રી લાખાજી સૂત સુરાજી સૂત ગોપાલજી સૂત ભીમજી ગાયની વહારે સ્વર્ગવાસી થયા.[૭૯] આ લેખ પરથી મરનારની ત્રણ પેઢીના નામનો ખ્યાલ આવે છે. ઉપરાંત ગાયોને બચાવવા માટે પ્રાણ આપ્યાની માહિતી પ્રાપ્ત થાય છે. વેલડામાં બેઠેલ વલોણું તાણતી સ્ત્રીનો પાળિયો તરણેતરમાં આવેલો છે. છાયા ગામના પાદરમાં દેરીની અંદર કમળપૂજાનો પાળિયો આવેલ છે. આ જોડાજોડ આવેલા બે પાળિયા બ્રાહ્મણ દંપતીના છે. જેમણે ભક્તિભાવથી કમળપૂજા ખાધી એવું મનાય છે. જાફરાબાદના હેમાળમાં બજારમાં ત્રણ ખાંભીને એક ચગો છે. પ્રથમ ખાંભી સંવત ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)ની વરૂ દાના હમીરની છે, જેમને હેમાળમાં જાગીર મળી ને માણસા મુકામે કામ આવેલ. એમણે પોતાના બાપુ હમીર હાદાની ખાંભી વિધિપૂર્વક ઉપરોક્ત ઠેકાણે ખોડાવેલી. ત્યારબાદ દાના હમીરનું અવસાન થતાં એમની ખાંભી પણ ત્યાં જ ઊભી કરવામાં આવી. તેનાથી દૂર એક ચગો છે જે હરિજનનો છે. જેણે હમીર વરૂના મૃત્યુના આઘાતથી પ્રાણ આપેલા. હમીર વરૂની ખાંભી પર સંવત ૧૮૬૫ કારતક વદ ૨ એવું વંચાય છે.[૮૦]

ગુજરાતમાં શૂરાપુરા અને સતીઓની ખાંભીઓની જેમ ગાય, હાથી, નાગ, ગધેડું, ઊંટ, અશ્વો અને કૂતરાઓની ખાંભીઓ અને પાળિયાના સ્મારકો જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં આલેચના ડુંગરમાં બોચવડી વાવ પર બૂચિયા કૂતરાનો પાળિયો છે. વડાલના રેલ્વે સ્ટેશન પાસે કૂતરાની ખાંભી છે. કેવદ્રા ગામમાં લૂટારું સામે થનાર કૂતરાની ખાંભી છે. ઉના તાલુકાના ચિત્રાસર ગામને તળાવ કિનારે લાખા વણઝારાના કૂતરાની ખાંભી છે. સૌરાષ્ટ્રમાં માણેકવાડા ગામના નદીકિનારે નાગદેવનો પાળિયો છે.[૮૧] આ ઉપરાંત પણ ગુજરાતમાં ઘણી જગ્યાએ અન્ય પ્રાણીઓની ખાંભીઓ જોવા મળે છે.

ઝાલાઓએ પ્રથમ પાટડીમાં પોતાની રાજધાની સ્થાપી, પછી અનુક્રમે માંડલ, કૂવા અને હળવદ રાજધાની બદલી. પછી ઈ.સ. ૧૭૩૦થી ધ્રાંગધ્રા જ આ રાજાઓની રાજધાનીના નગર તરીકે રહ્યું. વિ.સં. ૧૬૭૯ (ઈ.સ. ૧૬૨૩)ના સમયનો પાળિયો વાંકાનેર મહાલક્ષ્મી માતાના મંદિર પાસે આવેલો છે. એના ઉપરથી મહાકુંવર સરતાનજીના મૃત્યુનું તેમજ એમની પત્નીએ સહગમન કર્યાનું તેમજ સરતાનજીના પૂર્વજોના નામ મળે છે. તેથી ઐતિહાસિક દૃષ્ટિએ આ પાળિયાલેખ મહત્ત્વનો ગણી શકાય છે.[૮૨] માંગરોળના બગસરામાં એક પાળિયો સંવત ૧૪૪૮ (ઈ.સ. ૧૩૯૨)નો છે. તે ઉપરથી જણાય છે કે સમાનો દીકરો પાતો બગસરા આગળ મોકલસિંહના રાજ્યમાં હણાયો હતો. આ શ્રી મોકલસિંહ જૂનાગઢનો ચૂડાસમા રા' હતો. એ સાલ પછીના પાળિયાઓમાં અમદાવાદના સુલતાનોના નામો મળે છે.

રાજકોટના દેરડીકુંભાજી નામના ગામમાં ત્રણ પાળિયાઓ આવેલા છે. આ પાળિયા રેતિયાળ પથ્થરના છે. ત્રણમાંથી એક પાળિયો રૈયાભાઈ નામના પટેલનો, બીજો કાઠી દરબાર જેઠસુરનો અને ત્રીજો પાળિયો ચારણ મહિલા રાજબાઈનો છે. આ પાળિયાઓ ઈ.સ. ૧૭૫૧ના છે.[૮૩] તેમની પાછળ રૈયાભાઈ અને જેઠસુરની મિત્રતા અને દુશ્મનાવટની કથા છે. રાજબાઈ એ જેઠસુરની માનેલી બેન જે તેના પાછળ સતી થઈ તેવી દંતકથા આ પાળિયાઓ પાછળ રહેલી છે. અમરેલી રાજુલાના રામપરની સીમમાં એક ખેતરની મધ્યમાં એક નાની દેરી છે. દેરીમાં એક પાળિયો છે, જે હાથ અને કંકણ ઉપરથી સતીરૂપે પૂજાય છે. આ દેરીથી ઉત્તરમાં થોડે દૂર બે પાળિયાઓ છે. તે અશ્વારૂઢના પાળિયાઓ છે. આ પાળિયાઓ સાથે વાળા રાજપૂતોની કથા સંકળાયેલ છે. આ ઘટના ઈ.સ. ૧૨૬૦ આસપાસની માનવામાં આવે છે.[૮૪] સુરેન્દ્રનગરના ભેચડામાં પાળિયાના આગળના અને પાછળના બંને ફલક ઉપર ચિત્ર કે શિલ્પ જોવા મળે છે. આવું ભાગ્યે જ બને છે. બંને બાજુ શિલ્પ કેમ કોતરાયા હશે તે પણ સંશોધનની બાબત છે.

ધ્રાંગધ્રા નજીક કાનત્રોડીમાં છતરડીઓમાં સતીઓના પાળિયા આવેલા છે. તે મકવાણા રજપૂતાણીઓના સ્મરણાર્થે છે. તેના ઉપરના લેખ અવાચ્ય છે. એક પાળિયા પર સંવત ૧૫૯૩ની સાલ તથા મકવાણા સાદુલ એટલું ઉકલે છે. સુરેન્દ્રનગરના મૂળી પાસે જોમબાઈ સતી થયા તેની દેરી અને દેરી પાસે શૂરવીરોના પાળિયા આવેલા છે. તેતર પક્ષીને બચાવવા જતા અહીં અનેક શૂરવીરો મરાયા હતા તેવી કથા આ સાથે જોડાયેલ છે.

સુરેન્દ્રનગરના દૂધરેજમાં વેગબંધ ધસતા ઘોડા માથે ભાલું તોળેલો નાજભાઈનો સંવત ૧૭૮૦ (ઈ.સ. ૧૭૨૫)નો પાળિયો દૂધરેજના નાના મંદિરના ચોગાનમાં આવેલો છે. તેની વિશિષ્ટતા એ છે કે તેમાં લેખ પાળિયાની ઉપરના ભાગમાં કોતરવામાં આવ્યો છે અને તેની નીચે મુખ્ય શિલ્પ આવેલ છે. ઝાલાવાડ આંબરડીમાં વીશળકીબારી નામે સ્થળ છે. અહીં વીશળ

રાબો અને તેના અગિયાર મિત્ર થઈ બાર જણાએ બાદશાહી ફોજ સામે લડાઈ નોતરેલ. જેમાં લડાઈ થઈ ત્યારે અગિયાર હાજર હતા અને બારમો દીકરીને વળાવવા ગયેલ તેનું નામ તેજરવ સાખે સોયો જેણે ધીંગાણું થયા પછી આવી ચડતા અગિયારની સળગતી ચિતા પર ચડી હાથમાં માળા ગ્રહી પોતાના પરમ મિત્રો અને સગાઓની ચેહમાં પોતાના જીવતા દેહને બાળ્યો. આ બાર મિત્રો જ્યાં મરાણા ત્યાં બાર ખાંભીઓ અને દેરી છે. જેને ચારણવીશળકી બારી કહેવામાં આવે છે. મૂળીમાં જોમબાઈ અને તેના પુત્ર મુંજાજીના પાળિયા છે. પોરબંદર પાસેના છાયામાં સંવત ૧૭૪૦ થી ૧૭૫૦ વચ્ચેના ઘણા બધા પાળિયાઓ છે. તેમાં ઘણી બધી કોમના પાળિયા છે. ઉના બોડિદરમાં આહીર ઉગા દેવાયતની ખાંભીની નોંધ મળે છે. ઉના પાસે ગુપ્ત પ્રયાગમાં ઢોલીનો પાળિયો આવેલો છે. બેટશંખોદ્ધારમાં રાણા વિક્રમસિંહજીનો પાળિયો આવેલો છે.

સૌરાષ્ટ્રના આ પાળિયાઓની યાદી તો હજી ઘણી અધૂરી છે. આ સિવાય પણ સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયાઓમાં ઘણી જગ્યાએ જૂના વખતના અને મોટા ભાગના વિસ્તારમાં મધ્યકાળ અને તેના પછીના અર્વાચીન સમયના પાળિયા પ્રાપ્ત થાય છે. જે સામાન્યપણે સૂરધનની ખાંભીઓ જ છે. સૌરાષ્ટ્રના આ પાળિયાઓમાં પરંપરાગત શિલ્પ જોવા મળે છે. કોઈ સ્થળે વિશિષ્ટ શિલ્પના પાળિયા પણ આવેલા છે. સતીના પાળિયાઓ પણ પ્રાપ્ત થાય છે અને તેની સ્થિતિ અન્ય પાળિયા કરતા સારી જણાય છે. તેમાં મોટા ભાગનાની પૂજાવિધિ આજે પણ થતી જણાય છે. અહીં તો ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલા પાળિયા સ્મારકનો આછો ચિતાર આપવાનો જ હેતુ રહેલો છે.

૩.૨ ઉત્તર ગુજરાતના પાળિયા :

ઉત્તર ગુજરાત પણ પાળિયાની બાબતમાં પ્રાચીનતા ધરાવે છે. મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ઈડરની પોળો વગેરેમાં પાળિયાઓ આવેલા છે. ઉત્તર ગુજરાતમાં કેટલાંક ગામોમાં પાળિયાઓ આવેલા છે. આ પાળિયાઓ મોટાભાગે ગામ પાસેના તળાવને કાંઠે અગર તો જ્યાં શૂરવીર કામ આવ્યો હોય ત્યાં મંડાયેલા છે. ઉત્તર ગુજરાતના વિસનગર દવાડાના દાદાભાનો પાળિયો, સિદ્ધપુર મેત્રાણામાં ચાચરેટ દાદાની ખાંભી, બનાસકાંઠાના લાધાભા વગેરે જેવા પાળિયા સ્થાનકોમાં તેમના નામથી આજે પણ મેળાઓ ભરાય છે.

એક પાળિયો શામળાજી વિસ્તારમાંથી ગુજરાતના પુરાતત્વ ખાતાને મળી આવેલો. તેમાં વીરયોદ્ધો હાથમાં ઘોડાની લગામ પકડી અશ્વારૂઢ થયેલો કંડારવામાં આવેલ છે. બીજા હાથમાં માળા છે. કપાળમાં વૈષ્ણવ તિલક છે. પહેરવેશમાં પાઘડી, કાનમાં ગોળ કડીઓ, ગળામાં માળા જોવા મળે છે. કમરબંધમાં કટાર ખોસેલી જણાય છે. પીઠ ઉપર ઢાલ છે. ઉપરના ભાગમાં સૂર્ય-ચંદ્રની આકૃતિ કંડારેલી છે. નીચેના ભાગમાં સંવત ૧૮૨૬ (ઈ.સ. ૧૭૬૯)ની સાલનો લેખ છે.[૯૫] શામળાજી મંદિર નજીક પણ ઘણા પાળિયાઓ જોવા મળે છે.

ધરમપુરમાં સર્વવાહિની નીદના કાંઠે સતીમાતાનું ૧૯૨ વર્ષ જૂનું મંદિર આવેલ છે. આ સતીમંદિર પાછળ કથા સંકળાયેલ છે. કેશવજી રામનગરના સૈન્યમાં ઉચ્ચ અધિકારી હતા. એમને ધરમપુર રાજ દ્વારા દળવીની પદવી આપવામાં આવી હતી. તેથી તેઓ કેશવજી દળવી તરીકે ઓળખાતા હતા. એમના બીજા ભાઈ જગન્નાથ હતા. જગન્નાથની ત્રણ દીકરી હતી, તેમાં એકનું નામ બયાબાઈ હતું. બયાબાઈ ચૌબક વિઠોબા સાથે પરણી હતી. વિઠોબાનું મૃત્યુ થતાં બયાબાઈ સતી થઈ હતી. તેની યાદમાં સતીમાતાનું મંદિર બાંધવામાં આવ્યું છે.[૭૬] મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. જેના પરથી સામાજિક પ્રભાવ સમજી શકાય છે.

વિસનગરમાં દેળિયા તળાવ આવેલ છે. તેની નજીક એક પાળિયો છે. તેની પર પૂર્વ દિશામાં હાથી અને પદાતિ વચ્ચેનું યુદ્ધ દર્શાવ્યું છે. દક્ષિણ દિશામાં પાખરવાળા અને પાખર વિનાના અશ્વો પર સવાર થયેલ યોદ્ધાઓનું દૃશ્ય છે. પશ્ચિમ તરફ શિવપૂજાનું હોય તેવું દૃશ્ય છે. જ્યારે ઉત્તર તરફ પદાતિ યુદ્ધ દર્શાવ્યું છે. આ પાળિયાનો નીચેનો ભાગ પણ ચોરસ હોઈ તે ગોવર્ધનનું સ્વરૂપ સાચવતો નથી. તે યુદ્ધનું કોઈ દૃશ્ય છે. પરંતુ તે યુદ્ધ ક્યારે અને કોની વચ્ચે થયું હશે તે લખાણ સિવાય સ્પષ્ટ થતું નથી. આ પાળિયાની શૈલી પરથી તે તેરમી-ચૌદમી સદીનો હોય એમ લાગે છે. તેનું હાલનું સ્થાન તેનું મૂળ સ્થાન નથી. તે ક્યાંયથી લાવવામાં આવ્યો હશે એમ લાગે છે.[૭૭] આ વિશિષ્ટ પ્રકારનો પાળિયો છે. ગોવર્ધનના ઘાટને મળતો આવતો હોવાથી ગોવર્ધનનો ખાંભો છે કે કેમ એ પણ પ્રશ્ન છે.

ઈડરમાંથી રથારૂઢ શૂરવીરનો પાળિયો પ્રાપ્ત થયો છે. ઈડરમાં છતરડીઓ આવેલી છે. ઈડરના ટેકરા પર તે જોઈ શકાય છે. છતરડીમાં એક અથવા બે પાળિયાઓ છે. છતરડીનો આકાર ઘુમ્મટ જેવો છે. ઈડરના રાજા ગંભીરસિંહજી સાહેબ સંવત ૧૮૯૦માં અવસાન પામ્યા હતા. તેઓનું અવસાન થતા તેમની ૧૪ રાણીઓ સતી થઈ હતી. જેમના પાળિયા અને છતરડીઓ અહીં જોઈ શકાય છે.[૭૮] ઈડરના વડાલીના પથ્થર ઉપર ૧૩મી સદી અને ગુજરાતના રાજા અર્જુનદેવના નામનો ઉલ્લેખ છે. ઈડરના દાવડમાં આંકોલ માતાની વાવ નજીક કુંડલેશ્વર મહાદેવના મંદિરમાં આવા ૧૩મી સદીના પાળિયા છે. દાવડના પાળિયા ઉપર મહામંડલેશ્વર ગુર્જરરાજ લુણધવલના નામનો ઉલ્લેખ છે. આ લેખોમાં મળી આવતા ગુજરાતના રાજાઓના નામ તથા સમયનો ઉલ્લેખ ઘણો અગત્યનો છે.[૭૯]

ગુજરાતમાં સૌથી જૂનો પાળિયો આભાપુર ઈડરની પોળોમાંથી મળે છે. એ પદાતિનો પાળિયો છે. તે વિ.સં. ૮૧૨નો છે. પોળોના વિ.સં. ૧૩૫૭ના પાળિયામાં પુરુષ અને સ્ત્રી આકૃતિઓને બારીક ગ્રીક શૈલીના વસ્ત્રો કોતરેલા દર્શાવ્યા છે. વિ.સં. ૧૩૬૨ના ઉજેડિયા સાબરકાંઠા પ્રાંતીજના પાળિયામાં રાજા સમરસિંહ ઘોડેસવારી કરે છે. તેમાં ઘોડાને ગ્રીક શૈલીના બખ્તરમાં સજાવેલો દર્શાવ્યો છે. વિસનગર કમાણામાં રથારૂઢનો પાળિયો છે. લોકો એને

પાટણના છેલ્લા રાજા કર્ણદેવના પાળિયા તરીકે ઓળખાવે છે ને ઘેલાવીર તરીકે સિંદૂર ચડાવે છે. પાટણ ચારૂપમાં નવલસંગ રાજપૂતનો પાળિયો છે. તે હકીકતે વીરતા દર્શાવી ધીંગાણે કામ આવ્યો નથી, પણ એને વંશ ન હોવાથી એનું નામ કાયમ રાખવા પાળિયો મુકાયો છે. સિદ્ધપુર મુકતુપુરમાં જૈન વાણિયાનો અને વિસનગર કરણપુરમાં વણઝારાના પદાતિના પાળિયા આવેલા છે. કરણપુરમાં સતીના પાળિયામાં આખી આકૃતિ કોતરાઈ છે. હિંમતનગર રૂપાલમાં ચિતાની જ્વાળાઓમાં સળગતી સ્ત્રીનો પાળિયો કોતરાયેલો છે. મુંજપુર પાસેના લોટેશ્વરમાં શિકોતરોના અસંખ્ય પાળિયાઓ ઊભા છે. વિસનગરના દવાડામાં દાદાભા હંગરામશનો ચાંદીનો પાળિયો છે. કરણપુરમાં લાકડાના પાળિયાઓની નોંધ પણ મળે છે.[૯૦]

મહેસાણા જિલ્લાના દેલમાલ ગામના નિંબની માતાના મંદિર પાસે પતિ-પત્નીની જોડીવાળી ચાર ખાંભીઓ મૂકાયેલી છે. તેમાં અગત્યની ખાંભી ચેલૂ પહેલવાન અને તેની પત્ની કૂંજાની છે. આ ચેલૂ પહેલવાને પોતાના લગ્ન થયાને થોડો સમય ગયા પછી ઊલૂઘખાનના લશ્કર સામે લીમડો ઉખેડી નાખવાની શરત કરી હતી. પહેલવાને એક જ ધક્કે લીમડો ઉખેડી નાખ્યો પણ લીમડો ઉખેડતા અણધાર્યા બળથી તેના પ્રાણ ગયા. આ ચેલૂ પાછળ તેની પત્ની સતી થઈ. ચેલૂ પહેલવાનની યાદમાં પતિ-પત્નીનાસુંદર કોતરણીવાળા પાળિયા માંડવામાં આવ્યા છે. પહેલવાનના હાથમાં મલ્લ અને સતીની બે હાથ જોડેલી પૂર્ણ આકૃતિઓ કોતરવામાં આવી છે. ઉપર સૂર્ય-ચંદ્રના પ્રતીકો છે. તેની યાદમાં નિંબની માતાના મંદિરમાં એક તોરણ પણ કોતરાયેલ છે.

મહેસાણાના ચાણસ્મા મુંજપુરમાં લોટેશ્વર મહાદેવના મંદિર પાસે એક પાળિયો ઊભો છે. તેને રણચગો કહેવામાં આવે છે. આ રણચગામાં શિવલિંગની પૂજા કરતી હારબંધ સૈનિકોની હારમાળ દેખાય છે. આ હારમાળ બે ખાંભીઓ ઉપર કોતરાયેલી દેખાય છે. જેમાં સૈનિકો શિવલિંગને નમન કરી લડવા જતા દર્શાવવામાં આવ્યા છે. મહેસાણાના સમીના શંખેશ્વરમાં ત્રાગાનો પાળિયો આવેલો છે.

મહેસાણા વિજાપુરના સોખડા આસુડા અને દેવડા નામે ગામો છે. સંવતના ચૌદમા સૈકાના ઉત્તરાર્ધમાં પાટણ ઉપર મુસ્લિમ શાસન સ્થપાયું એ સમયે આ ત્રણ ગામનો ઠાકોર રાજસિંહ દેવડો પોતાનું રાજ્ય જાળવી શક્યો હતો. આ રાજસિંહને તેના કુટુંબીએ દગો કરી ઘાયલ કર્યો. રાજસિંહ મૃત્યુ પથારીએ પડ્યો હતો ત્યારે તેણે સોખડાના સિદ્ધનાથ મહાદેવના મહંતને પોતાના પુત્રના ઉછેરની જવાબદારી આપી. રાજસિંહ મૃત્યુ પામતા તેનો દુશ્મન મોકળજી ઠાકોર બન્યો. આ મોકળસિંહે રાજસિંહના પુત્રને તીરથી મારી નાંખ્યો. આ વાતની જાણ થતા મહંત એ મરેલ બાળકને લઈને મોકળસિંહના રાજગઢને દરવાજે ગયા અને ત્યાં ચિતા ખડકાવી પેલા બાળકને ખોળામાં લઈ જીવતા બળી મૂઆ. મહંતના શિષ્યોએ ખોળામાં ઠાકોરના

બાળકને લઈને લલિતાસને બેઠેલ મહંતની ખાંભી કોતરાવી. વર્ષો સુધી આ ખાંભી દેવડા રજપૂતોની ડેલી સામે રહી. પછીથી આ ખાંભી સિદ્ધનાથ મહાદેવના મંદિરમાં લાવવામાં આવી. ખોળામાં ખાંભીનો આ પ્રકાર ત્રાગાના જુદા જુદા પ્રકારોમાં ગણાવી શકાય.[૯૧]

સાબરકાંઠાના મોટાભાગના પાળિયાઓ મધ્યયુગીન છે. જે શિણોલ, શોભરડા, પોળો, ઉજેડિયા, હાથરોલ, વાડોદ, ચોપલપુર, દેરોલ, ઉભરાણ, મોડાસા, ઈડર, ગણેર, શામળાજી, દાવડ વગેરેમાં જોવા મળે છે. વડાલીના ૧૬મી સદીના પાળિયામાં ગોધનને બચાવવા વાઘ સાથે તલવારથી લડતા વીર યોદ્ધાની આકૃતિ કોતરેલી છે. દેસર હોલોલમાંથી વિ.સં. ૧૩૪૭, ૧૩૫૮, ૧૩૬૯ અને ૧૩૭૨ના લેખવાળા ચાર પાળિયાઓ મળ્યા છે. દેલમાલમાં અજયપાળનો પાળિયો આવેલો છે. હિંમતનગરના રૂપાલમાં હાથી સવાર રાજાનો પાળિયો આવેલો છે. રૂપાલ ગામમાં ઝાઝણી માતાના મંદિર પાસે ઘણા પાળિયાઓ આવેલા છે. કાલવણ નજીકના પુરાણા કેન્યાટાના સૂર્યમંદિર પાસે પતિ અને તેની પાછળ સતી થનાર સ્ત્રીની અનેક ખાંભીઓ આવેલી છે. રાજાના પાળિયા સાથે એક બે કે ત્રણ જેટલી રાણીઓ સતી થઈ હોય તેની પ્રતિકૃતિઓ કોતરાઈ છે. આવો એક પાળિયો સાબરકાંઠાના શિણોલ ગામ બહાર છતરડીમાં મૂકાયેલ છે. આ વિ.સં. ૧૮૮૨નો જોધપુરના કોઈ રાજકુમાર અને તેની પાછળ સતી થયેલ બે રાણીઓનો પાળિયો છે. ઉપર સૂર્ય અને ચંદ્ર છે. રાજા બે રાણી અને નીચે લેખ કોતરાયો છે. બનાસકાંઠાના ચડોતરા ગામ બહાર રાજા અર્જુનજી અને તેની પાછળ સતી થયેલ રાણી પદ્માબાઈ અને અમરીબાઈનો પાળિયો આવેલ છે. પાળિયામાં રાજા પોતે ઘોડેસ્વાર થયેલ દેખાય છે. તેની બે પત્નીઓ બાજુમાં ઊભેલ છે. નીચે લેખ કોતરેલ છે.[૯૨]

સાબરકાંઠાના ગણેરગઢમાં જૌહરનો પાળિયો આવેલ છે. જેમાં સતીઓને જૌહર કરતા પહેલા શિવલિંગની પૂજા કરતી દર્શાવવામાં આવી છે. સાબરકાંઠાના હાથરોલમાં ધનુષધારીની ખાંભી આવેલ છે. યોદ્ધાના હાથમાં કમાન પર ચડાવેલ તીર સાથેનું ધનુષ દર્શાવેલ છે. મોડાસાના મુન્શીવાડામાં પટેલનો પાળિયો છે. હાથમાં તલવાર અને ઢાલ સાથે પદાતિ કોતરાયો છે. નીચે લેખ છે. સમૌમાં ૧૮૫૭ના ડિસેમ્બરમાં સૈનિકોના હાથે મરાયેલ મગનલાલ ભૂખણજી વણિકની ખાંભી શાળા પાસે આવેલી છે. અહીં અન્ય પાળિયાઓ પણ આવેલા છે. પ્રાંતીજના ઉજેડિયા ગામ પાસે આવેલ નીલકંઠેશ્વર મહાદેવના મંદિરમાં મૂકાયેલ એક પાળિયામાં ઘોડાને ગ્રીક શૈલીનું આખું બખ્તર પહેરાવેલ છે. સંવત ૧૩૬૨નો ગ્રીક શૈલીનો આ પાળિયો રાજા સમરસિંહનો માનવામાં આવે છે. સંવત ૧૩૫૦નો યવન શૈલીના પહેરવેશવાળો પતિ પત્નીનો ઘુંમટ આકારના મથાળાવાળો પાળિયો પોળોના જંગલમાંથી મળી આવ્યો છે. આ પોળોના સારણેશ્વરના મંદિરમાં કમળપૂજાનો પાળિયો આવેલ છે. રાજા રામસિંહ અને તેની રાણીનો પાળિયો જે દસ ફૂટની ઊંચાઈનો છે. સ્તંભની જેમ તેમાં કોતરણી કરવામાં આવી છે.

પાટડીથી ધામ તથા માંડલ અને ત્યાંથી કંકાવટીને રાજધાની બનાવી ચૂકેલા ઝાલાઓ કૂવાનો સર્વનાશ થતા નવી રાજધાની શોધવા મથી રહ્યા હતા ત્યારે વાઘોજીની સાથે કૂવામાં નાથોજી, મેયજી અને બીજા પુત્રો કામ આવી ગયા. સાતમા કુંવર વીરમદેવજી સમી મુંજપુરના મુસ્લિમ થાણદાર સામે લડતા કામ આવી ગયા અને તારંગા પાસેના આણપોદરુ ગામે વીરમનાથ નામે પાળિયો બનીને પૂજાયા.

ઉત્તર ગુજરાતમાં મહેસાણાના પાલોદરામાં રૂપશંકર મહારાજનો પાળિયો, વિસનગર દવાડામાં ઘોડેસવારના પાળિયા શિહોરી, ભીલડીના પાળિયા તૂટેલા મંદિરોના પથ્થરોમાંથી બનાવાયા છે. સિદ્ધપુરના ચંડાલજમાં સાધુનો પાળિયો આવેલો છે. માણસાના મહારાજા આણંદસિંહજી પાછળ તેમની રાણીઓ સતી થઈ હતી. આ બધાના પાળિયા અને છતરડીઓ માણસા તેમજ રોહીડામાં આવેલ છે. ઈડર નજીકના મહાકાળેશ્વરના મંદિર પાસે અનશન કરી પ્રાણત્યાગ કરેલ જૈન સાધુનો પાળિયો આવેલ છે. આમ, ઉત્તર ગુજરાતની ભૂમિમાં પણ પાળિયાઓ જોવા મળે છે. પોળોના જંગલોમાં પ્રાચીન સમયના પાળિયાઓ જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં તુલસીક્યારાનો રિવાજ પણ છે. ઉપરાંત પશુ, પક્ષી અને પ્રાણીઓની ખાંભીઓ અને મંદિરો, દેરીઓ વગેરે ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. ગ્રીકશૈલીના પાળિયાઓ આ વિસ્તારમાં વધારે પ્રાપ્ત થયા છે. આમ, પાળિયા સૃષ્ટિની દૃષ્ટિએ આ વિસ્તાર પણ સમૃદ્ધ કહી શકાય છે.

3.3 મધ્ય ગુજરાતના પાળિયા :

મધ્ય ગુજરાતમાં પાળિયાની સંખ્યા હાલની સ્થિતિએ ઓછી છે. આ વિસ્તારના કોઈક સ્થળે પાળિયા જોવા મળી જાય છે. આમાંના મોટાભાગના પાળિયા તો ગામ લૂંટવા ચડી આવેલી ધાડને પાછી વાળવા જતા સંખ્યાબળમાં વધારે એવા શત્રુઓની સાથેની ઝપાઝપીમાં મોતને વહાલું કરનાર શૂરવીરોના પાળિયા છે. થોડાઘણા સૂરધનના, ક્ષત્રિયોના, રબારીઓના પાળિયા પણ છે અને એવી જ રીતે સતીઓના પાળિયા તથા દેરીઓ પણ જોવા મળે છે.

આણંદ તાલુકાના ભીલેશ્વર ગામના પાદરે સતીમાતાનું સ્થાનક બનાવેલું છે. તેનો ઇતિહાસ, દંતકથા મળી આવે છે. ત્યાંથી થોડે દૂર આવેલા તરણોલ ગામના પંડિત શ્રી સુરભદ્દ અને એમના પત્ની સાકરબા દેવોને પણ ઈર્ષા આવે એવું દાંપત્યજીવન ગુજારતા હતા. સુરભદ્દને જાતરા કરવાની ઈચ્છા થતાં પગપાળા કાશીની જાતરા કરવા નીકળી પડ્યા. સાકરબાને એવામાં અચાનક ખબર આવ્યા કે સુરભદ્દ તો કાશીમાં જ દેહ છોડી ગયા છે. તેમના અવસાનની ખાતરી થતા સાકરબાને સત ચડ્યું અને ભીલેશ્વર ગામની ભાગોળે ખડકેલી ચિતામાં પ્રવેશી સાકરબા સતી થયા. એ જ સ્થળે એમનો પાળિયો અને દેરી બનાવવામાં આવ્યા, જે આજે પણ મોજુદ છે. ઠાસરા તાલુકાના મહીઈટાડી ગામે સોલંકી શિવજી સિંગાજીના દીકરી સતી થયેલા તેની દહેરી છે.

પેટલાદ તાલુકાના ધર્મજ ગામના રતનદાસ સુરદાસની પાછળ એમના પત્ની સતી થયા એમનું સ્થાનક છે. બોરસદ તાલુકાના કાવીઠા, દહેવાણા, દેદરડા, રાસ અને વાલવોડ ગામોમાં સતીઓના પાળિયા સ્થાનકો મળી આવે છે. ખંભાત તાલુકાના ફિણાવ ગામે પણ સતીનો પાળિયો ઊભો છે. આણંદ ઉમરેઠ ગામમાં તો ૧૪ સતીઓના પાળિયાઓ જોવા મળે છે.[૯૩]

અમદાવાદ નજીકના તાજપુરમાં ૯ જુલાઈ, ૧૮૫૭ના રોજ યુદ્ધ ખેલાયું. આ ૧૮૫૭ના સંગ્રામના ગાળાનું યુદ્ધ હતું. ગુજરાતના અનિયમિત અશ્વારોહી દળના સાત સૈનિકોએ અમદાવાદમાં ૯મી જુલાઈએ બંડ પોકાર્યું. જેમાં એક બાહોશ અને નિડર સૈનિક તાજપુર ગામના રત્નાજી ઠાકોર હોવાનું જણાય છે. આ સૈનિકોનો ઈરાદો સરકારી શસ્ત્રાગાર અને શસ્ત્રો કબજે કરવાનો હતો, પરંતુ તેમની વિરોધી ટુકડીના સિપાઈઓએ એમને સાથ આપ્યો નહીં. મુરખાઓ, ફિરંગીઓ આપણને હડપ કરી રહ્યા છે, તેઓએ બૂમ પાડી. સત્તાની આણ પ્રવર્તતી હતી, એટલે સાતે સૈનિકો છાવણી છોડીને ભાગ્યા. સરખેજ તરફ ઘોડા દોડાવ્યા. ઉપલશ્કરી અધિકારી પીમ તથા કેપ્ટન ટ્રેઈલરની લશ્કરી ટુકડીઓએ એમનો પીછો કરીને અમદાવાદ ધોળકા માર્ગ પર તાજપુર ગામ પાસે આંતર્યા. ત્યાં સંઘર્ષ થતાં પીમના સિપાઈઓએ સ્વાતંત્ર્ય બંધુઓ સામે લડવાનો ઈન્કાર કર્યો. પરંતુ ટ્રેઈલરની કોળી ટુકડીએ સ્વાતંત્ર્ય બંધુઓને મહાત કર્યા. સાતમાંથી બે સૈનિકો ગોળીએ વીંધાયા, કેપ્ટન ટ્રેઈલર પણ ગંભીર રીતે ઘવાયો. બાકીના પાંચને શરણે આવવાની ફરજ પડી. એ બધાને ૧૪મી સપ્ટેમ્બર, ૧૮૫૭ના રોજ ફાંસી આપવામાં આવી. તેઓને મદદ કરવાના આરોપસર બીજા દસ સૈનિકોને જેલની સજા કરવામાં આવી. આ ઘટના સાથે સંકળાયેલ શહીદોના પાળિયાઓ તાજપુરમાં આવેલા છે.

આ તાજપુર શહીદોના ખાંભી સ્મારકની સ્થાપના જાન્યુઆરી, ૨૦૦૧માં કરવામાં આવી. ભારતીબેન શેલતના ઉપક્રમે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું અને શહીદોની ત્રણ ખાંભીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમાં ત્રણે ખાંભીમાં શહીદ વીરોના અંકન કરેલા છે. તેમાં રત્નાજી ઠાકોર તાજપુર ગામના હોવાનો સંકેત મળે છે. બીજા સૈનિકોના નામોનો ઉલ્લેખ મળતો નથી. આ સ્મારકની દેખરેખ ગામના લોકો રાખે છે. સ્મારકની આજુબાજુમાં બગીચો બનાવવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં જાણેઅજાણે લોકોએ આ સ્મારકને નુકસાન કરેલું છે.[૯૪]

જહાંગીરના અમાત્ય સોનપાલના પુત્ર રૂપચંદની પાછળ એની ત્રણ પત્નીઓ સતી થયેલી એની યાદગીરીનો પાળિયો અમદાવાદના દૂધેશ્વર વિસ્તારના એક ખેતરના કૂવાના થાળામાંથી મળી આવેલ છે. પાળિયામાં એક ઘોડેસવાર અને તેની ત્રણ પત્નીઓ ઊભેલી કોતરવામાં આવી છે. આ પાળિયા પરનો લેખ દેવનાગરી લિપિમાં લખવામાં આવ્યો છે. આ પાળિયા ઉપર સંવત ૧૬૭૨ (ઈ.સ. ૧૬૧૬)ની સાલ જોવા મળે છે.[૯૫] બાવળામાં પટેલ જ્ઞાતિની સતીમાતાનું મંદિર છે. જે પોતાના પતિ પાછળ સતી થઈ તેની કથા સંકળાયેલ છે. અમદાવાદ

દહેગામના સાંપામાં રાજપૂતનો પદાતિ પાળિયો છે. વીરના હાથમાં તલવાર અને ઢાલ છે. વીરમગામ પાસેના માંડલમાં સતીનો એક પાળિયો આવેલો છે. તે કુંભારની સતીનો માનવામાં આવે છે. તેની પાછળ લોકવાયકા છે કે તે તેના પતિના ઘણા વર્ષો પછી પતિના અવશેષો ખોળામાં રાખી સતી થયેલ તેનો પાળિયો માંડલના પાદરમાં આવેલો છે.

સતી થનાર સ્ત્રીનો એક જુદા જ પ્રકારનો પાળિયો ખાંભાતના કનીસા ગામના શિવ મંદિરમાંથી મળી આવ્યો છે. એ પાળિયાના નીચલા ભાગમાં અંબામાતાની સિંહસવારીવાળી મૂર્તિ કોતરાયેલ છે અને તેને માથે સૂર્ય ચંદ્રની આકૃતિઓ કોતરવામાં આવી છે. આ પાળિયા પાછળ અંબામાતાની કથા રહેલી છે. તેજબા નામની સ્ત્રી પોતાના પતિના મૃત્યુ પાછળ સતી થઈ હતી. તેજબાના પાળિયામાં બે હાથ વચ્ચે ગણપતિ બંને બાજુએ રિદ્ધિ ને સિદ્ધિ અથવા પૂજારિણીઓ કે પરિચારિકાઓ જણાય છે. પાળિયાના વચલા વિષ્ણુ ભાગમાં સિંહારૂઢ અંબાજી છે. સૂર્ય અને ચંદ્ર ઉપરાંત ચારેકોર નમૂનેદાર કોતરણી કરવામાં આવેલી છે.[૯૬] ખંભાતના કમલસરમાં ઈ.સ. ૧૭૩૫ના જાદવ રાયાભૂલાના પાળિયાની નોંધ પ્રાપ્ત થાય છે. કાલૂમિંયા નજુમિંયાની કબર પણ અહીં છે. ગામની હદ બાબતના રમખાણમાં તેઓ મરાયા હતા.

ખંભાતના ગૂડેલ ગામના પાળિયા સાથે પણ કથા સંકળાયેલ છે. આ પ્રદેશમાં પહેલા કાઠિયાવાડમાંથી કાઠી લોકો ચડી આવતા. ગામ ભાંગતા ને લોકોને લૂંટતા, ઢોર હાંકી જતા. એમનો ત્રાસ સતત ચાલુ રહેતા એકવાર ગામના રજપૂતોએ એકઠા થઈને સામનો કરવાનું નક્કી કર્યું. પછીની ધાડમાં લૂંટારૂઓના દાંત ખાટા થઈ ગયા. લૂંટની મજા માણવાને બદલે રીતસરની લડાઈનો સામનો કરવાનો આવ્યો. એ મારામારીમાં ગામના ચારપાંચ રજપૂતો પણ કપાઈ મૂઆ. તે સ્થળે એમના પાળિયાનું સ્થાપન કરવા ઉપરાંત ત્યાં શંકરનું મંદિર પણ બનાવવામાં આવ્યું છે. આ પરાક્રમમાં જે લોકો કપાઈ ગયા ગૂડાઈ ગયા એ પરથી જ ગામનું નામ ગૂડેલ પડી ગયું એમ કહેવાય છે.[૯૭]

લૂણાવાડાના ડોલરિયા ગામ પાસે એકબીજાને અડીને ત્રણ પાળિયાઓ આવેલા છે. આ ત્રણે પાળિયા ઉપર યુદ્ધમાં જતી સેના કોતરાઈ છે અને એ અશ્વસેના ઉપર હુમલો કરનાર પાયદળ પણ કોતરાયેલ છે. આ બધા પાળિયાનું કોતરકામ ગ્રીક શૈલીનું છે. સૈનિકોના માથા ઉપર હેલ્મેટ જેવો મુકુટ તેનો વેશ પરિધાન ઘોડાનો સાજ વિગેરે ગ્રીક શૈલીની અસરવાળા દેખાય છે. સાથોસાથ ત્રણે પાળિયાની એક બાજુ સૂર્ય બીજી બાજુ ચંદ્ર અને વચ્ચે ગ્રીક અસરવાળું કેવડાનું ફૂલ દેખાય છે. આ પાળિયાઓને રણચગાના પાળિયા કહી શકાય. અજયપાળની દેવસેનાની હરોળની એક ખાંભી અમદાવાદ જિલ્લાના દસક્રોઈના હરસોલીમાંથી મળી આવી છે. આડી ખાંભીને નામે ઓળખાતી આ ખાંભી ઉપર ઘોડેસવારોની હરોળ કોતરાઈ છે. આ ખાંભીને રણચગાની હરોળમાં મૂકી શકાય.[૯૮] રણચગાનો ત્રીજો પ્રકાર લુણાવાડાના

થાણાસાવળી ગામમાં જોવા મળ્યો છે. ગોળ સ્તંભ જેવી ખાંભી રચી તેના ઉપર મંદિરના શિખર જેવું ઇંડુ બનાવી તેના ઉપર એકબાજુ સૂર્ય અને બીજી બાજુ ચંદ્ર કોતરેલ આ ગોળાકાર પાળિયાને રણચગો કહેવામાં આવે છે. આ પ્રકારની એક ખાંભી પાંથાવાડા નજીક પણ આવેલી છે.

નડિયાદના મહિસા ગામની બજારમાં કેટલાંક પાળિયાઓ ઊભા છે. લોકો એમને બારોટના પાળિયા તરીકે જાણે છે. તેના પાછળ દંતકથા છે કે ગામના ગરાસિયાઓના અન્યાય સામે હાથમાં કટારી લઈને ગરાસિયાના ઘરસામે ગયા અને ત્રાગું કર્યું. પોતાના જ હાથે કપાઈ મર્યા. એમની પાછળ એમના પત્નીએ પણ કટારી ખાઈને દેહ છોડ્યો. આ બનાવથી ગરાસિયાઓની આંખ ઉઘડી. એમણે જ બારોટની ખાંભીઓ ખોડાવી. એ કુટુંબોમાં વાર તહેવારે કે પ્રસંગટાણે ખાંભીની પૂજા કરવાનો રિવાજ થયો. આ ત્રાગાની યાદ આપતા પાળિયા મહિસાની બજારમાં ઊભા છે. નડિયાદના નદગામમાં બે પાળિયાઓ છે. આ પાળિયા ત્યાંથી થોડે દૂર આવેલ સુરાસામળ ગામના બે પરાક્રમી ભાઈઓના છે. એ ગામનું નામ પણ એ બંને વીરની યાદગીરી સમું છે. એ સમયમાં ધાડ પાડીને ગામ લૂંટવાની બીના અસામાન્ય નહોતી. પણ આ બંને ભાઈઓની ધાકના લીધે ગામ નિરાંતની ઊંઘ લઈ શકતું હતું. એવામાં ગામ લૂંટાતા સૂરા સામળ અને લૂંટારૂઓ વચ્ચે ઝપાઝપી થઈ. એમાં એક પછી એક બંને ભાઈ કામ આવી ગયા. એમના પાળિયા સુરાસામળ અને નંદગામ વચ્ચે ઊભા છે. નડિયાદના પીપલગ અને પીપળાતા ગામમાં પણ પાળિયાઓ આવેલા છે. સંવત ૧૭૫૮નો પગપાળા પદાતિ સૈનિકનો પાળિયો નડિયાદના કાસોરમાં આવેલ છે. જેમાં નીચે ફુલની ભાત પાડવામાં આવી છે. ઉપર બંને બાજુ ફૂલો કોતરવામાં આવ્યા છે. નીચે લેખ છે.

સતી ધનકોરબાઈનો પાળિયો બોરસદ વિસ્તારમાંથી મળી આવ્યો છે. રાજબાઈના પાળિયાની નોંધ વીરમગામમાં મળે છે.[૯૯] નવાગામમાં ગામ રક્ષાર્થે મરાયેલા પુરુષોના પાળિયા સૂરધન તરીકે પૂજાય છે. ચૂણેલમાં રબારીના સૂરધનોના પાળિયા આવેલા છે. અરજનપર કોટ ગામે બાલપીરનો પાળિયો મળી આવે છે. ઉત્તરસંડામાં પણ ખોદકામ દરમ્યાન હાથમાં ઢાલ અને તલવારવાળો ઘોડેસવારનો પાળિયો મળી આવ્યો છે. સંદેશરમાં મહિજી પટેલના બે પટેલ ભાઈઓના પાળિયાઓ ઊભા છે. જે ગરાસિયાઓ સાથે લડતા મરાયા હતા. આણંદના ઉમરેઠ, ખાંભોળજ, ઝાલા, બોરડી, ભરોડા, વહેરાખડી અને શીલી ગામે પાળિયાઓ જોવા મળે છે. આણંદના લીંગડાના પાદરમાં એક પગી જાતના બારૈયાઓનો અને બીજો કોટવાળ જાતના બારૈયાનો પાળિયો આવેલો છે. સામરખામાં ગઢવી અને રબારીના સૂરધનોના પાળિયા છે. સુંદણ ગામે ભાથીજી મહારાજના ચોતરા પાસે બે પાળિયાઓ આવેલા છે. હાડગુડ ગામે કૂવો ગાળતા એક જૂનો પાળિયો મળી આવ્યો છે. જેની વિગત મળતી નથી. બેડવા ગામથી સારસા જવાના રસ્તા પર એક પાળિયો આવેલો છે, તેને અશ્વપાળના પાળિયા તરીકે ઓળખવામાં આવે છે. રાસનોલમાં ક્ષત્રીદાદાનો પાળિયો આવેલ છે. સુંદલપુરામાં નારણદાદાનો પાળિયો આવેલ છે.

પંચમહાલના લુણાવાડા, ઝાલોદ, ટુવા, મહેલોલ અને કલિયાણામાં પાળિયાઓ જોવા મળે છે. સુંથ અને સુખસર વચ્ચે ઈ.સ. ૧૨૧૮ના પાળિયા જોવા મળે છે. હાલોલના ખાખરફળિયામાં સંવત ૧૫૯૨નો પાળિયો નોંધાયો છે. સાઠંબામાં ગામથી થોડે દૂર કાનસિંહ સોલંકીના ખેતરમાં બે જૂના પાળિયા છે. જે લોઢિયા પથ્થરમાંથી ઘડેલા છે. એક પાળિયામાં સૂર્ય ચંદ્ર અને તીર કામઠાવાળો માનવી કોતરાયો છે. બીજા પાળિયામાં ઢાલ અને તલવારધારીની કોતરણી છે. બાજુમાં વાઘ કોતરાયેલ છે.[૧૦૦] સાણંદના ચરલમાં તળાવની પાળે ચારણ્ય વીરામાતાનો પાળિયો અને દેરી છે. તેની પાછળ લીમડા કાપતા બચાવવાની કથા છે. આ બનાવ સંવત ૧૯૬૪ (ઈ.સ. ૧૮૦૭)માં બન્યો હોવાનું માનવામાં આવે છે.[૧૦૧] ઠાસરાના વસોમાં વાઘ સાથે બાથ ભીડનાર પરમાર સોમાભાઈ દીપાભાઈનો પાળિયો આવેલો છે. ઠાસરાના સરનાલમાં હરસદ ભવાનીના નામનો એક પાળિયો પણ મળી આવ્યો છે. ઉપરાંત આગરવા કોતરિયામાં ગામ રક્ષણ માટે મરાયેલા વીરોના પાળિયાઓ જોવા મળે છે. રાણિયા ગામમાં ગમસંગ અને બાલાસંગના પાળિયા છે. સૈયાત ગામે હઠીસીંગનો પાળિયો છે. પોરડા, માસરા, બાંધરપુરા, કોસમ, શાહપુર, હરખોલ, વાદડ અને ઉપલેટમાં પણ પાળિયાઓ જોવા મળે છે.

બોરસદના આસોદ, કહાનવાડી, ખડોલ, ગંભીરા, નીસરાયા, બોલાદ, ભેટાસી ગામોમાં પાળિયા જોવા મળે છે. ઝારોડા ગામની ભાગોળે અસ્પષ્ટ લખાણવાળો પાળિયો ઊભો છે. કાનાસંખ્યાડ ગામે સાદાભાઈનો પાળિયો છે. માતરના ખરેંટી, દલોલી, હાડેવા અને રાણાસર ગામે પાળિયા ઊભા છે, જે ધાડને પાછી વાળતા મરાયેલા વીરોના હોવાનું મનાય છે. વારસ ગામના પાદરમાં બહારવટિયા સામે લડતા મૃત્યુ પામેલા શ્રી લાખુભાઈની સ્મૃતિમાં પાળિયો ઊભો કરાયો છે. શેત્રા અને હેરજમાં સૂરધનની ખાંભીઓ છે. પેટલાદના દંતાલીમાં ધાડ વાળતા મરાયેલા બારૈયા ભૂલાભાઈ દાદાભાઈનો પાળિયો ઊભો છે. દેવા ગામમાં બે પાળિયા આવેલા છે, જેનું લખાણ વંચાતું નથી. ધર્મજમાં પણ દવાખાના પાસે શૂરવીરોના પાળિયા આવેલા છે. પેટલાદ નારમાં ખોડિયાર તલાવડીએ મલાવ તળાવના કિનારે પાળિયા છે. શાળા આગળના પાળિયા પર સંવત ૧૭૬૫ જેઠ સુદ ૭ મંગળવાર વંચાય છે. મહેમદાવાદના રોહીસામાં પનાજી પરમારનો પાળિયો આવેલ છે. સાંખેજ ગામને સીમાડે મામા, હીરા રબારીના પાળિયા છે. વાડાશીનોરમાં વડદલામાંથી ત્રણ પાળિયાઓ મળી આવ્યા છે.[૧૦૨] વડોદરાના છોટાઉદેપુરના પાનવડ ગામમાં આગમાં સતી થનાર સ્ત્રીનું દૃશ્ય ધરાવતો પાળિયો આવેલો છે. અહીં આદિવાસી રાજાનો પાળિયો પણ છે.

વીરમગામના કોકતામાં સંવત ૧૭૨૨નો અલંકૃત ઊંટસવારનો પાળિયો આવેલો છે. કપડવંજના પાવઠી ગામે ભરવાડ મેરાભાઈની સમાધિ આવેલ છે. જે ધાડપાડુ સામે લડતા મરાયા હતા. જેની દેરડીના નામ પરથી ગામને પણ દેરડી પાવઠી તરીકે ઓળખવામાં આવે છે.[૧૦૩] સંતરામપુરના અતિથિગૃહ પાસેના ચોગાનમાં કેટલાંક પાળિયાઓ આવેલા છે. આ બધા

૧૮૫૭માં કાંતો ગોળીએ દેવાયા હતા અથવા યુદ્ધમાં મરાયા કે ફાંસીએ લટકાવાયા હતા. સંતરામપુરમાં ૧૮૫૭માં જમાદાર મુસ્તુફાખાને વિપ્લવનો ઝંડો ઉઠાવેલો. રાજા તો ડરી ગયો, તેણે અંગ્રેજોની મદદ માંગી. મુસ્તુફાખાન અને વિપ્લવીઓ સાથે દગો થયો. કેપ્ટન આલ્બર્ટ અને તેના સૈનિકોએ બળવો રગદોળી નાખ્યો. આ બધા વીરોની સમાધિ આજેય ઊભી છે.[૧૦૪] નંદેલી ગામની ભાગોળે ધાડમાં મરાયેલા ભગવાનસિંહ રાઠોડ અને માનસિંહ ઝાપડાના પાળિયાની નોંધ મળે છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતના ઈંદરણજ, મહિથારી, કસ્બારા, ચાંગડા, તામસા, નભોઈ, પાંદડ, મોટા કલોદરા, વડગામ, વટાદરા, વરસડા, વાલદપુરામાં અને વૈણજ તથા દુગારી, ગલિયાણાની સીમમાં પણ પાળિયાઓ જોવા મળે છે. આમ, આ વિસ્તારમાં પાળિયા સૃષ્ટિની માહિતી પ્રાપ્ત થાય છે. આ પાળિયાઓમાં ધાડપાડુઓ સામે લડતા મરાયાના પાળિયાઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. સતી સ્મારકો પણ પ્રાપ્ત થાય છે, જેની સાથે દંતકથા સંકળાયેલ જોવા મળે છે. મધ્ય ગુજરાતમાં પ્રમાણમાં પ્રાચીન પાળિયાઓની નોંધ ઓછી મળે છે.

૩.૪ દક્ષિણ ગુજરાતના પાળિયા :

દક્ષિણ ગુજરાત પાળિયા સૃષ્ટિની બાબતમાં અલગ પ્રકારની વિશિષ્ટતા ધરાવતો પ્રદેશ છે. અહીંના આદિવાસી વિસ્તારોમાં લાકડાના પાળિયા જોવા મળે છે. તેના નામની દૃષ્ટિએ પણ ભિન્નતા રહેલી છે. આ Memorial Slab દક્ષિણ ગુજરાતમાં મુખ્યત્વે સોનગઢ, ઉચ્છલ, નિઝરના જંગલ અને પર્વતીય વિસ્તારોમાં જોવા મળે છે. ખાસ કરીને વસાવા, ગામીત, કુંકણા આદિવાસીની વસ્તી ધરાવતા વિસ્તારોમાં તે વધારે જોવા મળે છે.[૧૦૫] દક્ષિણના જંગલ વિસ્તારોમાં લાકડું સરળતાથી પ્રાપ્ત થાય છે, માટે આ સ્મારકો લાકડાના જોવા મળે છે. જોકે ડાંગના વિસ્તારોમાં લાકાડની સાથે પથ્થરોના સ્મૃતિ સ્મારકો પણ જોવા મળે છે. આદિવાસી વ્યક્તિ કોઈ પરાક્રમ કરીને મૃત્યુ પામે તો તેની યાદરૂપે અહીં લાકડા અથવા પથ્થરના સ્મારકો બનાવવામાં આવે છે.[૧૦૬] આ સ્મારકો આદિવાસીઓ પોતાની આગવી કલાથી બનાવે છે. આમ, તેઓ વીરગતિ પામેલાની સ્મૃતિ જાળવે છે.

આદિવાસીમાં કોઈ વીરતાથી મર્યા હોય તેની પાછળ પથ્થરની કે લાકડાની ચપટી એટલે કે એમાં કોતરણી કરીને મૂકાય છે. નિશ્ચિત તારીખે કંડારાય, નિશ્ચિત તારીખે રોપાય ને નિશ્ચિત રૂપે એની પૂજા, ધૂપ ને નૈવેદ્ય ધરાય છે. એમાં પુણ્યકાર્ય કે પરોપકારનો કોઈ બંધન નથી. માત્ર એમાં વીર મૃત્યુ થયું હોવું જોઈએ. એવી જ રીતે સર્પદંશથી, ઝાડ ઉપરથી પડી જવાથી, અજાણતા ઝેરી પદાર્થ ખાઈ જવાથી થયેલ મૃત્યુને અકુદરતી ગણે છે. આપઘાત અને સુવાવડ દરમિયાન થયેલા મૃત્યુનો સમાવેશ આ વર્ગમાં થાય છે. તેઓની માન્યતા મુજબ આવી રીતે મરનારનો આયુષ્યકાળ અગાઉથી જ નક્કી થયેલો હોય છે. આવી રીતે મરનારનો આત્મા ઘરમાં રહી જાય છે તેમ માનવામાં આવે છે. આ આત્માથી બચવા માટે લાકડાના ફળા, જેને

ખતરીઓ પણ કહે છે, તે ઊભો કરીને તેમાં આત્માને વસવાની વિનંતી કરવામાં આવે છે. આ ખતરી ટકે ત્યાં સુધી તેનું અસ્તિત્વ મનાય છે.

આદિવાસીઓના મૃત્યુ સ્મારકોનો અભ્યાસ કરતા જણાય છે કે, આદિવાસીઓના મૃત્યુ સ્મારકો વધારે પ્રાકૃત છે. એમાં સંસ્કૃતજનોના પાળિયાની એકધારિતા નથી પણ ચિત્રવૈવિધ્ય ઘણું છે. આકૃતિઓ સંસ્કૃતજનોના પાળિયા જેવી ને આદિ પ્રકારની પણ રૂપાળા રેખાંકનવાળી છે. એમાં બ્રહ્મભાગ, વિષ્ણુભાગ ને શિવભાગમાં વહેંચાતા પાળિયા કરતા વધુ બીજા બે ભાગ પણ હોય છે. કેટલાંક ગોવર્ધન પ્રકારના બે કે ત્રણ બાજુ કોતરેલા પણ હોય છે. એમાં સૂર્ય, ચંદ્ર, પશુ, પંખી, માનવ અને પ્રકૃતિના દૃશ્યો પણ ઉતારે છે. મૃત્યુ પહેલા પણ જીવતા જગતિયું કરે તેના સ્મારકો મૂકાતા હોય છે. પણ એને વીરપૂજા સાથે જ સંબંધ નથી, એના ભૂવાના આદેશ પ્રમાણે લાકડું કે પથ્થર પસંદ કરવાથી માંડીને એની પ્રતિષ્ઠા કરવા સુધીની ક્રિયા થાય છે.

ભાભીના મહેણાથી પોતે પાળેલા વાઘ સાથે લગ્ન કરનાર નર્મદા કિનારાના ગામ દામનની એક યુવતી દેવુબા કે દેવયાની નામે સતીનું સમાધિ મંદિર આવેલ છે. આ સતી સ્ત્રીએ વાઘ સાથે લગ્ન કર્યા હતા અને વાઘ મર્યો ત્યારે તેની સાથે સતી થઈ હતી તેવી દંતકથા છે. તેનું સમાધિ મંદિર નર્મદા કિનારે આવેલ છે.[૧૦૭]

વાડપાડા ગામમાં આદિવાસીઓનો સૌથી સુંદર ખાંભો આવેલો છે. જેમાં નીચે માનવ આકૃતિઓ ઉપર જતા પશુ પર માનવ સવાર અને તેના ઉપર પક્ષી અને ઉપર ચંદ્ર જેવી ડિઝાઈનવાળો વિશાળ સુંદર ખાંભો આવેલ છે. કાજોડમાં આદિવાસીઓનું મૃત્યુ સ્મારક પાળિયો આવેલ છે. જેમાં વીરના હાથમાં ભાલો છે, અશ્વારૂઢ છે, ફરતે કોતરણી કરવામાં આવી છે. સુરતના અંગ્રેજોના કબ્રસ્તાનમાં ભરૂચ શહેર જીતી લઈ વીરગતિ પામનાર જનરલ ડેવીડ વેડરબર્નની કબર આવેલી છે, જે ઈ.સ. ૧૭૭૨ની છે.[૧૦૮] રાજપીપળામાં સંવત ૧૩૦૪ની સાલનો પાળિયો આવેલ છે. સુરત વિસ્તારમાંથી શિવકોરબાઈ નાગરનો પાળિયો મળી આવ્યો છે. એવી જ રીતે ભરૂચ વિસ્તારમાંથી સતી દિવાળીનો પાળિયો મળી આવ્યો છે. ઈ.સ. ૧૨૫૫નો રાજપીપળાના વાયવ્ય ખૂણે આવેલા વાઘોડિયા ગામના બે પાળિયાઓમાં વિશલનો ઉલ્લેખ છે. બીજામાં વિશલપ્રભૂ અને મંત્રી દેવપાલનો નિર્દેશ થયો છે.[૧૦૯]

ડાંગમાં મૃતાત્માની સ્મૃતિ ચિરંતન રાખવાની વીરગળની પ્રથા પ્રાચીનકાળથી ચાલતી આવી છે. વીરગળ એટલે પથ્થર અથવા લાકડા પર કોતરેલું માનવીનું ચિત્ર. આધુનિક દૃષ્ટિએ કદાચ આ શિલ્પ કલાકૃતિ કાલ્પનિક લાગશે. પરંતુ આ કોતરેલી મૂર્તિઓને ડાંગી આદિવાસી પોતાના પૂર્વજો ગણી તેમની ભાવથી પૂજા કરે છે. ડાંગમાં આવા સ્મૃતિસ્તંભો ઘણી જગ્યાએ જોવા મળે છે. પરંતુ તેના સમય અથવા શિલ્પકાર બાબતે આદિવાસી રાજવંશીઓ કંઈ કહી

શકતા નથી. આવા સ્મૃતિસ્તંભો ભાગ્યે જ લાકડા ઉપર, પણ મોટાભાગે પથ્થર પર જ કોતરેલા છે. ગુજરાતના માનવવંશશાસ્ત્રી ડૉ. ડી. એચ. કોપ્યર માને છે કે આ શિલ્પની વીરગળોનો સમય અગિયારમી કે બારમી સદીનો હોવો જોઈએ. એક સમયમાં ડાંગ પ્રદેશમાં સતીપ્રથાનું કડક રીતે પાલન કરવામાં આવતું હતું. એના પર સ્મૃતિસ્તંભો સારો એવો પ્રકાશ પાડે છે. ઘોડા પર બેઠેલી એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ ધારણ કરતી વ્યક્તિનું દૃશ્ય આ ‘વીરગળ’નો વિષય યુદ્ધમાં ખપી ગયેલા વીરોને માન આપી તેના પ્રતિ આદર વ્યક્ત કરવાની તત્કાલીન આદિવાસીઓની આ એક પ્રથા હોવી જોઈએ. હાલના ડાંગી આદિવાસીઓમાં સ્મૃતિસ્તંભો બનાવવાની પ્રથા પ્રચલિત નથી. પૂર્વજો તથા વીરો પ્રત્યે આદર વ્યક્ત કરવાના હેતુથી જ સ્મૃતિસ્તંભોની શિલ્પકલા વિકસી હોવાથી કોતરણી કરતી વખતે શિલ્પકારોએ સૌંદર્ય હેતુ ગૌણ રાખી વાસ્તવિકતા પર જ વધારે ધ્યાન કેન્દ્રિત કરેલું લાગે છે.[૧૧૦]

દક્ષિણમાંથી આવતી દેવગંગા નદી સુલપાણ મુકામે નર્મદામાં ભળે છે. દેવગંગાની રમણીય ખીણમાં અગાઉના એક નગરના અવશેષો છે. એ નગરને હાલ સ્થાનિક લોકો ડુમખલ કહે છે. એ સ્થળે કેટલાંક સુંદર કોતરેલા મંદિરો અને અન્ય ઈમારતોના ઘણા અવશેષ મળે છે. ત્યાં સતીના બે પાળિયા છે. એમાંના એક પર લેખ છે, જે આ પ્રમાણે છે.

१. संवत १३७९ वर्षे माघ वदि १२ गुरुरो दुवखला

२. महाराणा श्रीराजदेव प्रतिपत्तौ षडहयराणा

३. महं हरपालसुत प्रधानमं(त्री) जयदेव वापी

४. देवीवामग्रतम (पृ)थ्वीदेवसमेत जातप्र

५. द्रैः पति- नदेवपुत्री सचिवपत्नी चापदे

६. रि पत्नी सहगमनकृत ।।[१११]

આ પાળિયા લેખમાં નોંધ છે કે જયદેવ નામના વ્યક્તિના મૃત્યુ પાછળ તેની પત્ની ચાપદે સહગમન કર્યું છે. એટલે સતી થઈ છે. લેખમાં મહારાણા શ્રી રાજદેવના રાજ્યનો ઉલ્લેખ મળે છે. સંવત ૧૩૭૯ (ઈ.સ. ૧૩૨૩)નો આ પાળિયાલેખ છે. જેમાં ડુમખલને દુવખલા કહેવામાં આવ્યું છે.

ડુમખલના અવશેષોમાંથી અન્ય એક પાળિયો પણ મળી આવ્યો છે. વિ.સં. ૧૪૪૩ (ઈ.સ. ૧૩૮૭)ના ફાલ્ગુન સુદ ૩ ને સોમવારના રોહિણી નક્ષત્રની તિથિ આ સતીના પાળિયામાં નોંધવામાં આવી છે. રાણા શ્રી પ્રતાપસિંહની પાછળ તેની પત્ની સતી થયાની નોંધ મળે છે. જોકે તેમાં વાર અને તિથિનો મેળ મળતો નથી તેથી પાઠ સંદિગ્ધ ગણાય.[૧૧૨]

ભરૂચ જિલ્લાના અને સુરત જિલ્લાના આદિવાસીઓમાં સ્ત્રીઓની ખતરી જોવા જેવી હોય છે. સ્ત્રીનીખતરી બે ફૂટ ઊંચી લાકડાની હોય છે. તેમાંથી દોઢ ફૂટ બહાર રહે છે અને છ ઈંચ જમીનમાં રહે તે રીતે ઊભી કરવામાં આવે છે. ખતરીના ઉપરના ભાગે ત્રણથી ચાર ઈંચનું માથું બનાવેલું હોય છે. ગરદનની નીચે ધડના ભાગમાં કાંઈ કોતરણી હોતી નથી. ખતરીના માથા પર ચૂંદડી ઓઢાડવામાં આવે છે અને ગરદન ઉપર નાડાછડીનો દોરો બાંધેલો હોય છે. આ દોરામાં નાનું આભલું, કાંસકી, ધાવણી, બંગડીઓ વગેરે ચીજો બાંધેલી હોય છે. સુરત જિલ્લો અને ડાંગમાં પથ્થર અને લાકાડના પાળિયા જોવા મળે છે. સામાન્ય મરણ હોય તો પાળિયા ઉપર બહુ સુંદર ચિત્રામણ જોવા મળે છે. આવા પાળિયામાં સૌથી ઉપર દેવચકલી મૂકવામાં આવે છે. દેવચકલી આગળ નાની વાટકી ચણ માટે મૂકી હોય છે. તેની નીચે સૂર્ય ચંદ્રના પ્રતીક હોય છે. તેની નીચે મરનાર વ્યક્તિના પ્રતીક તરીકે માનવ આકૃતિ કોતરવામાં આવે છે. પાળિયા ઉપર અન્ય ઘણી કોતરણી જોવા મળે છે. આ પાળિયાઓ ભાતીગળ હોય છે. મુખ્યત્વે ભીલો, ઢોડિયાઓ, ચૌધરી, નાયકા વગેરેમાં મૃતાત્મા પાછળ ખતરા, પાળિયા મૂકવાનો રિવાજ જોવા મળે છે.[૧૧૩]

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં ધૂમટો અથવા દેવળા મૂકવાનો રિવાજ પણ જોવા મળે છે. આ ધૂમટા મોટા માટીના હોય છે. આ સ્તૂપ ચારથી પાંચ ફૂટ ઊંચો હોય છે. નાનો ધૂમટો દોઢ ફૂટનો હોય છે. આ ધૂમટામાં ઘરના દરેક મરનાર માણસના નામનો કરીને એક એક ગોળ શાલિગ્રામના આકારનો પથ્થર મૂકે છે. તેમાં મરનારની તિથિએ દીવો મૂકવામાં આવે છે. ધૂમટા મૂકવાનો વિધિ બહુ જૂનો લાગે છે. આ ધૂમટા ઉપર વિવિધ સુશોભન પણ કરવામાં આવે છે.

આદિવાસીઓમાં ખતરા પૂજન પણ જોવા મળે છે. ગુજરાતમાં વસતા ગામીત, ચૌધરી, વારલી, ઢોડિયા, દૂબળા, નાયકા વગેરે જાતિઓમાં પિતૃપૂજાનો એક પ્રકાર છે. પિતૃઓની અતૃપ્ત વાસનાઓને તૃપ્ત કરવા માટે આ પૂજા કરવામાં આવે છે. ખતરાપૂજન એટલે દિવંગત કુટુંબીઓની યાદમાં કરવામાં આવતી લાકડાના પાળિયાની પૂજા. કુટુંબીના અવસાન પછી અમુક દિવસે દોઢથી બે ફૂટ લાકડાના ટુકડામાંથી બનાવેલી પ્રતિમાની ખતરા તરીકે સ્થાપના કરવામાં આવે છે. આ પ્રસંગે ભૂવા પુરુષના ખતરાને સફેદ કપડાં પહેરાવે છે અને સ્ત્રીના ખતરાને લાલ કપડું પહેરાવી બંગડી, કાંસકી, દોરો વગેરે બાંધે છે. સગર્ભા સ્ત્રી અવસાન પામી હોય તો બાળક સાથેનું ખતરું બનાવી તેની સાથે ચૂસણી બાંધે છે. મરનાર અપરણિત હોય તો શમીવૃક્ષ સાથે તેના લગ્ન કરાવીને પછી હિમાર્યા દેવના સ્થાનકે લઈ જઈ તેમની સ્થાપના કરાય છે. પછી ખતરાને ભાત જમાડવાની વિધિ કરી ઘટ, ઘુમટમાં દીવો પ્રગટાવવામાં આવે છે. પુરુષના ઘુમટ ઉપર ધોળી અને સ્ત્રીના ઘુમટ ઉપર રાતી ધજા મૂકવામાં આવે છે.[૧૧૪] આ ખતરાઓ ગામના રસ્તે અને તેમાં પણ મોટા વૃક્ષ નીચે માંડવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતમાં મુખ્યત્વે લાકડાના અને કોઈ વિસ્તારમાં પથ્થરના મૃત્યુ સ્મારકો ઊભા કરવામાં આવે છે. વાડપાડામાં સુંદર કોતરણી ધરાવતો ચાર ફલકવાળો લાકડાનો ખાંભો જોવા મળે છે. કાંજોડમાં અશ્વારૂઢના હાથમાં ભાલો અને લગામ તથા અન્ય કોતરણીવાળો પાળિયો જોવા મળે છે. માંડવા, કમલફૂઈ, ઉચ્છલ, નિઝર, વાલોડ, માંડવી, વ્યારા, સોનગઢ અને અન્ય વિસ્તારોમાં લાકડાના મૃત્યુ સ્મારકો જોવા મળે છે. ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારોમાં પણ મોટાભાગે સમાનતા ધરાવતા મૃત્યુ સ્મારકો સ્થાપવાનો રિવાજ છે. દક્ષિણ ગુજરાતના આ સ્મારકો સાથે અનેક વિધિ વિધાનો, કથા અને ભય સંકળાયેલા રહે છે. સમાજની ધાર્મિકતા આ સ્મારકો સાથે વણાયેલી છે.

૩.૫ કચ્છના પાળિયા :

પાળિયા સૃષ્ટિની બાબતમાં કચ્છ સમગ્ર ગુજરાતમાં અને કદાચ ભારતભરમાં પ્રાચીનતા ધરાવે છે. કચ્છની ભૂમિને પાળિયાભૂમિ કહી શકાય એટલા પ્રમાણમાં પાળિયાઓ આવેલા છે. કચ્છમાંથી ઉપલબ્ધ પાળિયાઓમાં ક્ષત્રપકાલીન યષ્ટિલેખો સમગ્ર ભારતમાં સંભવતઃ પૂર્વકાલીન છે. તે પછી સૈકાઓ સુધી યષ્ટિલેખો જોવા મળતા નથી. વિક્રમ સંવત ૧૧૨૧ (ઈ.સ. ૧૦૬૫)નો બાલાસરનો પાળિયો કચ્છમાંથી પ્રાપ્ત રૂઢ અર્થવાળો પ્રથમ પાળિયો ગણાય. સંવત ૧૬૦૨ (ઈ.સ. ૧૫૪૬)નો બાઈપાલી દેવળિયા ગામે સતી થઈ હોવાનો પાળિયો સતી પ્રથાનો ઉલ્લેખ કરતો સર્વપ્રથમ અભિલેખ ગણાય. ક્ષત્રપકાલીન યષ્ટિલેખોનો હેતુ મૃતકને સ્મરવાનો કે કુટુંબકલ્યાણનો હતો. જ્યારે વિક્રમની બારમી સદીથી ઉપલબ્ધ પાળિયાઓનો આશય વીરગતિ પામેલાના કાર્યોને કીર્તિ આપવાનો કે સતી સ્ત્રીની હિંમતને બિરદાવવાનો હોઈ શકે.[૧૧૫]

કચ્છ ગેડી નજીક ગૌશાળામાં એક પાળિયો આવેલો છે. તેમાં નીચે મુજબનો લેખ છે.

સંવત ૧૭૨૮ વરષે ફાગણ સુદિ ૩ દને કેરાસાઆ પાંચા સુત કેવાસી આષોજ ધાએ આવી રામસરણ થાઓ છે. રાજશ્રી રાયધણજીના.... નારે પાલીઉ માંડું છે. સુતાર સાસણ આપ મુલાણા પાલીઉ ટાંકુ છે.

અહીં ગૌચરમાં એક અન્ય પાળિયો મળ્યો છે, જેના ઉપર નીચેનો લેખ છે.

સંવત ૧૭૪૩ વ..... માહ.... વદ ૧૨ દને.... અણનું ગૌચર જાડેજાશ્રી કહિયાજીની વાર ઓલી આવા.[૧૧૬]

આ લેખોમાં એકમાં રાયધણજી અને બીજામાં કહિયાજીના રાજ્યનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ગેડીના પાદરમાં સતીના જમણા હાથના પ્રતીકવાળો પાળિયો આવેલો છે. ગેડી ગામમાં આવેલા પાળિયામાં રથસવારનું શિલ્પ કોતરાયેલ છે. ઉપર સૂર્ય ચંદ્રના પ્રતીકો છે. પાળિયાના મુખ્ય શિલ્પ ફરતે કોતરણી કરવામાં આવી છે. નીચે લેખ છે. ગેડીમાંથી શિલાલેખવાળો સંવત ૧૨૬૮ (ઈ.સ. ૧૨૧૨)નો પાળિયો મળી આવ્યો છે, જેમાં દલસુખ જોશીના નામનો ઉલ્લેખ મળે છે.[૧૧૭]

કચ્છ ભૂજમાં મીરજા મહારાવશ્રી લખપતજીની છતરડી આવેલ છે. સંવત ૧૮૧૭ (ઈ.સ. ૧૭૬૧)ના જેઠ સુદ ૫ના દિવસે લખપતજીનું અવસાન થયું. આથી તેમની પાછળ તેમની પંદર રાણીઓ સતી થઈ હતી. રાજાના પાળિયા સહિત સોળ પાળિયાઓ લખપતજીની છતરડીમાં આવેલા છે. આ છતરડી સ્મશાન ભૂમિમાં પછીથી શ્રી ગોંડજીએ બંધાવી છે. આ છતરડી ખૂબ જ કળામય છે. આ છતરડી ઘણી જગ્યાએ ઘસાઈને પડી ગયેલ છે. છતાં ઘણો ભાગ બચી ગયો છે.[૧૧૮] દેદા ભોજરાજજી મોડજીના અવસાન પાછળ એમના પત્ની રૂપાળીબા વાઘેલા સતી થયા. તેઓ કચ્છના છેલ્લા સતી માનવામાં આવે છે. આ સતીમાતાની છતરડી સૌથી છેલ્લે બાંધવામાં આવી છે. તેમના સમયમાં સતીપ્રથા પર પ્રતિબંધ હતો છતાં તેઓ સતી થયેલા.

ભૂજમાં સંતોષી માતાના મંદિર પાસે સંવત ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)નો સતીનો પાળિયાલેખ પ્રાપ્ત થયો છે. ભૂજમાં પાવડા કોદાળીના પ્રતીકવાળા પાળિયા જોવા મળે છે. જેમાં પાળિયાના નીચેના ભાગમાં પાવડા કોદાળીની કોતરણી કરવામાં આવી છે. ભૂજના સંવત ૧૮૧૩ના ચારણના પાળિયામાં સતીના હાથ ઉપર ત્રિશૂળનું ચિહ્ન છે. જ્યારે સંવત ૧૭૧૭ના ભૂજના પાળિયામાં સતીના હાથ ઉપર મુગટ જેવું ચિહ્ન અને પાંદડાવાળી ડાળખી કોતરવામાં આવી છે. ભૂજ મ્યુઝિયમમાં પણ પાળિયાઓ સંગ્રહવામાં આવ્યા છે. જેમાં પ્રાચીનતમ પ્રસ્તર પાળિયો અણહિલવાડ પાટણના વાઘેલા રાજા સારંગદેવનો છે. એક પાળિયામાં વહાણ પર યુદ્ધ દેખાડવામાં આવ્યું છે, જે સાગરખેડુ કોમના સાહસને ખડું કરે છે. બીજા પાળિયામાં માનવસિંહ દર્શાવવામાં આવ્યો છે. લાખોદ ગામના તળાવ કિનારેથી પ્રાપ્ત ગદ્યેખાંભીમાં ગાય સુવરનું શિલ્પ છે. લેખમાં નિર્દિષ્ટ તળાવને હિન્દુ નુકસાન પહોંચાડે તો ગોમાંસ ખાવાનું અને મુસલમાન નુકસાન પહોંચાડે તો સુવરમાંસ ખાવાનું પાપ લાગશે તેવું સૂચિત છે. અહીં સંગ્રહીત ફરાદી ગામથી મળેલા ગદ્યેપાળિયામાં ગધેડાનું મૈથુન દર્શાવેલ છે. આ ખાંભાઓ તત્કાલીન સ્થિતિઓને પ્રગટ કરે છે.[૧૧૯] આ કચ્છ ભૂજ મ્યુઝિયમમાં ઝારાના યુદ્ધના પાળિયાઓ પણ સંગ્રહવામાં આવ્યા છે.

કચ્છના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ યુદ્ધોમાં ઝારાની લડાઈ જાણીતી છે. સંવત ૧૮૧૭માં રાવશ્રી ગોડજી ગાદીએ બેઠા. એમણે પોતના જૂના દીવાનને દીવાનપદ આપ્યું નહીં, આથી તે પદભ્રષ્ટ દીવાન પૂજા શેઠ સિંધમાં ગયો. ત્યાંનો ગુલામશાહ કલ્હોરા તેની મદદથી કચ્છ ઉપર સંવત ૧૮૧૯ના પ્રારંભમાં ચડી આવ્યો. ઝારાની ટેકરી ઉપર થયેલા યુદ્ધમાં વિજયી બન્યો. આ યુદ્ધમાં હજારો માણસો કામ આવ્યા. આ ઝારાનો નામોલ્લેખ ધરાવતા પાળિયાઓ થોડાક નોંધાયેલા છે. આ ઉપરાંત મઉ, સમાઘોઘા, બિદડા વગેરે સ્થળેથી પણ ઝારાના નામોલ્લેખવાળા પાળિયા મળ્યા છે.[૧૨૦] મ્યુઝિયમમાં આવેલા એક પાળિયા પર સંવત ૧૮૧૯ માગસર સુદ ૧૦ ના ગોવરધન ખવાસ ઝારાના યુદ્ધમાં સ્વર્ગ પ્રાપ્તિ થયો તેવી નોંધ છે. આ પાળિયાલેખની શરૂઆત **શ્રી ગણેશાય નમઃ** થી થાય છે. ભૂજ શહેરમાં અન્ય જગ્યાએ પણ ઝારાના યુદ્ધના પાળિયાની

નોંધ પ્રાપ્ત થાય છે. પાળિયામાં કેટલાંક વિરલ પાળિયાઓ પણ હોય છે. આવો જ એક સ્ત્રી ઘોડેસવારનો પાળિયો ભૂજ મ્યુઝિયમમાં છે. સંવત ૧૭૧૪ના કાનમેરના પાળિયામાં સતીના હાથમાં કુહાડી જેવું હથિયાર દેખાય છે.

માંડવી અને મુંદ્રામાં વહાણની આકૃતિ ધરાવતા પાળિયા મળ્યા છે. સંવત ૧૬૨૧ના એક પાળિયામાં બગલો નામ છે, જે નામ વહાણનું છે. સતીની સાથે સતા થયેલાના પાળિયા પણ મળે છે. સંવત ૧૭૧૦માં ભણસાલી કટારમલ ગોધરામાં અને સંવત ૧૭૨૭માં ચારણ વાલો ચારણ બાઈ સતી થતા તેની ભેરે સતો થયો એવી નોંધ છે. ગોરજી અરવિજય જૈન સંપ્રદાયના પૂજ્ય મનાતા સાધુ સંવત ૧૭૨૮માં મોટા રતાડીઆ ગામે ગાયની વહારે ચડી આત્મસમર્પણ કરી ગયાની નોંધ પ્રાપ્ત થાય છે.

આડિસરમાં એક છતરડી છે. તેમાં સતીનો એક પાળિયો આવેલો છે. ઉપરાંત પાછળના ભાગમાં અઢારેક પાળિયાઓ ઊભા છે. મોટાભાગના પાળિયાઓના લખાણ ખવાઈ ગયા છે. આ બધા પાળિયા પૂર્વાભિમુખ છે. એક પાળિયામાં સૌભાગ્યવતી સ્ત્રી ઊભી છે. તેના હાથમાં પુત્રનું શબ લીધેલું છે. તેમાં લેખ છે, જે સંવત ૧૭૭૩નું વર્ષ દર્શાવે છે.[૧૧૧] આવો પાળિયો પાળિયા શિલ્પની બાબતમાં વિશિષ્ટ ગણાવી શકાય.

સાભરાઈ ગામે બંધાયેલ જૂના વખતનું અલિયાસર નામનું તળાવ છે. આ તળાવની પશ્ચિમ બાજુની પાળ પર એક ઓટલાના પાળિયા પર જે લેખ સચવાઈ રહ્યો છે એ એની સાક્ષી પૂરે છે. લેખ મૂળ હિન્દીમાં છે, જે આ પ્રમાણે છે.

સંવત ૧૮૦૬ લોતરો વરષે માઘ સુત ૧૩ બુધવાસરે શાકે ૧૬૭૧ પ્રવર્તમાને ઉત્તરાયને ગતે શ્રી સૂર્ય રાઉશ્રી ભોજરાજજી સુત અલઈયાજીનો પાળિયો જાડેજા શ્રી બાવાજીએ કરાવ્યો છે. અલિયારસની પાળ ઉપરે શ્રી સાભરાઈ.

અલિયાજી આખા વરડા પ્રાંતમાં પીર તરીકે પૂજાય છે અને એક વિશાળ ઓટલા ઉપર તેમની જ્યાં ખાંભી-પાળિયો ઊભો કરવામાં આવેલ છે ત્યાં દર વર્ષે આજુબાજુના ગામોના ભાયાતો ભેગા થઈ એક મેળો ઉજવે છે. આ ખાંભી પર કસુંબો ચડાવવામાં આવે છે.[૧૧૨]

દીપડે દાઢ્યો હોય અને અને કોઈ મરે અથવા સાવજનો સામનો કરતાં મરે તેના પાળિયા હોય છે. ઓડદરમાં દીપડો ખંભે ચોંડ્યો હોય એવો રબારીનો પાળિયો છે અને ભદ્રોસર કચ્છમાં સિંહ સાથે ઝપાઝપી કરતા વીરનો પાળિયો આવેલો છે. સ્વધર્મ કે સત્વરક્ષા માટે ત્રાગા કરીને મરનાર પુરુષોના પાળિયા પણ મળે છે. કચ્છના જાડેજા રાસંગજી નારાયણ સરોવરે સદેહે સતવાતમાં સાગવન લીધો. સંવત ૧૭૨૬માં એનો પાળિયો પણ પૂજાય છે. એટલે કે એમણે જળસમાધિ લીધી. અબડાસા નજીક લખાણિયાનો સંવત ૧૮૪૨ (ઈ.સ. ૧૭૮૬)નો પાળિયાલેખ ઉપરાંત અંજારમાં લેખવાળા બ્રાહ્મણ સતી સ્ત્રીઓના પાળિયા પણ મળી આવ્યા છે. કચ્છના

મહારાવ દેશળજી સંવત ૧૭૮૩ (ઈ.સ. ૧૭૨૭)માં સ્વર્ગવાસ થયા, પણ એના પાળિયાની પ્રતિષ્ઠા સંવત ૧૯૧૮માં થઈ. શંભુદાસજીના ચોપડામાં એની નોંધ મળે છે. ભૂજના એક પાળિયા પરના લેખમાં એક ભાટિયાણી બાઈ માતાભાવે સતી થયાનો નિર્દેશ છે. ગેડીમાં સંવત ૧૨૭૭ (ઈ.સ. ૧૨૨૦)નો એક સાંચોરા બ્રાહ્મણે કરેલા આત્મઘાતનો પાળિયો આવેલ છે. ખડીરના રણમાં હાથીના પાળિયાની નોંધ મળે છે. ભૂઅડ ચાવડાનો પાળિયો ભૂઅડ કચ્છમાં તેના મરણ સ્થાને જ મૂકાયો છે.

કચ્છ ભૂજથી ઉત્તરે અઢાર માઈલ દૂર ધ્રાંગ નામે ગામ આવેલ છે. આ ગામમાં મેકરણદાદાના સમાધિ મંદિરની બહાર કૂતરા અને ગધેડાના પાળિયા મૂકાયેલ છે. કહેવાય છે કે મેકરણદાદા ગધેડાની પીઠ ઉપર પાણી અને રોટલા મૂકતા પછી કૂતરો એ ગધેડાની સાથે રણમાં જતો અને રણમાં ભૂલા પડનાર મનુષ્યોને એ બે જાનવર ખાવા પીવાની સગવડ આપી ધ્રાંગ લઈ આવતા. આ બંને પ્રાણીઓની ખાંભી અને દાદાની સમાધિ ધ્રાંગમાં આવેલા છે. કચ્છ મુંદ્રાના કુંદરોડી ગામના પાદરે શિવુભાની માતાનો પાળિયો આવેલો છે અને શિવુભાનો પાળિયો કુંદરોડી ગામથી થોડે દૂર આવેલ અખિયાણા ગામમાં આવેલો છે. આના પાછળ ગાયોને બચાવવાની કથા સંકળાયેલ છે.[૧૨૩] ચારણ પાછળ તેની બેનો વરજુ અને જાનલ પોતાના ભાઈના શબને ખોળામાં લઈ સતી થઈ તેની ખાંભી કચ્છ ગઢડામાં આવેલ છે. કચ્છ મુંદ્રાના છસરા ગામે કાઠીઓની છ સાત ખાંભીઓ આવેલી છે. સુમરાસરમાં પણ કાઠીઓની ખાંભીઓ છે. ભદ્રેશ્વર પાવડીમાં બે ખાંભીઓ સારી સ્થિતિમાં ઊભી છે.

પલાંસવાના સંવત ૧૬૩૩ ચૈત્ર સુદ ૧૫ ને સોમવારના સતીના પાળિયામાં બાઈ મલેર સુત શરજણ બનાજી સાથિ થયા તેમ લેખ છે. આ પાળિયામાં પતિ-પત્ની સાથે છે, અર્થાત્ આ યુગલ પાળિયો છે. સંવત ૧૬૮૨ ભાદરવા વદ ૧૧ ના ગેડીના પાળિયામાં કલા સુત કુંભા જતે ગામત્રુ કીધું એવું લખાણ મળે છે. આ ગેડીમાં ૧૫મી થી ૧૭મી સદીના વિવિધ પ્રકારના ઘણા પાળિયા અસ્તિત્વ ધરાવે છે. આ પાળિયાઓમાં હાથ, અશ્વ, સૂર્ય, ચંદ્ર, પુષ્પ, પોપટ વગેરેની કોતરણી જોવા મળે છે.

ગેડીના સંવત ૧૬૮૬ મહા વદ ૪ના પાળિયામાં 'રાણાશ્રી પંચાઅણજી વાઘેલા શ્રી પ્રથીરાજજી વજરાજા બા ઉદાસમાણી બાઈ હરષા રાજાની દીરીએ મત કીધું' એવું લખાણ છે. પાળિયાનું શિલ્પ સુંદર છે. તેમાં સામસામા પોપટ છે. બંને બાજુ સૂર્ય ચંદ્ર છે. સતીના હાથમાંનું પદ્મ વિશિષ્ટ ગણાય. નીચે ખૂણામાં મોરનું અંકન નોંધપાત્ર છે. સંવત ૧૬૮૮ના ભૂજના પાળિયામાં બાઈ લીલાવતીનો ઉલ્લેખ છે. આ પાળિયા ઉપર સંવત ૧૭૧૪માં છતરડી બંધાઈ. આમ, પાળિયાની સ્થાપના બાદ પણ તેના પર છતરડી બાંધવામાં આવતી. સંવત ૧૬૯૨ના ગેડીના બે પાળિયામાં ગેહડી એવો ઉલ્લેખ છે.[૧૨૪]

સંવત ૧૭૦૯ના વર્ષનો પાળિયો ભૂજમાં નોંધાયો છે. સતીના આ પાળિયામાં લખાણ નથી, પરંતુ શિલ્પની દૃષ્ટિએ મનોહર છે. આ પાળિયો યુગલનો છે. ઉપરના ભાગે સૂર્ય ચંદ્ર અને વચ્ચે ડાળી સાથેનું ખીલેલું પુષ્પ છે. સૂર્ય ચંદ્રને જોડતી કમાનના ઉપરના ભાગે ચૈત્યબારી જેવી આકૃતિઓ કંડારેલી છે. સંવત ૧૭૧૭ કારતક સુદ ૭ સોમવારના છસરાના ઘોડેસવારના પાળિયામાં ગાલા વાંકાનો નિર્દેશ છે. એની બાજુના પાળિયામાં કારતક સુદિ સોમ, એટલું વંચાય છે. તો ત્રીજા એકમાં કારતક સુદિ ૭ દને શ્રી છસરા મધે ગામ અરથે ગાલો વાંકો શબ્દ વંચાય છે. આ ત્રણેયનો સાથે વિચાર કરતા તે એક જ વ્યક્તિના હોવા સંભવ છે. સંવત ૧૭૧૭ માગશર સુદ ૫ રવિવારના ભૂજના પાળિયા તિથિનો ફેર જણાય છે. કેમ કે એક જગ્યાએ ત્રીજ બીજે પાંચમ અને ત્રીજે છઠ્ઠનો નિર્દેશ કર્યો છે. છતાં બધે જ રવિવારનો નિર્દેશ છે. ધાયજીની સતીનો આ પાળિયો છે. લખાણ આવું છે.

ધાયજા દુદા સુત માધવ રામશરણ પ્રયાણ કીધા, તે સાથે શિવા સુતા બાઈ અજબાઈએ પ્રાણ સમર્પણ કરી સહગમન કીધું તત્સુત રામદાસે દેરી સંપૂર્ણ કીધી ને દેરી સંવત ૧૮૨૮ના વર્તમાને રાઉ શ્રી પ્રાગમલજીની વખતમાં ધાયજી કેશવજી દેવરાયે જીર્ણોદ્ધાર સતીના પાળિયા સિખે નવી દેરી કીધી શ્રાવણ વદી ૧૨ રવૌ દને.

આમ, પૂર્વજના પાળિયાનું સંપૂર્ણ લખાણ જાળવી અને નવેસરના પાળિયામાં પુરાણું બધું યથાવત રાખી દેરી સહિતનો જીર્ણોદ્ધાર કર્યો અને તે પણ રાજાના નામ વર્ષ તિથિ સહિત એ વિરલ ગણાય. સતીના હાથ કાંડાથી કોણી સુધી અને ખભાથી કોણી સુધી ચૂડીઓથી ભરચક છે. હાથમાં ચતુષ્કોણની વચ્ચે ગોળ છે અને બાજુ પર સ્વસ્તિક છે. તેની ઉપર અર્ધવર્તુળાકારની ઉપર ઊંધા ત્રિકોણની આકૃતિ છે. ભૂજના સંવત ૧૭૧૮ આસો વદ ૧૪ બુધવારના સતીના પાળિયામાં પીરનો ઉલ્લેખ નોંધપાત્ર ગણાય. લખાણ આ પ્રમાણે છે. સંવત ૧૭૧૮ વરષે આસુ વેદ ૧૪ બુધવાસરે સામણ બાઈ દેવકી સતી થેઆ છે. સંવત ૧૭૭૬ના સાગ વાન લીધા છે. પીર વંસતની વારમા રાઉશ્રી દેસલજીની વારમાં પાલીઓ ષોડાવે છે મકંદગર ષોડાવ્યો છે ગધર સદઋ કાનજી, એવી નોંધ જણાય છે.

અંજારમાં આવેલ સંવત ૧૭૧૯નો પાળિયો સારસ્વત બાઈનો છે. અહીંથી પંડ્યા, વ્યાસ, ત્રિવેદી, પુષ્કરણા, ઓઝા, નંદવાણા વગેરે બ્રાહ્મણ સતીઓના તથા મોઢ, કાગદી, સોરઠી વગેરે વાણિયા સતીના પાળિયા ધ્યાનાકર્ષક છે. રવેચીના સંવત ૧૭૨૪ ફાગણ સુદ ૨ના સતીના પાળિયામાં પાલીઉ ટાંકું છે, એવો શબ્દ પ્રયોજાયો છે. સતીઓ તથા યોદ્ધાઓના સંખ્યાબંધ પાળિયા રવ ગામે રવેચી માતાના મંદિરના માર્ગે ઊભા છે. અહીં ૧૭મી અને ૧૮મી સદીના પાળિયા વિશેષ છે. હાથ જોડી ક્ષમા યાચતી સ્ત્રી, પડદાનશીન સ્ત્રીના હાથનું ચિહ્ન, બંને હાથોમાં મૃત પતિને ઉપાડી ઊભેલી સ્ત્રી વગેરે દૃશ્યો આપણી સતી થવાની પ્રથાનું કારુણ્ય દર્શાવે છે.

ભૂઅડેશ્વરના સંવત ૧૭૩૬ ફાગણ સુદ ૮ શુક્રવારના ભૂઅડના ત્રણેય પાળિયામાં લખાણનો પ્રારંભ સીધો સંવતથી થયો નથી. પરંતુ સ્વસ્તિશ્રી નૃપવિક્રમાંક થી થયો છે, તે બાબત નોંધપાત્ર છે. સંસ્કૃત પરંપરાની અસર અહીં વર્તાય છે. બેલામાં ઘણા પાળિયાઓ આવેલા છે. તેમાંના એક પાળિયામાં સૂર્ય ચંદ્ર વચ્ચે પુષ્પ છે. લખાણ ઘોડેસવારની નીચે છે. જેમાં શ્રી સંવત ૧૭૬૩ વરષે પોષ સુદ ૭ દને વાર સોમ વાઘોલા શ્રી કેસરજી સતજ આજી ન પાલીઅ વાઘે શ્રી વીસજીવારા સતારવા ભહ્રાનરકલ, એટલું વંચાય છે. પલાંસવામાં સંવત ૧૭૬૭નો ઊંટસવારનો પાળિયો આવેલો છે. ભોમ, ભૂજનો સંવત ૧૭૬૯ના માગશર વદ ૧૪નો ત્રાગાનો પાળિયો આવેલો છે, તેમાં મોઢે મૂછો, કપાળે વૈષ્ણવી તિલક, ગળામાં કટાર, ખભે ખેસ અને લંગોટીધારી વીરાસનમાં બેઠેલી વ્યક્તિનું અનેરું શિલ્પ કોતરાયેલ જણાય છે. ૧૭૯૨ના ગેડી ગામના પાળિયામાં ઢાલ પકડીને ઊભેલી સ્ત્રીની આકૃતિ કંડારેલી છે. સ્ત્રીઓ યુદ્ધમોરચે જતી હશે એવું અનુમાન આના પરથી કરી શકાય.[૧૨૫]

તેરા ગામે ઘોડેસવારનો ઢાલ, તલવાર, ધનુષ્યબાણ ધારણ કરેલો પાળિયો છે. તેમાંનું લખાણ આ પ્રમાણે છે.

१. संवत १८०० वरषे स

२. रावण सुद १२ देषी हमी

३. र पुअराणां जाम श्री

४. ना गढने काम आवीआ

५. छे कोठारामा मराणा छे

આ પાળિયામાં મરનાર ગઢને કામ આવ્યા છે, એ શબ્દપ્રયોગ નોંધપાત્ર છે. ગઢ હોય એટલે એને ભાંગવા સામાન્યતઃ ચડાઈ થતી. એવી કોઈ ચડાઈમાં કામ આવ્યા હોય એમ બને.

સંવત ૧૮૫૫ના આસો વદના પાળિયામાં આમર સલીઓ લાષાણી અંજારના લશ્કરમાં કામ આવ્યો છે. આ આમર એટલે હિંદુ કે મુસલમાન તે પ્રશ્ન છે. આમ સલીઓ અંજારના લશ્કરમાં કામ આવ્યો છે. સંભવતઃ આ અરસામાં મેઘજી શેઠે અંજાર પોતાના કબજે કર્યું હતું. જો આ સમય એ હોય તો કચ્છના ઇતિહાસની એક કડી તરીકે આ પાળિયો ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી ગણાય.[૧૨૬] આમ, કચ્છમાં લડાઈનો ઉલ્લેખ ધરાવતા પાળિયા પણ મોટા પ્રમાણમાં પ્રાપ્ત થયા છે.

રાજણસરમાં સંવત ૧૭૯૫ના પાળિયામાં સતીના હાથનું અંકન વિશિષ્ટ છે. હાથ ચૂડીઓથી ભરચક છે. હથેળીમાં કશુંક અંકન છે. અંગૂઠે અને છેલ્લી આંગળીએ કશું આભૂષણ જણાય છે. ખભો સ્પષ્ટ કંડારાયો છે અને તે ઉપરનું ગોળી અને રવેયાનું કોતરકામ વિરલ ગણાવી શકાય છે. સંવત ૧૭૯૯નો રાજણસરના પાળિયામાં કોતરાયેલ પાઘડીનો ઘાટ નોંધપાત્ર

છે. સંવત ૧૮૧૮ શ્રાવણ વદ ૩૦ના કાનમેરના પાળિયામાં ડોડીઆ રણમલજી ધાડામાં મરાયા તેવો ઉલ્લેખ છે. સંવત ૧૮૩૦નો પદાતિનો પાળિયો ભૂજમાં છે. આ પાળિયામાં ધડ સુધીની આકૃતિ છે. કમરે બંધ જણાય છે. ઢીંચણ સુધીની ચડ્ડી પહેરી છે. ચડ્ડીની કોરે ઘૂઘરમાળ જેવી ભાત જણાય છે. કાનમેરના સંવત ૧૮૩૮ ભાદરવા વદ ૭ ના પાળિયામાં રાઠોડ સામંત રામશરણ થયા છે એવું વંચાય છે. ચોબારીમાં સિંધના ફતેહઅલી તાલપૂરે જોધપુરના મહારાજાના લશ્કરને હરાવ્યું તેના પાળિયાઓ અહીં આવેલા છે. સંવત ૧૮૪૨ અષાઢ સુદ ૨ ના લાખણિયાના પાળિયામાં ઊભેલા સ્ત્રીપુરુષના પાળિયામાંના લખાણથી પતિ સાથે સતી થનાર પતિ-પત્નીના સંયુક્ત પાળિયા હોવાનું સૂચવાય છે. પ્રસ્તુત પાળિયામાં ભાનુસાલી સવજીની પત્ની જેતાબાઈ પોતાના પતિ પાછળ સગવત લીધો છે, એવું વંચાય છે. માંડવીમાં સંવત ૧૮૪૫ના પાળિયામાં ખવાસ કાનિયો મેઘજી ઠકરે ચૂક કીધી એમાં કામ આવ્યા, એમ વંચાય છે તથા ખવાસ મેઘજીનું નામ છે. એક પાળિયામાં લખાણ આ મુજબનું છે.

શ્રી રણછોડજી સત્ય છે. સંવત ૧૮૪૫ના વરસે શાલિવાહનકૃત શાકે ૧૭૧૦ પ્રવર્તમાને ગતે શ્રી સૂર્ય શિશિર ઋતૌ પોષ વિદ ૨ ભોમેનો દિન પોર ચડતે શ્રી માંડવી મધ્યે ઠકર મેઘજીએ ચૂક કીધી તેમાં ખવાસ કાનીયો કામ આવ્યો તેની છતરડી રાઉ શ્રી રાયધણજીની વારમાં કીધી તેનો વાસ્તુ સંવત ૧૮૪૯ના ફાગણ સુદ ૩નો છે. બીજા પાળિયામાં પણ નામફેર સાથેનું આવું લખાણ છે.

આમ, કચ્છ પ્રદેશ પાળિયા સૃષ્ટિની દૃષ્ટિએ બહુલતા ધરાવતો પ્રદેશ છે. કચ્છમાં ક્ષત્રપકાળની યષ્ટિથી લઈને આધુનિક કાળના પાળિયાઓ આવેલા છે. આ પાળિયા અનેક રીતે વિવિધતા સભર છે. સતીના પાળિયા કચ્છમાં મોટા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. પાળિયા પર બાંધવામાં આવતી છતરડીઓ ગુજરાતના અન્ય વિસ્તાર કરતા કચ્છમાં વધારે જોવા મળે છે. આ પ્રદેશના પાળિયા શિલ્પની દૃષ્ટિએ પણ ખૂબ વિવિધતા ધરાવે છે.

આમ, ગુજરાતના પાળિયાઓ પ્રદેશ ભેદે થોડી ભિન્નતા સિવાય સમાનતા ધરાવે છે. ગુજરાતમાં વસતા આદિવાસીઓના પાળિયા કલાની રીતે અલગ તરી આવે છે. આ પાળિયાઓ આદિવાસીઓની આગવી કલા પરંપરાનો ખ્યાલ આપે છે. કચ્છ, સૌરાષ્ટ્રમાં પાળિયાની વિપુલતા આ પ્રદેશના ઇતિહાસની જાણકારી માટે ઉપયોગી સાબિત થઈ છે. ઉત્તર ગુજરાતમાં પ્રાચીન સમયના અને ગ્રીક શૈલીના પાળિયાઓ પ્રાપ્ત થયા છે. ગુજરાતના મધ્ય વિસ્તારમાં પણ પાળિયાઓ જોવા મળે છે. આ વિસ્તારના પાળિયાઓમાં મોટાભાગના બહારવટિયા સાથેની તકરારના છે. તાજપુર માછરડા વગેરેમાં વિપ્લવના ગાળાના પાળિયાઓ જોવા મળે છે. સમગ્ર રીતે અભ્યાસ કરતા ગુજરાતની પાળિયા સંસ્કૃતિ એકરૂપતા ધરાવતી જણાય છે. ગુજરાતની પાળિયા સંસ્કૃતિનો અહીં ટૂંકમાં પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

પાદનોંધ

૧. આચાર્ય, નવીનચંદ્ર (૧૯૭૩). ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ, પૃ. ૬૧.

૨. સાંકળિયા, હસમુખ (૧૯૮૩). પુરાતત્ત્વમાં ગુજરાત, પૃ. ૮૦.

૩. શાસ્ત્રી, હરિપ્રસાદ (ઓક્ટો.-નવે., ૧૯૭૫). ખાંભી પાળિયા અને એના અભિલેખ, ઊર્મિનવરચના, પૃ. ૩૯૦.

૪. જમીનદાર, રસેશ (૧૯૯૦). ગુજરાતનો સાંસ્કૃતિક વારસો, પૃ. ૫.

૫. જોષી, કલ્યાણ (૧૯૭૪). દ્વારકા વસઈના પુરાણા અવશેષો, પૃ. ૬૫.

૬. શાસ્ત્રી, હરિપ્રસાદ (સંપા.) (૧૯૭૯). ગુજરાતના ઐતિહાસિક લેખ, ભાગ-૪, પૃ. ૯.

૭. ગોસ્વામી, મોહનપુરી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પાળિયા એક નોંધ, ઊર્મિનવરચના, પૃ. ૪૨૮.

૮. રાયજાદા, રાજેન્દ્રસિંહ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). રખોપું, ઊર્મિનવરચના, પૃ. ૪૫૯.

૯. જગોદડિયા, નંદલાલ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). કેશોદ તાલુકાના પાળિયા, ઊર્મિનવરચના, પૃ. ૫૬૭.

૧૦. પલાણ, નરોત્તમ, રૈયારેલા, નાથાલાલ (સંપા) (૧૯૮૧). શ્રી કે. કા. શાસ્ત્રી ગ્વાલગ્રંથ, પૃ. ૨૩૦.

૧૧. પલાણ, નરોત્તમ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પાળિયાની વિભાવના, ઊર્મિનવરચના, પૃ. ૪૨૪.

૧૨. ખારાવાળા, અમરદાસજી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). સતીત્વ અને શૂરત્વનો જ્વલંત સ્રોત, ઊર્મિનવરચના, પૃ. ૪૯૨.

૧૩. ઓઝા, વિજયશંકર (૧૮૮૭). ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ, પૃ. ૩૭.

૧૪. એજન, પૃ. ૪૭.

૧૫. વોરા, મણિલાલ (૧૯૭૯). સંસ્કૃતિ પૂજા, પૃ. ૫૬.

૧૬. શાસ્ત્રી, કેશવરામ (૧૯૮૨). ધૂમલી રાજકીય અને સાંસ્કૃતિક, પૃ. ૧૬૯.

૧૭. પરીખ, પ્રવીણચંદ્ર, શેલત, ભારતી (૧૯૯૧). ગુજરાતના અભિલેખ સ્વાધ્યાય અને સમીક્ષા, પૃ. ૧૧૧.

૧૮. પાલીયા, મૂળુભાઈ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). આપણી સંસ્કૃતિના અણપ્રીછયાં પ્રતીકો, ઊર્મિનવરચના, પૃ. ૫૧૫.

૧૯. ખાચર, પ્રદ્યુમ્ન (૧૯૯૭). કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ, પૃ. ૫૦.

૨૦. દિવાન, રાહુલ (૨૦૦૯). પ્રારંભિક સૌરાષ્ટ્રનું સામાજિક અને આર્થિક જીવન, પૃ. ૮૬.

૨૧. સ્વામી, મનસુખ (૧૯૯૦). જસમત બાપાનો પાળિયો, પથિક, પૃ. ૩૪.

૨૨. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૮૩). ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખો, પૃ. ૧૫.

૨૩. પરમાર, જયમલ્લ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ખાંભીને પાળિયાના અભ્યાસ ક્ષેત્રમાં, ઊર્મિનવરચના, પૃ. ૩૬૮.

૨૪. Parikh, Ramlal, Jamindar, Rasesh (1981). Epigraphic Resources in Gujarat, p. 24.

૨૫. ઔદિચ્ય, નથુતુલસી, ગોહિલવાડી બ્રાહ્મણ જ્ઞાતિ કુટુંબોના કુળદેવ દેવીઓ તથા નૈવેદ્યની માહિતી, પૃ. ૧૬.

૨૬. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૯). ઉપરોક્ત, પૃ. ૭૧.

૨૭. જોષી, કલ્યાણ, ઉપરોક્ત, પૃ. ૬૬.

૨૮. ગોકાણી, પુષ્કરભાઈ, દવે, સુરેશભાઈ (૧૯૭૩). દ્વારકા સર્વસંગ્રહ, પૃ. ૨૦૦.

૨૯. દવે, સુરેશભાઈ (ઓક્ટો.-નવે.-૧૯૭૫). દ્વારકાના પાળિયા, ઊર્મિનવરચના, પૃ. ૪૮૭.

૩૦. એજન, પૃ. ૪૮૮.

૩૧. એજન, પૃ. ૪૮૯.

૩૨. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૪૧.

૩૩. એજન, પૃ. ૪૦.

૩૪. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૯). ઉપરોક્ત, લેખ-૧૬.

૩૫. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૪૦.

૩૬. એજન, પૃ. ૪૧.

૩૭. શાસ્ત્રી, કેશવરામ, ઉપરોક્ત, પૃ. ૧૮૮.

૩૮. Settar, S., Sontheimer, D. Gunther (Ed) (1982). Memorial Stones, p. 169.

૩૯. જાની, વર્ષા (૧૯૯૨). સૌરાષ્ટ્રના પાળિયા (ઈ.સ. ૧૫૦૦ સુધી), પૃ. ૬૪.

૪૦. પંડ્યા, વિષ્ણુ, પંડ્યા, આરતી (૨૦૦૯). ગુજરાતના ક્રાંતિતીર્થો, પૃ. ૭૫.

૪૧. ખાચર, પ્રદ્યુમ્ન, ઉપરોક્ત, પૃ. ૩૨૭.

૪૨. જાની, વર્ષા, ઉપરોક્ત, પૃ. ૩૩.

૪૩. નાંણાવટી, જયેન્દ્ર (૨૦૦૩). અત્ર તત્ર પુરાતત્ત્વ ગુજરાતનો ઇતિહાસ, પૃ. ૨૩૬.

૪૪. બારહ્ડ, કેસરદાનજી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). બારહ્ડ ગોપાળદાસનો પાળિયો, ઊર્મિનવરચના, પૃ. ૪૯૯.

૪૫. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૯). ઉપરોક્ત, લેખ-૬૦.

૪૬. એજન, લેખ-૭૦.

૪૭. એજન, લેખ-૭૭.

૪૮. ઓઝા, વિજયશંકર, ઉપરોક્ત, પૃ. ૩૩.

૪૯. જાની, વર્ષા, ઉપરોક્ત, પૃ. ૩૭.

૫૦. રસિક, નિર્મલ (સંપા) (૨૦૦૫). ઐતિહાસિક નગર વઢવાણ, પૃ. ૯૭.

૫૧. પરમાર, હિતેશકુમાર (૨૦૧૨). વઢવાણ રાજ્ય એક ઐતિહાસિક અભ્યાસ, પૃ. ૯૭.

૫૨. મહારાણા શ્રી બાળસિંહજી સાહેબ (૧૮૮૬). સંસ્થાન વઢવાણની હકીકત, પૃ. ૩૭.

૫૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (૨૦૧૪). આપણો જિલ્લો સુરેન્દ્રનગર, પૃ. ૪.

૫૪. વાંકાનેરી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). વાંકાનેરના પાળિયા, ઊર્મિનવરચના, પૃ. ૪૨૦.

૫૫. ગોસ્વામી, મોહનપુરી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પાળિયા એક નોંધ, ઊર્મિનવરચના, પૃ. ૪૨૭.

૫૬. ખારાવાળા, અમરદાસજી (ઓક્ટો.-નવે. ૧૯૭૫). સતીત્વ અને શૂરત્વનો જ્વલંત સ્રોત, ઊર્મિનવરચના, પૃ. ૪૯૫.

૫૭. દેસાઈ, શંભુપ્રસાદ (૧૯૭૮). પ્રભાસ અને સોમનાથ, પૃ. ૨૪.

૫૮. શાસ્ત્રી, હરિશંકર (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ગોહિલ વીર હમીરજીના પાળિયાનો લેખ, ઊર્મિનવરચના, પૃ. ૩૯૭.

૫૯. Parikh, Ramlal, Opcit, p. 25.

૬૦. જાની, વર્ષા, ઉપરોક્ત, પૃ. ૩૬.

૬૧. શાસ્ત્રી, કેશવરામ (૧૯૯૪). ઇતિહાસ સંસ્કૃતિ દર્શન, પૃ. ૧૨૫.

૬૨. પરીખ, રસિકલાલ, શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૬). ગુ.રા.સાં.ઇ., સોલંકી કાલ, ગ્રંથ-૪, પૃ. ૧૪૯.

૬૩. પ્રજાપતિ, ખોડાભાઈ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). જવાંમર્દ જનક્ષત્રિય, ઊર્મિનવરચના, પૃ. ૪૯૮.

૬૪. ભટ્ટી, નાગજી (૧૯૮૭-૮૮). પાળિયા નગરી હળવદ, પથિક, પૃ. ૧૦૨.

૬૫. ચંદરવાકર, પુષ્કર (૧૯૬૯-૭૦). હળવદના સતીના પાળિયા અને દહેરીઓ, સ્વાધ્યાય, પૃ. ૨૪૦.

૬૬. એજન, પૃ. ૨૪૧.

૬૭. એજન, પૃ. ૨૪૩.

૬૮. એજન, પૃ. ૨૪૪.

૬૯. પલાણ, નરોત્તમ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ઉપરોક્ત, પૃ. ૪૨૪.

૭૦. પંચોળી, મહેશ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). એક કથા એકવીશ પાળિયા, ઊર્મિનવરચના, પૃ. ૪૫૭.

૭૧. બાપોદરા, ભરત (૨૦૧૧). અમર છે મેર ઇતિહાસમાં, ભાગ-૧, પૃ. ૩૭૦.

૭૨. દેસાઈ, શંભુપ્રસાદ (૧૯૮૪). કનડાનો કેર, પૃ. ૩.

૭૩. પાઠક, મુકુંદરાય (૧૯૮૬). નાગર સર્વસંગ્રહ, ભાગ-૧, પૃ. ૧૭૦.

૭૪. આહીર, જયંતિભાઈ (૨૦૧૨). આહીર કથામૃત, પૃ. ૧૭૫.

૭૫. ખાચર, પ્રદ્યુમ્ન (સંપા) (૨૦૦૫). કાઠિયાવાડ સર્વસંગ્રહ, પૃ. ૧૮૪.

૭૬. એજન, પૃ. ૨૬૩.

૭૭. નાયર, પી. કે. વાસુદેવન (ફેબ્રુ.-એપ્રિલ ૨૦૧૪). સેજકપુર, અતુલ્ય વારસો, પૃ. ૧૫.

૭૮. વજકાણી, જીવરાજભાઈ (૨૦૦૩). સાયલા તાલુકાના પાળિયાઓ એક ઐતિહાસિક અધ્યયન, પૃ. ૪૯.

૭૯. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૩). ભારતીય અભિલેખવિદ્યા, પૃ. ૩૬૦.

૮૦. અલગારી, દાન (ઓક્ટો.-નવે. ૧૯૭૫). હમીર વરૂની ખાંભી, ઊર્મિનવરચના, પૃ. ૫૬૬.

૮૧. યાજ્ઞિક, હસુ (સંપા) (૨૦૧૦). શ્રી જોરાવરસિંહ જાદવ અધ્યયન ગ્રંથ, પૃ. ૩૮૧.

૮૨. ત્રિવેદી, ઈન્દ્રવદન (જુલાઈ, ૧૯૭૩). મધ્યકાલીન અભિલેખો, પથિક, પૃ. ૨૫.

૮૩. પટેલ, ગીતા (જૂન, ૧૯૯૮). દેરડી કુંભાજીના પાળિયા એક વિશ્લેષણ, પથિક, પૃ. ૧૨.

૮૪. ત્રિવેદી, વિષ્ણુપ્રસાદ (ફેબ્રુ. ૧૯૯૨). અજબાઈ કે અજબાઈ ગોરાણીનો પાળિયો, પથિક, પૃ. ૧૨.

૮૫. આચાર્ય, નવીનચંદ્ર (૧૯૮૪). ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, પૃ. ૨૩૧.

૮૬. ચૌહાણ, રમેશ (૨૦૦૮). ધરમપુરનગર એક ઐતિહાસિક અધ્યયન, પૃ. ૭૬.

૮૭. મહેતા, રમણલાલ (૧૯૮૭). વિસનગર, પૃ. ૧૪.

૮૮. જોષી, જોગીદાસ (૧૯૨૪). ઈડર રાજ્યનો ઇતિહાસ, ભાગ-૧, પૃ. ૪૦૩.

૮૯. પટેલ, ગિરિશ (૧૯૯૮-૯૯). સાબરકાંઠાનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૭૫.

૯૦. પટેલ, અમૃત (એપ્રિલ, ૧૯૯૬). ઉત્તર ગુજરાતના પાળિયા, પથિક, પૃ. ૧૩.

૯૧. ગૌદાની, હરિભાઈ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ગુજરાતની પાળિયા સૃષ્ટિ, ઊર્મિનવરચના, પૃ. ૪૪૦.

૯૨. એજન, પૃ. ૪૩૭.

૯૩. જાડેજા, રાજેન્દ્રસિંહ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ચરોતરના પાળિયા, ઊર્મિનવરચના, પૃ. ૪૦૦.

૯૪. મકવાણા, જયંતકુમાર (૨૦૦૪-૨૦૦૫). અમદાવાદના સ્વાતંત્ર્ય સંગ્રામના રાષ્ટ્રીય સ્મારકો, પૃ. ૭૭.

૯૫. જોટે, રત્નમણિરાવ (૧૯૨૯). ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ. ૬૬૮.

૯૬. ગૌદાની, હરિભાઈ, ઉપરોક્ત, પૃ. ૪૩૩

૯૭. જાડેજા, રાજેન્દ્રસિંહ, ઉપરોક્ત, પૃ. ૪૦૩.

૯૮. ગૌદાની, હરિભાઈ, ઉપરોક્ત, પૃ. ૪૩૨.

૯૯. રામાનંદી, મુકુંદ (મે, ૧૯૮૮). ગુજરાતમાં સતીપ્રથા, પથિક, પૃ. ૫.

૧૦૦. આચાર્ય, અરવિંદ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). પાદરના પ્રતિહારી, ઊર્મિનવરચના, પૃ. ૪૭૨.

૧૦૧. મેઘાણી, મહેન્દ્ર (૨૦૦૮). અરધી સદીની વાચનયાત્રા, ભાગ-૧, પૃ. ૧૦૯.

૧૦૨. જાડેજા, રાજેન્દ્રસિંહ, ઉપરોક્ત, પૃ. ૪૦૪.

૧૦૩. રાતડિયા, રામ (ઓક્ટો.-નવે. ૧૯૭૫). મર્દ મેરાદાદા, ઊર્મિનવરચના, પૃ. ૪૬૦.

૧૦૪. પંડ્યા, વિષ્ણુ, ઉપરોક્ત, પૃ. ૩૦.

૧૦૫. Fischer, Eberhard, Shah, Haku (1973). Vetra ne Khambha Memorials for the Dead, p. 25.

૧૦૬. Koppar, D. H. (1971). Tribal Art of Dangs, p. 89.

૧૦૭. ગૌદાની, હરિભાઈ, ઉપરોક્ત, પૃ. ૪૩૮.

૧૦૮. પરમાર, જયમલ્લ (સંપા) (ઓક્ટો.-નવે. ૧૯૭૫). લોકજીવનના આરાધ્ય દેવો, ઊર્મનવરચના, પૃ. ૫૬૩.

૧૦૯. દીક્ષિત, યતીન્દ્ર (સંપા.) (૧૯૯૩). ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની સાલવારી, પૃ. ૧૩૫.

૧૧૦. માહલા, વલ્લભ (એપ્રિલ-મે-જૂન ૨૦૦૨). ડાંગ શિલ્પ સ્થાપ્તય એક ઝલક, પથિક, પૃ. ૩૫.

૧૧૧. શાસ્ત્રી, હરિપ્રસાદ (૧૯૭૯). ઉપરોક્ત, લેખ-૧૦૩.

૧૧૨. એજન, લેખ-૧૦૪.

૧૧૩. શેલત, ભારતીબેન (૧૯૮૩). આદિમ જાતિઓની સંસ્કૃતિઓ, પૃ. ૬૫.

૧૧૪. જાદવ, જોરાવરસિંહ (૧૯૭૬). ગુજરાતની લોકસંસ્કૃતિ, પૃ. ૬૯.

૧૧૫. જમીનદાર, રસેશ, ઉપરોક્ત, પૃ. ૪૩.

૧૧૬. જોષી, નરેન્દ્રકુમાર (૧૯૭૭). ભાતીગર ભોમકા કચ્છ, પૃ. ૧૧૬.

૧૧૭. શર્મા, ગોવર્ધન, મહેતા, ભાવના (૧૯૯૮). સંસ્કૃતિ સેતુ કચ્છ, પૃ. ૭૦.

૧૧૮. ગઢવી, શંભુદાન (૧૯૭૮). કચ્છ દર્શન, પૃ. ૧૩૬.

૧૧૯. શર્મા, ગોવર્ધન, મહેતા, ભાવના (૧૯૮૭). કચ્છ લોક અને સંસ્કૃતિ, પૃ. ૧૩૦.

૧૨૦. ભટ્ટી, નાગજી (જાન્યુ.-ફેબ્રુ. ૧૯૮૪). કચ્છના પાળિયા, પથિક, પૃ. ૧૬.

૧૨૧. ભટ્ટી, નાગજીભાઈ (જાન્યુ. ૧૯૬૯). અમારો કચ્છ પ્રવાસ, પથિક, પૃ. ૬૪.

૧૨૨. ગઢવી, શંભુદાન, ઉપરોક્ત, પૃ. ૪૩.

૧૨૩. કારાણી, દુલેરાય (ઓક્ટો.-નવે. ૧૯૭૫). ગૌધનની વહારે, ઊર્મિનવરચના, પૃ. ૪૫૫.

૧૨૪. જમીનદાર, રસેશ, ઉપરોક્ત, પૃ. ૪૯.

૧૨૫. એજન, પૃ. ૫૨.

૧૨૬. ભટ્ટી, નાગજી (૧૯૮૭). કચ્છનો સાંસ્કૃતિક વારસો પાળિયા, પૃ. ૫૮.